

ઝૂલ રે હાથી ઝૂલ, તારી સૂંઢમાં કમળફૂલ
ચિત્રકાર · દેવજીભાઈ વાજા

કુમાર

તંત્રી
બચુભાઈ
રાવત

સપ્ટેમ્બર ૧૯૫૮ · અંક ૪૧૭

સંસ્થાપક · રવિશંકર રાવળ



સીવરીનો સાગરકાંઠો (મુંબાઇ)

કલાકાર · સી. નરેન



કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો



અંક ૪૧૬: પૃ. ૨૯૯ પરના ફોટોગ્રાફમાં માદામ સુનચાત સેનની બાજુમાં કવિ હરીન્દ્રનાથ નથી, પણ છે તે મારા બહુ સારા મિત્ર, 'સિરાજુદ્દૌલા' નાટકના કર્તા, નાટકકાર સચીન સેનગુપ્ત છે.

(વડોદરા) —ચન્દ્રવદન મહેતા

ચંડીગઢ વિશેનો લેખ રસપ્રદ છે છતાં વિશેષ વિગતની અપેક્ષા, જિજ્ઞાસુને રહે જ. ૨૬૮ પાના પરની નાની છબિમાં એક બાળક ઈંટ-જાળી પાસે ઊભેલું જણાય છે. એના ભાલ સુધી માત્ર બે જ ઊભી ઈંટ ગણી શકાય છે. તો પ્રશ્ન એ થાય છે કે એ ઈંટનું માપ કેવડું છે? કેમકે, આપણે ત્યાં વપરાતી ઈંટો પ્રમાણમાં નાની હોય છે. વળી માટીની પકવેલી ઈંટ એટલા મોટા માપની હોય તો બરાબર પાકે કે કેમ? કદાચ એ ઈંટ સિમેંટની, બીબાંઢાળ હોય. તો પ્રશ્ન એ થાય કે તેના બંધારણમાં લોખંડના સળિયાનો ઉપયોગ થયો છે કે કેમ? ન થયો હોય તો, તે પૂરતી મજબૂત છે?

ઈંટ-જાળીની ડિઝાઈનોની એક નાની ચોપડી જ થઈ જાય એમ કહેવાયું છે, ત્યારે એવી ડિઝાઇનો યોગ્ય માપના ચિત્ર સાથે, સ્કેઈલ સાથે, હોય તો વધુ સારું. હવે અપાય તો મારા જેવો લુખ્ખો તો નહિ, પણ જંઈવાળા પ્રયોગપ્રેમી ઘર બાંધતાં અખતરો તો કરી શકે!

આપણે ત્યાં મકાનોમાં હવાઉજાસ માટે સિમેંટનાં, ડિઝાઈનવાળાં ચોકઠાં, કે ગોળાકાર, નાખવામાં આવે છે; અગાસીનો કઠેડો પણ થાય છે. એ મોલ્ડમાં લોખંડના સળિયાનું જાળુ કરી, સિમેંટ કૉંક્રીટ નાખી બનાવાય છે. તેને સ્થાને, ચંડીગઢની ઈંટ-જાળીનો ફોડ પડે તો તેનો ચાલ, વધારે સુગમ (સસ્તું હોય તો) પડે ખરો.

અહીં (ગિરિતળેટીમાં), આંબાવાડિયાંઓની આસપાસ બારેબારે સરુનાં વૃક્ષો ઉછેરવામાં આવ્યાં છે. તેનું કારણ શોધતાં ખબર પડી કે તે માત્ર શોભા ખાતર નથી. આંબો બટકણો રહ્યો અને ડુંગરની તળેટી રહી, તેથી જોરદાર વાયરો વારંવાર ફૂંકાય તેનાથી સરુ વૃક્ષો આંબાઓનું રક્ષણ કરે છે, વાયુને આંતરીને ધીરેધીરે જવા દે છે.

ચંડીગઢ ડુંગર-તળેટીમાં જ છે. ત્યાં રોપવામાં આવેલાં કે આવનારાં વૃક્ષો મુખ્યત્વે શેનાં છે? સન બ્રેકર પદ્ધતિને ઉપલી વાયુ-રોક પદ્ધતિ વચ્ચે કોઈ મળતાપણું ખરું?

અને છેલ્લે; પી. ડબ્લ્યુ. ડી.ના ખર્ચધોરણ કરતાં ચંડીગઢનાં મકાનોનું બાંધકામનું ઘનફૂટે ખર્ચ કેટલા ટકા ઓછું-વત્તું? સિમેંટ-કૉંક્રીટના મકાનના પ્રમાણમાં ચંડીગઢનાં મકાનોમાં ૧૦૦ ઘનફૂટે લોખંડનો વપરાશ કેટલો ઓછો? કેમકે, આજે લોખંડની ભારે તાણ છે; એટલી સિમેંટની નથી.

ચંડીગઢનાં કુલ મકાનોમાં સરકારી કેટલા ટકા ને ખાનગી કેટલા ટકા? ત્યાંના બાંધકામમાં સરેરાશ કેટલા મજૂરોએ (દરરોજ) કામ કર્યું? ઈંટ જો માટીની હોય તો, એ બાંધકામ ખાતાએ ખાસ તૈયાર કરેલી-કરાવેલી?

'કુમાર'ના વાચકોને આ પ્રશ્નોના જવાબો, મારી પેઠે જ, રસપ્રદ નીવડવા સંભવ છે.

(જૂનાગઢ) —રતિલાલ 'અનિલ'

અંક ૪૧૪માં 'કબજિયાત' લેખના અંતે ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી, 'પગ ઊંચકવા' નામના આસનમાં જણાવે છે કે વ્યક્તિએ પગ ઊંચકતી વખતે શ્વાસ બહાર કાઢવો અને પગ નીચા મૂકતી વખતે શ્વાસ અંદર લેવો જોઇએ. પણ શ્વાસનું બહાર જવું અને પગ ઊંચા થવા એ શક્ય નથી; અને જો શક્ય હોય તો ખૂબ જ કઠિન છે; જ્યારે ડૉ. ત્રિવેદી આપણને સાદા વ્યાયામો સમજાવે છે. મારા મત મુજબ વ્યક્તિએ પગ ઊંચકતી વેળાએ શ્વાસ લેવો જોઇએ અને પગ નીચે મૂકતી વખતે શ્વાસ બહાર કાઢવો જોઈએ.

(ઘાટકોપર) —જિતેન્દ્ર મહેતા

[*આંતરડાંમાં મલાવરોધને દૂર કરવા પેટની કસરતો સહાયકર્તા છે એટલે પગ ઊંચકતી વખતે શ્વાસ બહાર કાઢવાની કસરત કરવાથી આંતરડાં દબાય છે અને મળ નીચે ધકેલાય છે. શ્વાસ બહાર કાઢતી વખતે ઉદરપટલ નીચો પડે છે અને તે આંતરડાં ઉપર દબાણ ઉપજાવે છે, જ્યારે પગ ઊંચા કરતી વેળા પેટની માંસપેશીઓ સંકોચાઈ આંતરડાં ઉપર દબાણ કરે છે. આમ, આ કસરતથી આંતરડાં ઉપર બેવડું દબાણ થવાથી મળત્યાગની ક્રિયામાં સરળતા થવાથી બંધકોષ દૂર થાય છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી]

જુલાઇ અંકમાં ટિકિટસંગ્રહ વિભાગમાં વેસ્ટ ઈન્ડીઝના ડોમીનીકાની ટિકિટ આપી છે. ડોમીનીકા હમણાંસુધી બ્રિટનનું સંસ્થાન હતું, હવે બ્રિટિશ વેસ્ટ ઈન્ડીઝ ફેડરેશનમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો તેથી પ્રજાસત્તાક નથી. મારા સમજવા પ્રમાણે તમે જેને પ્રજાસત્તાક માનો છો તે છે 'ડોમીનીકાના'. તેની કેટલીક ટિકિટો સાથેનું કવર મોકલું છું. ત્યાં સ્પૅનિશ ભાષા બોલાય છે અને પ્રજાસત્તાક છે. મુખ્ય શહેરનું નામ સીઆડાડ ત્રુજીલો Ciadad Trujillo છે.



(મુંબઇ) —જગમોહન મહેતા

જૂન અંકમાં 'ડગ ભરો' કાવ્યમાં બીજી કડી આ પ્રમાણે છે: 'એમ જો ના કરો, કેસરીનું ભરો; કૈંક પગલાં પૂંઠે આવશે દોડતાં.'

સામાન્યરીતે કેસરીનાં પગલાં વિષે એમ કહેવાય છે કે તે પગલાં પાછળ જવાની હિંમત કોઈ ભાગ્યે કરે. આ લીટીઓ પ્રચલિત છે:

'જે મારગ કેસરી ગયો, રજ લાગી તરણાંય;
તે ખડ ઊભાં સૂકશે, નહીં ચાખે હરણાંય.

કેસરીના પગલા પાછળ જવાનું આકર્ષણ કોઈ બીજી રીતે ઘટતું હોય તો તે સમજવા માટે આ લખ્યું છે.

(બાલંભા) —ન. શા. ત્રિવેદી

[*ઉપર કહેલા પ્રચલિત દુહામાં કેસરીના ડારક વ્યક્તિત્વની છાપ છે; પણ નવા યુગનો પ્રબોધ તો કોઈથી નહિ ડરવાનો અને નરકેસરીનું અનુકરણ કરવાનો છે, જે ઉપર્યુક્ત કાવ્યમાં નિરૂપ્યું છે.]

વરસાદની આગાહી બાબતની એક લોકોક્તિ મોકલાવું છું.

એકે ચારે અરધો (દુ)કાળ,
બે ત્રણે સરખો સુકાળ;
પાંચે પવન ઘણો ફૂંકાય,
છએ વરસે ઘણું, પણ નીપજે થોડું.

જે સંવત ચાલતો હોય તેને પહેલાં ત્રણે ગુણવા. જે ગુણાકાર આવે તેની પછી ૫ મૂકવા કે લખવા. અને તે પછી જે રકમ થાય તેને ૭થી ભાગવા. (હવે, ઉપરની ઉક્તિ પ્રમાણે) જો શેષમાં એક કે ચાર વધે તો અરધો દુકાળ પડે. જો શેષ બે કે ત્રણ વધે તો સારું વરસ થાય...' તે પ્રમાણે.

દાખલા તરીકે સં. ૨૦૧૪નું વરસ કચ્છી સંવતના હિસાબે અરધો દુકાળ હતો. ૨૦૧૪ × ૩ = ૬૦૪૨/૫ = ૬૦૪૨૫ ÷ ૭ તો શેષ ૧.

(ભુજ) —રૂપેન્દ્રરાય મિ. વૈદ્ય

મારું ઘર

· સ્રગ્ધરા ·

ખુલ્લાં આ ખેતરોની ઉગમણી ગમ જે દૂર દેખાય કુંજ
એમાં અશ્વત્થ-ટોચે ફરકત ધ્વજ ત્યાં બાજુમાં લાલ નેવે
છાએલું, સ્વર્ણ તેજે અનુપમ સુષમાનો ધરી સાન્ધ્ય રંગ,
જેની મેડીની બારી અહિં લગી નજરૂં ઢાળતી રે' સનેહે,

તે મારું કાળ-જૂનું ભવન; નિખિલ આ કેન્દ્રથી વિસ્તરેલું:
એની સર્વત્ર, જ્યાંજ્યાં અતિ સુજ ત્યહિં, રેલાય છાયા અદીઠ.
ક્ષેત્રે સંકલ્પ કેરાં અબણિત કંઇ જે બીજ વેરેલ તેનું
ફૉળેલું સ્વપ્ન જાણે અનિમિષ દગ માંડી નિહાળે વ્યતીત!

ને આંહીં સૂર્ય, ઝંઝા, જલ, જીવ, વનના ફાલનો જે અનંત
મેળો જોમેલ તેના ઋતુ સમ રમતા નિત્ય કોલાહલે ય
એનો ગુંજંત ઝીલું અરવ શ્રુતિ તણો અંતરે શાન્તિમંત્ર,
જેના આનંદછંદે મન સુજ અનુસંધાનમાં રે' સદૈવ.

હાવાં ગોધૂલિ-વેલા: દ્રુત દ્રુત રવ-દોણી ધરે દૂધ-સેર;
ચાલો એ ઘેર, ઘેલા પવનની અડતી અંગને ઠંડી લહેર!

રાજેન્દ્ર શાહ

ફરી પાછાં

· ગાન ·

વરસે ફોરાં, આજ ફરી પાછાં વરસે ફોરાં,
આજ પ્રિયે! પાછાં વરસે ફોરાં,
જેમ વિદાયની વેળ ઝર્યાં'તાં નેણ તારાં બે શામળાં-ગોરાં.
આજ ફરી પાછાં વરસે ફોરાં.

કંઠને ભીડી બાથ તારા હાથ વળગ્યા'તા, ભોળી!
ને પગ નીચેની ધૂળમાં કેવી બેઠી હતી તું નેણવાં ઢોળી!
સૌરભભીની રેણુ ને આપણ ભીંજતાં'તાં બે ય કાળજે-કોરાં.
આજ ફરી પાછાં વરસે ફોરાં.

ઢળુંઢળું તારી પાંપણો જેવી આખરી ટીપું ખાળતાં ચૂકી,
નખરાળી ત્યાં એક સૂકી લટ ઉપરથી જાણે ઝીલવા ઝૂકી!
મૌનનાં ગાણાં ગાઈ થાકેલા હોઠ તારા જ્યાં ઊઘડયા કે
મેં હળવે કેવા પી લીધા'તા વેણ-કટોરા!
આજ ફરી પાછાં વરસે ફોરાં.

મનને મારે ઓરડે આજે ય ચૂવતી જાણે આંખડી તારી,
(ને) ધીમેધીમે જાણે વચલી વેળની ધૂળ ધોવાતી જાય અકારી:
આપણો મેળ એ નેહને નાતે
વેણ ઠાલાં શીદ વાપરી કે'વું—આવજો ઓરાં!

ગુલામ મોહમ્મદ શેખ

લાશ બદલે છે!

· કત્અ ·

ઋતુ, ઋતુએ ધરે છે નવી નવી આશા,
મરી જો જાય છે તો નિત્ય આશ બદલે છે!
તરંગી માનવીના આ હૃદયને શું કહેવું?
કબર તો એ જ રહે છે ને લાશ બદલે છે!

રતિલાલ 'અનિલ'

છેલ્લું ગીત

· મિશ્ર ·

તો ગાઈ લે છેલ્લું હવે તું ગીત.
પૂરી થવા આવી મિલાપ-રાત;
જો, તારલા રહીસહી કરી સાથ વાત
પ્રકાશની ઓથ મહીં લપાયા!
બાજી ઊઠી ઝાલર, ગાજી ભૈરવી
ઉન્મુક્ત કંઠે ઊલટે—સુદૂર...
પ્રાચીનું મ્હોં યે થતું શું હસુંહસું!
મારે ય પન્થ અતિ દીર્ઘ વટાવવાનો,
ના નિશ્ચિતે સમય વાપસ આવવાનો.
—તો ગાઈ લે, નેણ ભર્યાભર્યાં છે;
ને મંજુ શબ્દે શ્રુતિ યે ભરી લઉં:
થાકયા હિયાનો અવ એ જ આશરો.

હેમન્ત દેસાઇ

પત્તું

· ખંડિત હરિગીત ·

કોરું કકડતું પત્તું હું ચીતરી ચૂકયો છું—
બેચાર બોદા શબ્દ,
સરવાળા,
કશી કૈં બાદબાકી,
કયાંકથી આવી ચડેલી ગીતની લીટી,
ધોબીનાં કપડાં—
હવે જે જોઇને ચીતરી ચડે.

કોરું કકડતું એ જ પત્તું
આજ સામે હોય તો?
—પણ હવે ચીતરી ચૂકયો છું....

દિનેશ કોઠારી

કવન કરવું પડશે

· ગઝલ ·

જીવનમાં ઘણું યે સહન કરવું પડશે.
પ્રફુલ્લિત છતાં યે આ મન કરવું પડશે.

અમે પણ ઝળકશું સિતારા બનીને.
ઝમાનાએ બેશક નમન કરવું પડશે.

ખબર નો'તી પરવશ બનીને અમારે
રે, વેરાન દિલનું ચમન કરવું પડશે.

હકીકત કહું છું, કવન કરતાં પ્હેલાં
કવિ! નિજ જીવનને કવન કરવું પડશે.

અધર પર ખુશી ને નયન અશ્રુભીનાં
શું હસતાં જ હસતાં રુદન કરવું પડશે?

જીવન જીવવા 'રાઝ' ફક્ત આ વતન શું
પણ આખા જગતને વતન કરવું પડશે.

સૈયદ 'રાઝ'



વિજ્ઞાનના જ્યોતિર્ધરો (૧)
મધ્યયુગનો કીમિયાગર

બર્નાર્ડ ટ્રેવીસન

એ નામ યાદ કરતાં જ એક અંધારા કાતરિયામાં ભઠ્ઠીઓ, રિટોર્ટ તથા મૂષા (ક્રુસિબલ) વચ્ચે, કેડમાંથી વાંકો વળી ગએલો, ગંદાં કપડાં તથા અસ્તવ્યસ્ત વાળ અને દાઢીવાળો એક વૃદ્ધ નજર સામે તરી આવે છે. ઘડીમાં તે ઊકળતા પાણીના મોટા તાવડામાં બે હજાર ઈંડાં ફોડીને નાખતો જણાય છે, તો બીજી ઘડીએ તેમાંથી છૂટી પડેલી ઇંડાંની સફેદી દૂર કરતો જણાય છે. આ પ્રવાહીમાં સફેદ ઘોડાઓની લાદ ઉમેરી તેનું નિસ્યંદન કરતા ને તેમાંથી સફેદ પ્રવાહી પદાર્થ તથા રાતો તૈલી પદાર્થ કાળજીથી એકઠો કરતા આ વૃદ્ધને આટલી ઉમરે આટલી આકરી મહેનત કરતો જોઈ અનુકંપા પ્રકટે છે; કેમકે આઠ આઠ વર્ષ સુધી આ રીતે મેળવેલા પ્રવાહીનું વારંવાર નિસ્યંદન કરીને કુતૂહલપૂર્વક, તેમાંથી 'પારસમણિ' બન્યો કે નહિ તે પોતાના સાથીદાર જોડે ચકાસતાં તેને નિષ્ફળતા તથા નિરાશા જ સાંપડે છે. પ્રવાહીનાં થોડાં ટીપાં તે જુદીજુદી ધાતુઓ પર નાખી જુએ છે. અને પરિણામ? આ આઠ વર્ષની મહેનત અફળ ગઇ જણાઇ છે!

મધ્યકાલીન યુગના કીમિયાગરોની 'પારસમણિ' શોધવાની આ મહેચ્છા, તે માટેનો તેમનો ઉદ્યમ તથા ધીરજ અને અંતે એમને મળતી રહેલી નિષ્ફળતાની પાછળ જે કાળજાતૂટ પરિશ્રમ અને યાતનાઓ રહેલાં છે તે આજના વિજ્ઞાને મેળવેલી સિદ્ધિઓનો મીઠી વેદનાઓ ભર્યો પ્રસૂતિકાળ જ હતો એમ કહીએ તો ખોટું નથી.

ઈસુનું ૧૪૦૬મું વર્ષ હતું. ઇટલીના પાહુઆ શહેરમાં આ મહામાનવનો જન્મ થયો. બાળપણથી જ વડીલો પાસેથી સોનું બનાવવાના કીમિયા વિષે એટએટલી અદ્દભુત ને રોમાંચક વાતો તે સાંભળતો રહ્યો કે પોતે મોટા થઈને બસ એ પારસમણિની જ શોધ કરવી એવો એણે મનોમન નિરધાર કરી લીધો.

આ તમન્નાથી ભરેલા હૃદયે તેણે ચૌદ વર્ષની ઉમરે પહોંચતાં સુધીમાં તો એ જમાનાનું પ્રચલિત બધું જ સામાન્ય જ્ઞાન મેળવી લીધું અને પછી સોનું બનાવવાના કીમિયા પાછળ ખાઈપીને મચ્યો. માબાપે પોતાના આવા તેજસ્વી પુત્રની આ અદમ્ય ઝંખના જોઈ તેને પોતાને રસ્તે જવાની સગવડ કરી આપી. પણ વર્ષો સુધી તેની મહેનત ઉપરાઉપર અફળ જ પુરવાર થતી ગઈ. છેવટે માબાપે તેના પ્રયોગોને ધૂન સમજી મન વાળ્યું.

ઇંડાં સાથેના પ્રયોગની ઉપર્યુક્ત નિષ્ફળતા જેવી તો અનેક નિષ્ફળતાઓ શરૂઆતમાં જ એને મળે છે, છતાં ટ્રેવીસન નિરાશ બનતો નથી. ઊલટો એ તો ગાંઠ વાળે છે કે કુદરતીરીતે જે સોનું મળી આવે છે તેને હું કુદરતના નિયમો અનુસાર પ્રયોગશાળામાં બનાવીને જ જંપીશ.

જિંદગીનાં બીજાં દસ વર્ષ બર્નાર્ડ ટ્રેવીસન તે જમાનાના પ્રસિદ્ધ કીમિયાગરો રૂહેઝ તથા ગેબર (જબીર ઈબ્ન હૈયાન)ના હાથ નીચે શિક્ષણ લેતો તથા કામ કરતો જણાય છે. એકેએક જાણીતા ખનિજનું તથા લવણનું—એક વાર નહિ પરંતુ સેંકડો વખત—તે સ્ફટિકપાતન કરી જુએ છે. ઔષધિમાં વપરાતા નાના છોડવા, ફૂલો, છાણ, માંસ તથા મળ દરેક પદાર્થનું શુદ્ધીકરણ કરી જોતો ટ્રેવીસન આપણી આધુનિક નજરે કદાચ મૂર્ખ જણાતો હોય, પણ વૈજ્ઞાનિકની જે અપ્રતિહત ધીરજ તથા અવિશ્રાંત ખંત તેણે જીવનભર દાખવ્યાં તે તો વિજ્ઞાનના ઇતિહાસમાં અજોડ રહ્યાં છે.

ટ્રેવીસનની વિચારસરણી એ હતી કે ઈશ્વરની સંપૂર્ણ રચના તે પશુઓમાં જેમ 'માનવ', તેમ ધાતુઓમાં 'સોનું' છે, તો એ બંને વચ્ચે કોઇ સંબંધ રહેલો હોવો જોઈએ. આથી એ પછીનાં બાર વર્ષ સુધી માનવ-શરીરનાં લોહી તથા મૂત્ર સાથે તે પ્રયોગો કરતો જણાય છે! બાપીકી મૂડી ખર્ચાઇ ગઈ છે; ચારે બાજુ એકઠા થએલા અસંખ્ય ધુતારાઓ છેહ દઇ તેને છોડી ગયા છે અને એકલોઅટૂલો આ મહામાનવ જાણેકે કુદરતને પડકારી રહ્યો હોય તેમ નિશ્ચલ ઊભો છે.

ફરી, એક પાદરીની સહાયથી તેની સાથે ફરીને તે પ્રયોગો શરૂ કરે છે. દારૂનું ત્રીસ વાર નિસ્યંદન કરીને પરિણામે મળેલું પ્રવાહી 'પારસમણિ' બન્યું કે નહિ તેની કસોટી કરતાં તે નિષ્ફળ પુરવાર થાય છે! આવી અનેક નિષ્ફળતાઓ મળ્યા છતાં આ વિજ્ઞાનવીરના હૃદયમાં જલી રહેલી શોધની જ્વાળા જરાયે મંદ થતી નથી. ફરીને અંધારા ઓરડામાં પ્રયોગશાળા બનાવી નિસ્યંદન, સ્ફટિકપાતન, ઊર્ધ્વપાતન, શુદ્ધીકરણ વગેરે ક્રિયાઓમાં તેની જિંદગીનાં બીજાં પંદર વર્ષ તેને ગાળતો જોઇને આપણે નર્યા આશ્ચર્યથી દંગ થઇ જઈએ છીએ.

હવે મૃત્યુ તેના પ્રિય સાથીદાર પાદરીને ઝૂંટવી લઇને ફરી તેને પડકારે છે. એવામાં તેને ટ્રીવ શહેરનો મૅજિસ્ટ્રેટ એક મોભા મિત્ર ને સાથીદાર તરીકે મળી આવે છે, અને તેની પ્રેરણાથી સમુદ્રમાંથી કદાચ પારસમણિનું રહસ્ય મળશે એમ માનીને સમુદ્રમાંથી નીકળતા દરેક પદાર્થને શુદ્ધ કરતો ને કસોટીએ ચડાવતો તે બીજું એક વર્ષ ગાળે છે.

હવે બર્નાર્ડ બીજી રીતે વિચારે છે. સૂર્ય એ આદિકાળથી જીવન-

સ્રોત ગણાય છે. પૃથ્વીના પડમાં રહેલી ધાતુઓ ઉપર સૂર્યકિરણોને લીધે પ્રક્રિયા થઈને તો સોનું નહિ બનતું હોય, તેવો સવાલ તેને જાગે છે. કોઇ વિશિષ્ટ વનસ્પતિના રસ ઉપર સૂર્યનાં કિરણો પડવાથી જ કદાચ તે સોનું બની જતી હોય એમ એ માનવા લાગે છે (આપણાં પૌરાણિક હિન્દુ શાસ્ત્રોમાં પણ આ કલ્પના જાણીતી છે); એટલે, પછીનાં પાંચ વર્ષ સુધી તે સૂર્યકિરણો દ્વારા જ પોતાના પ્રયોગો કરતો જણાય છે.

હવે તો બર્નાર્ડ ટ્રેવીસન પચાસ વર્ષે પહોંચ્યો છે, પરંતુ તેનો ઉત્સાહ લેશ પણ ઘટ્યો નથી. બચેલી રહીસહી મૂડી લઇને તે સાચા કીમિયાગરોની શોધમાં દેશવિદેશ રઝળવા નીકળી પડે છે. જર્મની, સ્પેન ને ફ્રાન્સ તેના પગ નીચેથી નીકળી ગયાં છે. ફ્રાન્સમાં તેણે સાંભળ્યું કે હેન્રી નામના કીમિયાગરને 'પારસમણિ'નું રહસ્ય લાધ્યું છે; એટલે એકદમ વીએના જઇને હેન્રીને મળે છે ને બંનેનાં સમાન શીલ તથા વ્યસનને લીધે તેમની વચ્ચે અતૂટ મૈત્રી બંધાય છે. હેન્રી પ્રયોગ કરી બતાવવા તૈયાર થાય છે. કાચના એક બંધ વાસણમાં હેન્રી ગંધકનો નાનો ટુકડો, થોડોક પારો તથા થોડાક તાંબા તથા ચાંદીના સિક્કા નાખી, એ પાત્રને અગ્નિમાં ભારી ગરમ કરે છે. કેટલાક સમય બાદ એ પાત્ર તોડી તેમાંથી નીકળેલા સિક્કાઓ સુવર્ણમય બની ગયા કે નહિ તે આતુરતાથી બંને મિત્રો ખોળે છે. પરંતુ ફરી નિષ્ફળતા! હેન્રી મૂંઝવણમાં મુકાઇ જાય છે. પ્રયોગ સદંતર નિષ્ફળ સાબિત થાય છે.

હતાશ બનેલો ટ્રેવીસન હવે પૂર્વના દેશો તરફ નજર નાખે છે. ચાર વર્ષ સુધી તે સાઈપ્રસ, ગ્રીસ, ઇજિપ્ત, પૅલેસ્ટાઈન, ઇરાન તથા તુર્કીમાં ઘૂમે છે. તેની ઉંમર હવે બાસઠ વર્ષની તો થઈ ગઇ છે છતાં જિંદગીભરનું સ્વપ્ન તેનું હજી અધૂરું જ રહ્યું છે.

અચાનક તેને એક પાદરીની મુલાકાત થાય છે. આ પાદરી તેને ઝાંખાં પડી ગએલાં અને મેલાં થઈ ગએલાં મોતીને શુદ્ધ કરવાનો કીમિયો શીખવે છે. તેથી બર્નાર્ડને તેનામાં શ્રદ્ધા જાગે છે ને તેની સાથે ફરીથી તે 'પારસમણિ'ની શોધમાં પ્રવૃત્ત બને છે. સખ્ત પરિશ્રમ, વૃદ્ધાવસ્થા ને નિષ્ફળતાએ હવે તેને ભાંગી નાખ્યો છે ને મિત્ર વિહોણો, નિર્ધન, મન તથા શરીરથી ઘસાઈ ગએલો ટ્રેવીસન પોતાની માતૃભૂમિ ઇટાલી પહોંચવા ઝંખે છે. છતાં તેનામાં જલી રહેલી પારસમણિ શોધવાની દુર્દમ્ય મહેચ્છા તેને રૂહોડ્સ ટાપુમાં એક વર્ષ રોકી રાખે છે. અંતે તે સ્વદેશ પાછો ફરે છે. પારસમણિ પાછળ સાઠ વર્ષ તે ગાળી ચૂક્યો છે, છતાં નિષ્ફળતાએ તેનો કેડો મૂક્યો નથી.

હવે તેનું ધ્યાન જૂના દાર્શનિકો તરફ વળે છે અને તેઓનાં પુસ્તકોનો અભ્યાસ કરવા એ વૃદ્ધ ને જર્જરિત ટ્રેવીસન બેસી જાય છે. દસ વર્ષ સુધી તે એકેએક દાર્શનિકનાં પુસ્તકોનાં પાનાંની એકેએક લીટી, એકેએક શબ્દ ધ્યાનથી વાંચે છે, વિચારે છે ને મનન કરે છે. આ રીતે વાંચતાં વિચારતાં જ આ મહામાનવ એક દિવસ ચિરનિદ્રામાં પોઢી જાય છે! એ હતું ઇસુનું ૧૪૯૦મું વર્ષ.

આમ, મધ્યકાલીન યુગના એક મહાસમર્થ મહામાનવનું જીવન એક અદમ્ય મહેચ્છા પાછળ નિષ્ફળતાઓનો સામનો કરતું કરતું જે પ્રગશ, ઉત્સાહ તથા પરિશ્રમ ખર્ચતું ખર્ચતું ખતમ થઇ જાય છે તે વૈજ્ઞાનિક શહીદીનું એક જ્વલંત અને અપ્રતિમ ઉદાહરણ પૂરું પાડે છે.

જગદીશ ત્રિવેદી

શરીર મન અને જ્ઞાનતંતુઓ ત્રણેને **યોગાસનો** સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામપદ્ધતિ

પાકટ વય થયા પછી અને વ્યવહારુ ડહાપણ આવ્યા પછી માણસ ઘણી વાર વિચારે છે: આવું ડહાપણ પહેલાં હોત તો મારું જીવન મેં જુદી રીતે જ ગાળ્યું હોત. અમુક અમુક ભૂલો તો મેં ન જ કરી હોત. હવે શું થાય? હવે તો શરીર અશક્ત થઈ ગયું છે અને બધું નવે નામે શરૂ કરવાનો ઉત્સાહે નથી! જુવાનીના જોમમાં અને ઉત્સાહમાં ઘણાં કામ એવાં થઈ જાય છે, જે માણસ અમુક પ્રકારની સ્થિરતા આવી ગયા પછી ન જ કરે, અને **जानामि धर्मं न च मे प्रवृत्तिः** એવું કહેવાનો એને વારો આવે જ નહિ; પણ એ વયની ચંચલતા જ એવી હોય છે જે એને શાંત થતો અટકાવે છે અને ઘણું ન કરવાનું એની પાસે કરાવે છે.

પરિણામે સંસારમાં કરવા જેવું કામ ન કરી શકનાર ઘરડા માણસો, ને ન કરવા જેવું કામ કરનાર જુવાનો ઊભરાય છે ને એક પ્રકારનો વ્યાપક અસંતોષ ને ઉકળાટ વાતાવરણમાં દેખાય છે.

આ સ્થિતિમાંથી નીકળવાની કોઈ યુક્તિ છે? ચીવટપૂર્વક યોગાસનોનો અભ્યાસ એ એક જ એને માટેનો રામબાણ ઉપાય છે.

૯ : તોલાંગુલાસન

આખું શરીર આંગળીઓ ઉપર તોળાય છે–ત્રાજવાની જેમ ઊંચકાય છે, એટલે આ આસનને તોલાંગુલાસન કહે છે.



બંને પગ લાંબા કરીને પાથરણા પર બેસો. હવે જમણા પગને વાળીને એની પાની, જાંઘનું હાડકું અને કમરનો ભાગ જ્યાં મળે છે તે ખૂણામાં આવે એવી રીતે મૂકો. પછી ડાબા પગને વાળીને એને પણ એ જ પ્રમાણે એટલેકે બંને પાનીઓ એક બીજીને ડૂંટીની નીચે લગભગ ચાર આંગળને અંતરે મળે એવી રીતે ગોઠવો. આ, આસનનો પહેલો તબક્કો થયો.

હવે પગને એમ જ પદ્માસનની જેમ રહેવા દઈ આસન ઉપર ધીમેધીમે ચત્તા સૂઈ જાઓ. પલાંઠી ઊઘડી ન જાય એની ખાસ કાળજી રાખો. પીઠ તથા માથાનો પાછલો ભાગ બરાબર જમીનને અડકે, અને પગ ઢીંચણમાંથી ઊંચા ન થઈ જાય, તથા હાથ બંને બાજુએ લાંબા રહે એવી રીતે સૂઓ એટલે આસનનો બીજો તબક્કો પૂરો થશે.

ત્રીજો તબક્કો મુશ્કેલ છે, પણ ધીમેધીમે અને ખંતથી કરશો તો મુશ્કેલી નહિ પડે. પહેલાં હાથનાં આંગળાંની મુઠ્ઠીઓ વાળો અને એ મુઠ્ઠીઓને કેડની નીચે સરકાવો. જમણી મુઠ્ઠી જમણા ઢગરા નીચે ને ડાબી ડાબા નીચે ગોઠવો. વાળેલી આંગળીઓનો ભાગ શરીરને અડકે એ રીતે મુઠ્ઠીઓ રાખવાની છે. હવે ધીમે રહીને એ બે મુઠ્ઠીઓ ઉપર આખા શરીરને ઊંચું કરો. પેટના સ્નાયુઓ ખેંચાઇને તંગ થાય એટલી હદે જ પગ તથા ધડના ભાગને એકબીજાની સામે આવે એમ વાળો અને સ્થિર ત્રાજવાની જેમ શરીરને ઊંચકાએલું રાખો. એટલે તોલાંગુલાસન થશે.

આ આસન શરૂઆતમાં પાંચ સેકંડ રાખવું અને બેએક વાર કરવું. ધીમે ધીમે ૧૫ સેકંડ સુધી રાખવાનું છે. આનાથી પેટના રોગો નાશ પામે છે, બંધકોષ તથા મરડો મટે છે, પાચક અવયવો મજબૂત થાય છે અને શરીર એકંદરે સુદૃઢ બને છે.

હૃદય કે ફેફસાં નબળાં હોય, બરોળ વધેલી હોય અથવા પેટમાં ચાંદી હોય એવા માણસોએ આ આસન કદી કરવું નહિ.

—હાસુભાઈ શુક્લ

રેડિયોનાટિકા

લેખક • પ્રા. હસિત બૂચ

લાયક મળે તો..



સ્થળ : કાન્તાબહેનના ઘરનું દીવાનખાનું. આજે ખાસ સજાવટ કરી જણાય છે. સોફાસેટ ઉપરાંત બેચાર સાદી ખુરશીઓ ને વચ્ચેના મેજ પર ફૂલદાની દેખાય છે. સામી ભીંતે કાન્તાબહેનનાં બાબાપુની છબિઓ જોડાજોડ, હાર પહેરાવેલી, ઊંચે; એ બેની પડખે સહેજ નીચેના ભાગમાં એક કાન્તાબહેન અને તેમના સ્વર્ગસ્થ પતિની, અને બીજી કાન્તાબહેનની નાની કૉલેજિયન બહેન મંદાકિનીની છબિ પણ છે. સામી ભીંતને અઢેલીને રેડિયોનું આકર્ષક કબાટ છે. સમગ્ર ખંડમાં સાદી કલાત્મક સુરુચિનું વાતાવરણ છે.

સમય : ખૂણાના મેજ પરની ઘડિયાળમાં સાંજના સાડા પાંચ પર થોડી મિનિટ થઈ છે.

[પડદો ખૂલે છે ત્યારે મંદાકિની કોઇક સામયિકનાં પૃષ્ઠ ફેરવતી રેડિયોની બાજુની સોફાખુરશી પર આરામથી બેઠી છે. રેડિયો પર પૂર્વીની સૂરરમણા સિતાર પર ચાલુ છે. થોડી વારે બહારની વિદ્યુત્‌ઘંટડી વાગે છે.]

મંદાકિની : (ઊભી થઇને) એ... ઉઘાડું છું, (એકાદ મિનિટમાં પાછી ફરતાં) મોટીબહેન, હું રાહ જ જોતી હતી.

કાન્તા : (પ્રવેશતાં) સેવાશ્રમમાં રોકાઈ જવું પડ્યું. એક બસ મોડી થઈ! જમનાએ ને તેં બધું તૈયાર તો કરી રાખ્યું છે ને?

મંદાકિની : હા, પણ ફ્રૂટસૅલૅડ તો તમે જ બનાવશો ને? અમારે હાથે બરાબર ન થાય.

કાન્તા : (હસીને) એમ કેમ ચાલશે હવે? તારે સાસરે ઓછી હું બનાવવા આવીશ?

મંદાકિની : (ખોટી રીસ બતાવતી) તમે ય શું, મોટીબેન! જમના ક્યારની પજવતી'તી; ને હવે તમે! (ફરી ઘંટડીનો રણકો થાય છે.)

કાન્તા : તારી બેનપણીઓ આવી લાગે છે!

મંદાકિની : ટાઈમ તો છનો આપ્યો છે! એવી હરખપદૂડી છે એ બધી!

(ફરી ઘંટડીનો તીવ્ર અવાજ.)

કાન્તા : બોલાવ્યાં છે તો આવે છે ને? (મંદાકિની જઇને પાછી ફરે છે. સાથે મિસ કાપડિયા છે. બૉબ્ડ વાળ, ચપળ નજર, લાલપીળી લાઈનનું લાંબું સ્કર્ટ, હાથમાં છેલ્લામાં છેલ્લી ઢબની પર્સ. તેની ચાલ જ હરણ જેવી છે. મંદાકિનીના હાથમાં એનો હાથ છે.)

મંદાકિની : (પ્રવેશતાં) મોટીબેન, આ મિસ કાપડિયા!

કાન્તા : ઓહો, આવી ગયાં તમે? ઘણું સરસ, બેસો.

કાપડિયા : A bit earlier, નહિ? પન્ પપ્પાની ઑફિસે પાછી car—

કાન્તા : ટાઇમસર જ છો. વહેલાં આવો એ તો બહુ સારું! તમારી બેનપણીને વધુ અભિનંદન આપજો!

કાપડિયા : Of course, of course! કિની, તું ય બહુ લુચ્ચી નીકળી, હં! કંઇ ખબર બી નઈ દીધી! તારી ચિઠ્ઠી જોઇને, by God, હું તો દઘાઈ જ ગઈ! Congrates, Congrates! પન પોરિયો કાં છે? કેવો છે? કંઈ લવ-બવ......

મંદાકિની : બાફયે રાખ તું! મોટીબેનની તો શરમ રાખ!

કાન્તા : બેન, લવ-બવ તો નહિ, પણ—

કાપડિયા : Acquaintance?

કાન્તા : હા, ઘણો જ જૂનો પરિચય. એનું નામ પિનાકિન્ મહેતા.

કાપડિયા : એ તો મેં જાનિયું; ઉમાનો ફોન હુતો ને?

કાન્તા : ગયે વર્ષે ગિરનાર ગએલાં અમે. ત્યાં પરિચય તાજો થયો.

કાપડિયા : Lovely, lovely! Something sweet!

મંદાકિની : મોટીબેન, તમે ક્યાં આને નિસરણી આપો છો?

કાપડિયા : કેમ રે કિની, તું મને મંકી બંકી સમજે છ, સું? (ત્રણે હસી પડે છે.)

કાન્તા : તમે બે વાતો કરો. હું જરા અંદર પતાવી દઉં. (કાન્તા અંદર જાય છે. બંને બેનપણીઓ સોફાકોચ પર બેસે છે.)

મંદાકિની : તું ય કાપડિયા, ઘરને પણ કૉલેજ જ માને છે? મોટી બેન આગળ આવી jokes કરાય? એ તો ઠીક છે કે એમણે કૉલેજ જોઈ છે; બહાર વનિતામંડળ ને સેવાશ્રમમાં આવ-જા કરે છે. તો ય મોટાં એ મોટાં!

કાપડિયા : કિની, તું અત્તારથી sober થઈ ગઈ સું? Well, મને તારા જેવું છાનુંમાનું ની આવડવાનું. કોન કોન આવવાનું છે? ઉમાનો તો ફોન હુતો.

મંદાકિની : હા, ઉમાને કહ્યું છે. પેલાં નલિની ને કિન્નરી ય આવશે. અવન્તિકાનું કંઇ કે'વાય નહિ. (ઘડીઆળ તરફ નજર કરી) આ છ તો થવા આવ્યા! હવે સૌ આવવાં જોઈએ.

(એટલામાં જ ઘંટડી વાગે છે.)

મંદાકિની : (મોટેથી) જમના...એ...જમના...જો તો, કોણ આવ્યું? (અંદરના ખંડમાંથી 'એ જોઉં બેન!' કહેતી જમના આવે છે, ને સાડીથી હાથ લૂછતી બારણું ખોલવા જાય છે. દરમિયાન ફરી ઘંટડી વાગે છે.)

મંદાકિની : ઉમા સિવાય કોઇ નહિ! બહુ અધીરી છે!

કાપડિયા : તું છાનુંમાનું પતાવે ને એને બિચારીને impatient કે' છે? That's not fair, કિની! (નલિની પ્રવેશે છે. પાછળ જમના હસતી હસતી અંદર જતી જણાય છે. કાપડિયા ને મંદાકિની ઊભાં થાય છે.)

નલિની : Congratulations મંદાકિની, અભિનંદન! આજે વળી બારણાં બંધ રખાતાં હશે? મને તો એમ, કે જતાંવેંત—

કાપડિયા : Embrace કરી લેવસ, એમ ને? નલિની, તું બી જબરી નીકલી!

નલિની : કાપડિયા, તને કંઈ લાજ-શરમ તો નહિ જ.

કાપડિયા : એમ ટેમ્પર કેમ જાયચ્? Embraceનો right હવે આપનો નઈ! I share your lot, નલિની!

નલિની : પણ કિની, તેં કેટલું ખાનગી રાખ્યું? કોઈ દહાડો ઇશારો સરખો ન આવવા દીધો! ક્યારે થયું આ બધું? સગાઇ કરવાની, તે ય આમ છાની છપની? મારાથી ય છૂપું? બહુ મીંઢી તું!

કાપડિયા : થીક કીધું, નલિની! હું બી એ જ કે'તી હુતી!

મંદાકિની : હવે મને બોલવા દઇશ નલિની? સગાઈની વાત તો આ અઠવાડિયે જ થઈ.

કાપડિયા : જુઠી! Liar! મોતી બેને તો old acquaintance—

મંદાકિની : એ ખરું. એમના કુટુંબને ઓળખીએ ઘણા વખતથી. બાપુ હતા, બા હતાં, ત્યારની ઓળખાણ. અમે ય ત્યારે મુંબઇ હતાં. ખારમાં અમારા કુટુંબ—



અમેરિકાના ખડતલ પ્રારંભિક વસાહતીઓ જેને 'જૉની ઍપલસીડ' કહેતા, એ કૃશકાય જૉન ચૅપમૅન અસાધારણ માણસ હતા. તેમણે અમેરિકન જનતાની શારીરિક અને આધ્યાત્મિક સેવા કરેલી. પણ લોકો એમને સૌથી વધુ યાદ કરે છે તે તો સફરજનનાં બી વાવવાના તેમના સાદા કામ માટે. કેમકે એ ફળ અમેરિકાના પ્રારંભિક વસાહતી માટે અતિ મહત્ત્વનું હતું.



એનાથી સ્કર્વીનો રોગ થતો અટકતો, એટલું જ નહિ પણ જે પ્રદેશમાં સ્વાદિષ્ટ વાનીઓ લગભગ હતી જ નહિ ત્યાં એ ભોજન પછીની વાનગી માટે અતિ ઉપયોગી હતું. તેમાંથી પાઈ, સૉસ, પીવાનો રસ ને સરકો બની શકતાં. સૂકવેલાં સફરજન લાંબા ને સખત શિયાળામાં ખોરાક તરીકે કામ આપતાં ને તેનાં વૃક્ષો લગભગ બધે સ્થળે વગર સંભાળે ઊગી શકતાં.



ઈ. ૧૭૭૫ના ગાળામાં મૅસૅચ્યુસેટ્સમાં જન્મેલા જૉનીના બાળપણની માહિતી મળતી નથી. તે કુદરતના ખૂબ પ્રેમી હતા. યુવાનીમાં તેમને એક કન્યા સાથે પ્રેમ થએલો, પણ લગ્ન થાય તે પહેલાં તેનું અવસાન થયું, અને તેમના ભગ્ન હૃદયને પછી કદી શાતા ન વળી. ૧૭૯૪માં તે વતન છોડીને પિટ્સબર્ગમાં વસ્યા, અહીં તેમણે જંગલ સાફ કરીને સફરજન વાવવાં શરૂ કર્યાં.

નલિની : ત્યારે તો 'સબસે ઊંચી પ્રેમ સગાઇ' જેવું કંઈક—

કાપડિયા : એવું જ, એવું જ. પેલી ગિરનારની trip—

નલિની : તું બધું જાણતી લાગે છે, કાપડિયા!

મંદાકિની : કપાળ જાણે છે! મોટી બેનની વાતોમાં મસાલો ભભરાવે છે! એ તો, ગિરનાર પર અમે મળેલાં—

નલિની : ને હળેલાં નહિ કે?

કાપડિયા : well said, નલિની, well said! (ફરી ઘંટડીનો રણકો. નલિની ઊઠીને ઉમા અને કિન્નરીને સાથે લેતી આવે છે.)

ઉમા-કિન્નરી : અભિનંદન! અભિનંદન!

મંદાકિની : Thank you, very much! ઉમા, કિન્નરી આવો બંને!

કાન્તા : (પ્રવેશતા) કેમ, બધાં આવી ગયાં ને? આવો, સૌ. ઓળખાવ તો ખરી, મંદા!

મંદાકિની : આ ઉમા પંડિત. સીનીઅર એમ.એ.માં છે. ને આ કિન્નરી (હાથ પકડીને), બહુ સુંદર ગાય છે હોં, મોટી બેન. એ મારી સાથે જુનીઅર એમ.એ.નું કરે છે.

નલિની : હું મોટી, તેથી પાછળ ખરું? (બધાં મલકે છે.)

મંદાકિની : તું જ આમ પાછળ ઊભી રહી છે ને? મોટી બેન, આ નલિની. વનિતામંડળની વક્તૃત્વ હરીફાઇમાં ગઇ સાલ એને જ પહેલું ઈનામ મળ્યું. ફર્સ્ટ કલાસ સ્ટુડન્ટ છે. એમ.એ.નું કરીને હવે બી.એડ. કરે છે એ.

કાન્તા : બી. એડ્. કઈ ડિગ્રી વળી?

નલિની : એ જ બી. ટી. કિરણ કન્યા વિદ્યાલયમાં શિક્ષિકા છું.

કાપડિયા : હું તો જુનીઅર જૉલી! ઈન્ટરમાં બે વરસ ખેંચી લીઢાં ને? બહુ લૅર કીઢી!

કાન્તા : ઓહો, તમે તો બધાં વિદુષીઓ છો ને શું! ઠીક થયું, આવ્યાં. મંદા, તું જરી અંદર આવી જઈશ? (બંને જતાં બધાં સોફા ને ખુરશીઓ પર ગોઠવાય છે. કાપડિયા થોડી વારે ઊભી થઇને છબિઓ જુએ છે.)

નલિની : આ કાપડિયાનો જીવ જ ન રે'! આમ તો વાતમાં ને વાતમાં એટિકેટ્—

કાપડિયા : (એકદમ એ તરફ ફરી) શું કીઢું?

કિન્નરી : અહીં પણ બે લડવાનાં? જરા અવસર તો જુઓ!

કાપડિયા : મેં તો બઢું જાની મૂકિયું ચ, ડિયર કિન્નરી! પન આ કિનીને સોજ્જું મલી ગિયું ચ્, હં. થોડો લવ-બવ બી લાગેચ્.

નલિની : એનું નામ લવ! આ તારા જેવું નહિ, કે આજ આ ગમ્યો ને કાલ પેલો. કંઈ ઠેકાણું તો ન જ પડે!

કાપડિયા : (એને ઉઠાડી, આગળ આણી) Well, તારું સું થેકાનું પડિયું એ બોલસ? I mean your love-affair...

નલિની : તમે બધાં ગાંડાં જ છો તો! આ પરણવાની ઝંઝટ શી? સ્ત્રીએ સ્વતંત્ર રહેવું હોય તો લગ્નનું નામ જ ન લેવું! સવાર સાંજ ચૂલો, છોકરાં, ને પાછી પતિદેવની તાબેદારી! આટઆટલું ભણીને નકામી જિંદગી બગાડવી?

ઉમા : નલિની, તારી ભાષણની ટેવ ન જ ગઈ! એમ કહેને, કે પેલા અનંતે તને ના પાડી ત્યારથી—

કાપડિયા : અનંટ? એ કોન્? ઉમા, તું બી સ્પુતનિક લાવી, હં!

નલિની : એમ તો એમ. ઠોકર ખાઇએ તો જ આંખ ઊઘડે ને!

કાપડિયા : કેતલી થોકર ખાધી, મિસ નલિની? (બધાં હસી પડે છે. મંદાકિની આવે છે.)

મંદા૦ : જરા મોટી બેનની મદદે ગઇ'તી. તમે સૌ આવ્યાં તેથી એ તો એવી હોંસમાં છે!

કિન્નરી : તું બધી રીતે નસીબદાર છે હોં કિની! મોટી બેન મા જેવાં તો છે જ, પણ મિત્ર જેવાં ય છે. બોલે છે ય કેવું મીઠું?

ઉમા : ને હવે મળ્યા છે પિનાકિન્ મહેતા. કિની, તું એને કયે નામે કાગળ લખે છે?

નલિની : ઉમા, કેવું પૂછે છે તું? તારે પરણવું નહિ, ને બીજાંમાં બધો રસ—

કાપડિયા : Don't be cruel, નલિની! પન્ કિની, તમે હિન્દુ લોકો બહુ નાનપનમાં પન્નૈ જાવચ એમ કેમ?

મંદાકિની : ૨૧મું પૂરું થયું. હવે નાની શેની?

કિન્નરી : એમ તો હું ત્રેવીસની થઇ, પણ ક્યાં હજી પરણી છું?



૧૭૮૭માં હજારો વસાહતીઓ વાયવ્યનો ઉજ્જડ પ્રદેશ વસાવવા ઊમટ્યા ત્યારે જૉની ઍપલસીડને અંતરનો સાદ સંભળાયો. સફરજનનાં બીની ઝોળી ખભે લઈ, ખમીસમાં બાઈબલ ખોસી તેઓ ચાલી નીકળ્યા. એ વણખેડી ભૂમિમાં સફરજનનાં વૃક્ષો વાવવા એણે એટલી હાડમારી વેઠી કે એ લાગણીશીલ નાનકડા માનવીએ ખડતલ વસાહતીનાં દિલ પણ જીતી લીધાં.



જૉની ઍપલસીડ ધાર્મિક માણસ હતા. એ કદી કોઇ શસ્ત્ર પાસે રાખતા નહિ, કોઇ પ્રાણીને કદી મારતા નહિ ને માંસમચ્છી ખાતા નહિ. તે બાઇબલ સદા સાથે જ રાખતા અને કોઇ વસાહતી કુટુંબ સાથે રાત ગાળતા ત્યારે પોતાના યજમાનોને એમાંથી કંઇક વાંચી સંભળાવતા. ખાસ કરીને બાળકોને એ રુક્ષ ભૂમાં એમનો ઉપદેશ બહુ આવકારપાત્ર હતો.



તે સૌના મિત્ર હતા. જે કાળે રેડ ઇંડિયનો આશરૂના વસાહતીઓ સામે લડતા ત્યારે પણ ઍપલસીડ તેમના તો મિત્ર જ રહ્યા હતા. બની શકે ત્યાંસુધી એ કોઇને પણ મદદ કરવાની ના ન પાડતા. અને તે માટે ઘણે દૂર સુધી પણ જતા. એક વાર એક ગરીબ બાળકને પોતાના શરીર પરનું એકમાત્ર ખમીસ એમણે ઉતારી આપેલું એ વાત તો કહેવત રૂપ બની ગઇ છે.

ઉમા : હું ય કિનીથી બે વરસ મોટી જ—

નલિની : મને તો છવ્વીસ પૂરાં થયાં છે.

મંદાકિની : મોટી બેન પૂછતાં'તાં કે આ બધાં આગળ ને આગળ ભણે છે, તે લગ્નનું નામ પણ લેતાં નથી કે શું? (બધાં મલકે છે.)

કિન્નરી : તેં કહ્યું નહિ કે એમ તો મનમાં જાપ જ ચાલે છે! (બધાં હસી પડે છે.) કિની, બધાં તારા જેવાં નસીબદાર ન હોય. કોઈ સારું મળે તો—

નલિની : લાયક મળે તો હું ય—

કાપડિયા : આ સું નલિની ડિયર? Such a change?! પેલું તારું ન પરનવાનું ભાસન કાં ગિયું?

મંદાકિની : નલિની પરણવાની ના કહે છે? મારે વાત કહી દેવી પડશે, નલિની!

નલિની : તે કહી દે ને! It's your day! વિભાકરની વાત કરે છે ને?

કાપડિયા : એ વલી કોન? અનંટ ગયો ને આ વિભાકર કાંથી નીકલિયો?

નલિની : તું સાંભળીશ હવે? એની બહુ ઇચ્છા હતી. સારો છે. એનાં બાએ જ મારી માસીને વાત કરેલી—

ઉમા : ને તેં ના પાડી, ખરું ને? શા માટે?

નલિની : એક તો એ કુટુંબ સૌરાષ્ટ્ર બાજુનું, એટલે જુનવાણી હશે...

ઉમા : જા રે, વર્ષોથી અહીં રે'છે. કંઈ જુનવાણી નથી.

કાપડિયા : ઉમા તું બી બહ્નું જાનેચ!

નલિની : ને વિભાકર જરા રંગે—

કાપડિયા : Oh, I see! આ ટો રાઢાડેવીને—

કિન્નરી : (ગાતાં) 'શ્યામ રંગ સમીપે ન જાવું' એવું થયું આ તો નલિની, રંગ તે જોવાતો હશે? પુરુષ તો કાળો જ શોભે, કેમ કાપડિયા?

કાપડિયા : (બંને કાને હાથ મૂકી) હું સું જાનું? તને કોઈ કાલો ગમી ગિયો હોસે!

મંદાકિની : અમારા કૃષ્ણ કાળા પણ કામણગારા કે'વાય છે. એક જૂના દુહામાં ય ચંપકવર્ણી નારી ને શામળા નરની જોડીને વખાણી છે, કાપડિયા! આ કિન્નરીનો કૃષ્ણ પણ—

નલિની : હેમચન્દ્રનો દુહો, ખરું કિની?

કિન્નરી : કરો મશ્કરી; પણ જોજો, હું તો કાળાને જ પરણવાની!

કાપડિયા : પન ના કોન કેયચ્? કોઈ કસ્ન મલી ગિયોચ્ કે સું કિન્નરી?

કિન્નરી : મુશ્કેલી એની જ છે! બા-બાપુ તો કહ્યા જ કરે છે. મામા ય જીવ ખાય છે: 'આ નથી ગમતો? વકીલ છે, સારું કમાય છે, દેખાવે ય શું ખોટો છે?' ને 'આ ઈજનેર માટે તો કેટલાંય માગાં છે. ઘરની મિલકત પણ છે.' તો 'પેલો બૅંકમાં છે, તે ગિરીશ કળાકાર પણ છે. ઘરનું ઘર પણ છે.' બસ, બે-ચાર દિવસે એની એ જ વાતો!

મંદાકિની : તે તને વાંધો ક્યાં આવે છે? કે પછી કોઈ બીજો જ—

કિન્નરી : બીજો તો કોઈ ખ્યાલમાં નથી. પણ કિની, વકીલને માથે ટાલ છે—

કાપડિયા : (તાળી પાડી) સોજ્જું, ઘન્નું જ સોજ્જું! (સૌ હસે છે.)

કિન્નરી : ઇજનેર જોયો હોય તો એવો મુંજી છે! ને કળાકાર ગિરીશ તો વાયડો જ લાગ્યો!

નલિની : એમાં ને એમાં કિન્નરીબાઈ રહી જવાનાં!

કિન્નરી : રહી જાઉં તો ભલે; પણ કંઈ મન માન્યા વિના, લાયક મળ્યા વગર—

કાપડિયા : એ બી ખરું! I sympathise, કિન્નરી! (અંદરથી પ્રવેશતી જમનાના હાથમાં નાસ્તો ભરેલી રકાબીઓની મોટી તાસક છે. વધારાનું મેજ પણ તે વચ્ચે મૂકે છે. થોડી વારે ફ્રૂટ સૅલડનાં પ્યાલાં લાવે છે. બધું ગોઠવી તે જાય છે.)

નલિની : કિની, આટલી બધી તકલીફ?

મંદાકિની : તકલીફ તો મોટી બેન જાણે! હજી તો એમને ફરસી પૂરી કરવી'તી! મારા કરતાં ઉમંગ એમને વધુ છે.

ઉમા : તારો ઉમંગ ક્યારે કોઇને દેખાય છે?

કાપડિયા : દેખાસે, દેખાસે; હવે પિનાકિન્ જોસેસ્તો! Silent waters... (અટકી જાય છે. કાન્તાબેન હસતાં હસતાં પ્રવેશે છે.)

કાન્તા : તમે બધાં તો હજી વાતો જ કરો છો! કેમ, ભાવશે તો ખરું ને?

નલિની : નહિ કેમ ભાવે? પણ મોટી બેન,



અરણ્યમાં માંદા અને ઘવાએલાની શુશ્રૂષા કરનાર તરીકે વસાહતીઓ તેમજ ઇંડિયનો બંનેમાં તેમની ખ્યાતિ હતી. તે ભાંગેલું હાડકું બેસાડી શકતા અને ઘા પર પાટા બાંધી શકતા–તેઓ હમેશ પોતાની સાથે કેટલાંક ઓસડિયાં રાખતા ને તેમાંથી ઉકાળા કે પોટ્રીસ બનાવતા. જે વિસ્તારમાં ભાગ્યે જ કોઇ દાક્તર હતા ત્યાં માનવજાતની આ મહત્ત્વની સેવા હતી.



હજી ઇન્ડિયાના રાજ્ય ઉજ્જડ હતું, એટલે બીની ઝોળી ખભે ભરાવીને જૉની એ નવા પ્રદેશ તરફ નીકળી પડ્યા. તેઓ હવે વૃદ્ધ થવા આવ્યા હતા, છતાં માનવસેવાના મક્કમ નિરધારથી તે આગળ ધપ્યે ગયા. અંતે ૧૮૪૭માં ૭૨ વર્ષની વયે ઇંડિયાનાની એક વાડીની સંભાળ લેવા તે ૨૫ માઇલ ચાલીને ગયા એમાં તેમને ન્યૂમોનિયા થયો ને તેમનું અવસાન થયું.



હજારો માણસોએ આ નાનકડા સાદા માણસનો શોક કર્યો. તેણે અન્યની સેવામાં જીવન અર્પણ કર્યું હતું. અમેરિકન જનતાના હૃદયમાં ચિરસ્મરણીય બનેલા ઍપલસીડે અમેરિકાના ઊગતા રાષ્ટ્રને એ મુશ્કેલીના કાળે આપેલો ફાળો એટલો મોટો હતો કે અમેરિકન બાળકો તો આજે તેમને ખરેખરા માણસ નહિ, પણ પરીકથાનું કોઇ કાલ્પનિક પાત્ર માને છે.

તમે બનાવ્યું છે ય કેટલું બધું?

કિન્નરી: પીરસ્યું છે ય એટલું કે રાતે જમવાનું બંધ!

કાન્તા: ઓહો, તમે તો બધાં બહુ વિવેકી છો ને? તમે બધાં ક્યાંથી? તેમાં ય આજ તો... મંદાને સારો વર મળ્યો (મંદા નીચું જુએ છે) એ જ મારી તો હોંશ છે.

ઉમા: શું કરે છે પિનાકિન્‌પ્રસાદ, મોટી બેન?

કાન્તા: એનું નામ જ પિનાકિન્ છે. હવે મોટાં નામ ક્યાં કોઇને ગમે છે? પિનાકિન્ મુંબઈની એક વીમાકંપનીમાં છે. પગાર સારો છે. એમ.કૉમ. છે, પણ સાહિત્યનો શૉખ એવો છે! કંઈક વાર્તા પણ લખે છે, ખરું મંદા?

કાપડિયા: પન દેખાવે? આપની કિનીબેનના—

કાન્તા: તે તમે એને જ પૂછજો ને! લો, બધાં શરૂ કરો! હું રકાબી લઇને હમણાં આવું છું. વાંધો નથી ને?

નલિની: અમને તો એ જ ગમે. તમે આવો, અમે રાહ જોઇએ છીએ.

કાન્તા: ના, રાહ ન જોતાં. મારે તો હજી જમવાનું ય કાઢી આપવું છે. મંદા, જોજે, કોઈ શરમાય નહિ! (અંદર જાય છે.)

મંદાકિની: ચાલ કિન્નરી, કાપડિયા, બધાં શરૂ કરો હવે! (થોડી વારના મૌન વચ્ચે બધાં વાનગીઓ લે છે.)

નલિની: કિન્નરી, આપણે તો ભોળાં! આ ઉમા જોઈ? કે'છે કંઈ?

ઉમા: શું કે'વાનું છે?

મંદાકિની: કેમ વળી? તારું પરણવાનું?

કિન્નરી: તું કેમ પરણવાનું નામે લેતી નથી?

ઉમા: નામ લીધે કંઈ ઓછું પરણી જવાય છે? આ કિનીએ પિનાકિન્‌નું નામ જપ્યા કર્યું હશે, ખરું? (બધાં હસે છે.)

કાપડિયા: Be serious, please! આ ઉમાના મનમાં કોઈ નામ તો લાગેય!

કિન્નરી: પેલો પીયૂષ હમણાંનો એની પાછળ પડચો લાગે છે. કે પછી શિરીષ? સેવાદળમાં કામ કરે છે તે?! બહુ ગંભીર, ભઈ!

કાપડિયા: તારું બી લિસ્ટ થીક લાંબું, કિન્નરી!

કિન્નરી: આ તો ઉમાદેવીનું લિસ્ટ છે! (ઉમા સિવાય સૌ હસે છે.)

ઉમા: કિન્નરી, કિની, મારી મૂંઝવણ બીજી જ છે. આપણને તો ગમે, પણ સામાને કહેવાય કેવી રીતે? શરમમાં ને શરમમાં રહીએ ત્યાં એનું બીજે ગોઠવાઈ જાય! ને જે કહેવા આવે છે, એ મને ગમે નહિ!

કાપડિયા: તેં બી ઉખાનું જ નાખિયું, ઉમા! I say, a riddle!

મંદાકિની: એવી તે શરમ શા કામની? ને બધા જ ન ગમે?

ઉમા: હું ક્યાં એવું કહું છું? જે ગમે તેની આગળ વાત થતી નથી; ને વાત થાય છે એ ગમતા નથી! કોઈ લાયક મળે તો તો—

(કાન્તાબેન હસતાં હસતાં નાસ્તો લઇ પ્રવેશે છે.)

કાન્તા: કયા લાયકની વાત છે, ઉમાબેન?

(બધાં મૂંઝાઇને મૂંગાં રહે છે!)

મંદાકિની: મોટી બેન, એ તો પોતપોતાનાં બધાં લગ્નની વાત કરતાં'તાં!

કાન્તા: તું તો કે'તી'તી કે બધાં હજી પરણ્યાં જ નથી—નક્કી ય કરાયું નથી!

કાપડિયા: Let me break the ice now! મોટી બેન, આ તો એમ કે કોઈ લાયક મલે તો પરનાય ને?

મંદાકિની: સૌસૌની મૂંઝવણ કે'તાં'તાં.

નલિની: મોટી બેન, તમે શું કહો છો? પરણવું જ જોઇએ, એમ ખરું?

કિન્નરી: ને પરણવું તે ગમ્યા વિના જ?

ઉમા: કે લાયક મળે તો જ?

કાન્તા: ઓહો, તમે તો બધાં મોટી ચર્ચા જ લઇ બેઠાં છો ને શું? પણ, આ રકાબીઓ તરફ તો ધ્યાન આપો! કિની, તું ય કેવી છે? કાપડિયા, તમને ભાવ્યું કે નહિ? જુઓ, આ કચોરી તમે ચાખી?

કિન્નરી: અરે, એ તો અર્ધી હિન્દુ જ થઈ ગઈ છે! કૅન્ટીનમાં આપણા કરતાં ય ઊસળ ને ભજિયાં પર એનો હાથ સૌથી—

કાપડિયા: કિન્નરી, ખોરાકમાં બી હિન્દુ-પારસી ખરું કે? તું તો રહી રેડિયો સ્ટાર; ગલું તારે સંભાલવાનું! મારે સું કરવા—

કાન્તા : એમ? કિન્નરીબેન, રેડિયો પર પણ જાવ છો કે તમે?

ઉમા : અમે તો નાનાં છીએ, મોટી બેન! અમને એક નામે જ બોલાવોને! કિન્નરીને ગવડાવીશું કંઈ? કિન્નરી, ગાઈશ?

નલિની: પેલું ગા, કિન્નરી! 'ભોમિયાવિના–'

કાપડિયા :(નલિનીની પીઠે ધબ્બોમારતાં) Excellent નલિની, excellent!

કાન્તા : તમે બધાં ખૂબ ચતુર છો હોં. મને તો આવું સરસ બોલતાં ય ન આવડે. ઈન્ટર સુધી તો હું ય ભણી છું, પણ અમારા ટાઇમમાં બોલવાની છૂટ ને આવડત બહુ ઓછી.

મંદાકિની : કિન્નરી, એ જ ગાને–ઉમાશંકરનું ગીત 'ભોમિયા વિના મારે–'. આપણી વાત પણ એ જ હતી તો!

ઉમા : થોડું સૅલડ લે, એટલે ગળું ખૂલે! (બધાં કિન્નરી તરફ જોતાંજોતાં વચ્ચેવચ્ચે કોઈ કોઈ ચીજ લેતાં જાય છે.)

કાન્તા : વધુ લાવું, ફ્રૂટસૅલડ?

કિન્નરી : ના, ના, મોટી બેન. પછી—મને હમણાં નહિ ફાવે. (થોડી શાંતિ ફેલાય છે.)

કિન્નરી: એજ ગાઉં? મને ય એ ગમે તો છે!

નલિની : પ્રોફેસર જાનીને ય એ જ બહુ ગમે છે. કિન્નરી પાસે કેટલી ય વાર ગવડાવ્યું હશે, મોટીબેન, પ્રો. જાની વર્ષોથી વિધુર છે. એકદીકરો છે,જુનિયર બી.એસ.સી.માં.કિન્નરી ગાય છે ત્યારે પ્રો. એવા ગંભીર થઈ જાય છે!

કાપડિયા : Please નલિની! Don't spoil the air! હાં, કિન્નરી, ચાલુ કર!

કિન્નરી: (ગાય છે)

"ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.
સૂના સરવરિયાની સોનેરી પાળે,
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે,
અંતરની વેદના વણવી હતી."

કાપડિયા : Lovely, lovely, કિન્નરી! But say કોકિલ, not કોકિલા!

ઉમા : હજી તો આગળ છે! તું મૂંગી રહીશ? (ઘંટડી વાગે છે. મોટી બેન જાય છે. થોડી વારે હાથમાંના પરબીડિયાનો તાર વાંચતાંવાંચતાં આવે છે. મોં પર મલકાટ છે.)

મંદાકિની : તાર છે, મોટી બેન? કોનો છે?

કાન્તા : છે મારા પર, પણ તારે માટે છે. પિનાકિન્ કાલે સવારે આવેછે,દસની ગાડીમાં.

કાપડિયા–કિન્નરી:પિનાકિન્ આવેછે?કાલે?

નલિની : Congrates, કિની!

કાન્તા : તમારાં પગલાં સારાં. બાકી, સવારના કાગળમાં હતું કે રજા મળશે તોઆવશે.

કાપડિયા : અમારું તો, મોતી બેન, એવું! અમારો guide, I mean ભોમિયો અમારે પગલે બાર ગાઉ નાસી જાયચ, પન બીજાના–

મંદાકિની : કાપડિયા, બહુ બોલે છે તું! નલિની, કે'ને કંઈ આને!

કાપડિયા : લેવ, હું હવે મૂંગી મરસ બસ!

કાન્તા : અરે કાપડિયાબેન, તમે મૂંગાં રહો તો કોણ બોલશે? પણ હા, કિન્નરીએ ગાયું તે યાદ આવ્યું. તમે બધાં તમારા ભોમિયાની જ વાત કરતાં'તાં, નહિ?

નલિની : ભોમિયાની પસંદગીનીસ્તો! (બધાં મલકે છે.) મોટી બેન, ભોમિયો જોઇએ જ? લગ્ન વિના ન ચાલે?

કિન્નરી: ને લગ્નમાં સામસામું ગમ્યાવિના કંઈ કરાય, મોટી બેન?

ઉમા : લાયક મળે તો જ ને?

કાન્તા : હું સમજી ગઈ તમારી વાત! તમે બધાં તો ખૂબ ભણ્યાં છો; હજી ભણો છો. પણ હું એમ કહું, કે બી.એ., પછી એમ.એ., વળી કોઈ બી.ટી. કે કોઈ પીએચ.ડી., આમ ભણ્યા જ કરવું ભણ્યા જ કરવું—

કાપડિયા : What else to do, મોતી બેન? (બધાં હસે છે). Killing time, I mean, બીજું સું વલી?

કાન્તા: Killing તો નહિ, passing time કહો! ભણો છો એ તો સારું જ છે; પણ, ઘર અંતે તો માંડવું જ છે ને?

નલિની : સેવા કે નોકરી છે જ ને!

કાન્તા : જીવન એમ ખીલતું નથી, નલિનીબેન! જીવનમાં સંતોષ પહેલો મળવો જોઇએ. સ્ત્રી-પુરુષ એકબીજાનાં પૂરક થવા જ ઘડાયાંછે.

નલિની : પણ ઘર માંડવા માટે—

કાપડિયા : વર જોસે ને? (બધાં હસી પડે છે.) હું ખોટું કેઉંચ?

કાન્તા : તેની જ વાત કરું છું. મારી જ વાત કહું તો? હું પરણી ત્યારે મેં હજી ઈન્ટરની પરીક્ષા આપેલી. માધવપ્રસાદ—

મંદાકિની : મોટી બેનના વર માધવપ્રસાદ ત્યારે બી.એ. થઈ ગએલા. ઘરની પેઢી એટલે પરદેશ જવાનું થયું—

કાન્તા : તેમાં મારું લગ્ન તરત જ લેવાયું. અમે એકબીજાંને જોએલ પણ નહિ!

ઉમા : શું કહો છો? તે વિના જ—

કાન્તા : હા. પરદેશથી આવ્યા પછી ત્રણેક વરસમાં એ મુંબાઈથી પૂના જતાં મોટરના અકસ્માતમાં—(વાતાવરણ ગંભીર થાય છે.)

મંદાકિની : મોટી બેન, એ વાત સંભારો છો, પછી ઊંઘ નહિ આવે!

કાન્તા : એમ એ ઓચિંતા ગયા. અમારું લગ્નજીવન પૂરાં દસ વરસ પણ ન ચાલ્યું. મંદાકિની ત્યારે ચૌદેક વરસની. પછી બા-બાપુ ય ગયાં!

કાપડિયા : Shocking!

કાન્તા : એ ય દિવસ ગયા! પણ હું એમ કહું છું કે અમારું લગ્નજીવન ખૂબ સુખી હતું. નલિનીબેન, ભોમિયા વિના ભમવાની વેદના તો ગીતમાં ય તમે સાંભળી ને? પળેપળ લાગે કે કંઈક ખોવાયું છે.

કિન્નરી : પણ મોટીબેન, મનપસંદભોમિયો મેળવવો કેમ?–એની તો વાત છે!

કાન્તા : મળે કે મેળવાય? આપણું મન માને એવો હવે તો મળે જ—છૂટથી હળાય મળાય એવું હવે તો થયું છે. (જમના પ્રવેશે છે. નાસ્તાની રકાબીઓ લઈ જાય છે. એક કાચના ચલાણામાં સૌ હાથ મોં સાફ કરી લે છે. સૅલડનાંપ્યાલાં રહેવાદઈજમનાપાછી ફરે છે.)

કાન્તા : આ જમના જોઇને? કંઈ ભણી નથી પણ એનો સંસાર એવો સુખી છે! એનો વર એનાથી ખાસ્સો પંદર વીસ વરસ મોટો હશે, પણ બંને ચાંદની રાતે ઓરડીના ઉંબરા આગળ વાતો કરતાં બેઠાં હોય—તે ય ઘરસંસારની, એનો વર હુક્કો પીતો હોય ને જમના છોકરીને ખોળામાં થાબડતી થાબડતી સુવાડતી હોય, કંઈક ગણગણ્યા કરતી હોય...

કિન્નરી : મોટી બેન, કેવું poetic બોલો છો તમે?

મંદાકિની:કિન્નરી,જમનાનુંઘરજ એવુંછે,હં.

કાન્તા : હું એકલી જ બોલ્યા કરું છું, આ તો! ઉમાબેન, કાપડિયા, તમે બધાં મૂંગાં કેમ છો? હું મોટી એટલે શિખામણ આપવાનો શૉખ થઇ જાય! ભલાં તમે સાંભળી લો છો?

ઉમા : તમારી શિખામણો મીઠી લાગે છે, મોટી બેન!

કાપડિયા: Yes, yes, મોતી બેન! Please go ahead!

કાન્તા : તમે બધાં સંપ કરીને બેઠાં લાગો છો! કેવાં મિઠ્ઠાં છો બધાં? તો બીજી વાત કરું. પસંદગી તો લગ્નમાં હોય છે. જમાનો પણ બદલાયો છે. એકબીજાંને પહેલી નજરે ય—

કાપડિયા : At first sight, એમ જ ને? મોતી બેન, you are so sweet!

નલિની: કાપડિયા, મોટીબેનને બોલવા દે!

કાન્તા : ના, એમ નહિ. વચ્ચે બોલતાં રહો તો જ મને ગમશે. એવું છે; પરણવામાં પસંદગી વિના ન ચાલે, પણ બહુ ચીકણાં થવામાં

(અનુસંધાન પૃષ્ઠ ૩૭૨ ઉપર)

અવકાશને પગથારે બત્રીસ કલાક

લેખક · ગિરીશ દેસાઈ

ગયા વર્ષની ૧૯મી ઑગસ્ટ! દૂર પૂર્વના ક્ષિતિજ પર બાલ રવિના પ્રથમ કિરણો ચમક્યાં. સારું યે આકાશ પ્રકાશથી ઊભરાઈ ગયું. મંદમંદ વાતો સમીર, આકાશમાં આળસુની માફક પડેલાં રડ્યાં-ખડ્યાં વાદળોને જગાડી રહ્યો. આ સમયે સાઉથ ડાકોટા(અમેરિકા)ના વિશાળ મેદાનમાં પથરાઈને પડેલું પોલીઇથીલીનનું એક જબરદસ્ત બલૂન પવનના ઝોલાથી હાલવા લાગ્યું, અને તેની બાજુમાં પડેલો ઍલ્યુમિનિયમનો એક ગોળો સૂરજના પ્રકાશમાં ચમકી ઊઠ્યો.

સજ્જડ રીતે બંધ કરી દીધેલા ઍલ્યુમિનિયમના એ ગોળામાં—ગોંડોલા(Gondola)માં અમેરિકી વિમાની દળનો મેજર ડેવિડ સિમસન ઘડિયાળ તરફ નજર નાખી રહ્યો હતો. તેનું દિલ શંકાઆશંકાથી ઘેરાઈ રહ્યું હતું. તે ઊડવાનો હતો,—બલૂનની મદદથી પૃથ્વીથી ખૂબ ઊંચે પહોંચવાનો હતો. જેમ જેમ ઘડિયાળના કાંટા આગળ ને આગળ વધતા હતા તેમતેમ તેના હૃદયના ધબકારા વધતા જતા હતા. કોઈ માનવીએ કદી ન કર્યું હોય એવું સાહસ—એવો પ્રયોગ તે કરવાનો હતો.

ઘડિયાળના કાંટા ખસતા રહ્યા, પવન ધીરેધીરે ઝડપ પકડતો ગયો. ૭ વાગ્યા... ૭-૩૦ થયા. મેજરને અરધો કલાક યુગ જેટલો લાગ્યો. તે વિચારના વમળમાં ડૂબકી મારી ગયો. શું તે સદાને માટે પૃથ્વી છોડીને જઈ રહ્યો છે? ના, ના; આ તો એક પ્રયોગ જ છે. પોતે જરૂર પાછો આવશે. ન આવે તો? તેનું દિલ ધડકી ઊઠ્યું. તેણે મનને મજબૂત બનાવ્યું. બહારની દુનિયા સાથેનો તેનો દૈહિક સંપર્ક તો તે ગઈ કાલે રાત્રિના દસ વાગ્યાથી ગોંડોલામાં પેઠો ત્યારથી જ તૂટી ગયો હતો. ફક્ત રેડિયો-સંદેશ જ તેને પોતાના અસ્તિત્વનું ભાન કરાવતો હતો.

પોણા આઠ થયા......અમરિકી વિમાની દળના સંશોધન ખાતાનો વડો ઑટો વિન્ઝેન છેવટની સૂચનાઓ આપતો હતો. મેજર સિમસને ગોંડોલાની કાચની નાનકડી બારીમાંથી બહાર નજર ફેંકી. વિમાની દળના સભ્યો આમથી તેમ દોડી રહ્યા હતા. ઑટો હુકમ પર હુકમ છોડતો હતો. સિમસન જોઈ રહ્યો—એકી નજરે નિહાળી રહ્યો. તેણે એક ઊંડો શ્વાસ લીધો. ઘડિયાળનો ટક...ટક અવાજ ગોંડોલામાં ગુંજી ઊઠ્યો. સિમસને ઘડિયાળ તરફ નજર ફેંકી. આઠમાં બે મિનિટ ઓછી હતી. નક્કી કરેલા સમય કરતાં વધુ એક કલાક પસાર થઈ ગયો હતો! પવન અસાધારણ ઝડપ પકડી રહ્યો હતો. હવે બલૂન ઊડવું જ જોઇએ. હા...ઊડવું જ જોઈએ. બહાર પંપ વડે બલૂનમાં હેલિયમ ભરાઇ રહ્યો હતો. બલૂન ફૂલ્યું...મોટું થયું. ઑટોએ હુકમ કર્યો. બલૂનની દોરીઓ ઢીલી થઇ. ગોંડોલામાં બેઠેલા મેજરે સંદેશ સાંભળ્યો: 'મેજર સિમસન, બલૂન હવે થોડીપળો બાદ આકાશ તરફ પ્રયાણ કરશે. તમને સફળતા મળે એવી શુભેચ્છા.'

બલૂન ઊંચકાયું. ધીરેધીરે ઉપર ઊડ્યું, દોરીઓ છૂટી. ગોંડોલાને બરોબર જોડી દેવામાં આવ્યો. બલૂન ઉપર ચડ્યું...ગોંડોલા ખેંચાયો ...ઊંચકાયો. મેજર સિમસન ગોંડોલાની નીચેની કાચની બારીમાંથી ધરતીને નિહાળી રહ્યો. કથ્થાઈ રંગની જમીન ને લીલા રંગનાં વૃક્ષો નજરથી દૂર ને દૂર જવા લાગ્યાં. આખરે ફક્ત કથ્થાઇ અને લીલા રંગનાં ધાબાં થઇ ગયાં. મેજરને લઈને બલૂન અવકાશ તરફ પ્રયાણ કરી રહ્યું.

ગોંડોલામાં બેસાડીને મેજરને અવકાશમાં મોકલવાનું પ્રયોજન શું હતું? સંશોધન-નર્યું વૈજ્ઞાનિક સંશોધન! વિજ્ઞાનનાં અનેક અજાણ રહસ્યોને ઉકેલવા માટે મેજરે પોતાની જાતને હોડમાં મૂકી હતી. અમેરિકાના વિમાનીદળે લાખો ડૉલરને ખર્ચે એક નૂતન પ્રયોગ આદર્યો હતો.

બલૂન ધીરે ને ધીરે ઉપર જતું હતું. મેજર સિમસને પોતાનું કાર્ય શરૂ કર્યું. ગોંડોલાની અંદર ઑક્સિજન, નાઇટ્રોજન અને હેલિયમનું મિશ્રણ પંપ વડે હેરફેર થતું હતું. મેજરને લગભગ પચ્ચીસ પ્રયોગો કરવાના હતા. ખગોળશાસ્ત્રીઓએ ચંદ્ર ને શુક્રનું નિરીક્ષણકાર્ય સોંપ્યું હતું. હવામાનશાસ્ત્રીઓને હવામાન વિષે જાણવું હતું. ઊંચા વાતાવરણના ખાસ અભ્યાસીઓને 'અરોરા બોરેલિસ' વિષે જાણવું હતું.

આ ઉપરાંત ખૂબ ઊંચાઈએ મેજરની શારીરિક તેમજ માનસિક હાલત કેવી થઈ જાય છે એ નોંધવા માટે સ્વયંસંચાલિત યંત્રો ગોઠવવામાં આવ્યાં હતાં, જેમાં કૅમેરા, ટેપરેકોર્ડર વગેરેનો સમાવેશ થતો હતો.

બલૂન આખરે ટ્રોપોસ્ફીઅર[1]ની બહાર નીકળ્યું. મેજરે નીચે ઊભી રહેલી ગાડીને રેડિયો-સંદેશ દ્વારા ગોંડોલામાંનું દબાણ, બલૂનની ઊંચાઇનું માપ, ઑક્સિજનનું દબાણ, ઉષ્ણતામાન તથા શ્વાસોચ્છ્વાસથી ગોંડોલામાં ઉત્પન્ન થએલા કાર્બન ડાયોક્સાઇડની માહિતી આપી.

મેજરની છાતી જોડે લગાડવામાં આવેલું ટ્રાન્સમીટર બિપ બિપનાં અવાજમાં તેના હૃદયના ધબકારા નીચે મોકલતું હતું. તેમજ શ્વાસોચ્છ્વાસની માહિતી પણ રેડિયો-સંદેશ દ્વારા પૃથ્વી પર પહોંચી જતી. આટલી ઊંચાઇએ અંતરીક્ષકિરણોની અસર જીવંત વ્યક્તિના શરીર પર કેવી થાય છે તે જાણવા મેજરની છાતી પર ફોટોગ્રાફિક પ્લેટ લગાડવામાં આવી હતી. ટૂંકમાં ગોંડોલા એક ઊડતી પ્રયોગશાળા હતી.

બલૂન હજી ઉપર ને ઉપર ચઢતું હતું. નીચે પૃથ્વી પરથી રડાર વડે તેની ઊંચાઈનું માપ કાઢવામાં આવતું હતું. રડારની ગણતરી ૧૦૨,૦૦૦ ફૂટ (લગભગ ૧૯ માઇલ) બતાવતી હતી. આટલી ઊંચાઈ પર હજી સુધી કોઈ માનવી[2] પહોંચ્યો નહોતો.


મેજરે કાચની બારીથી પૃથ્વી પર નજર નાખી. આટલી ઊંચાઇએથી ૪૦૦ માઈલનો વિસ્તાર (લગભગ ૫૦ લાખ વર્ગ માઈલનો વિસ્તાર) તેની દૃષ્ટિમાં સમાયો. તેણે ઉપર નજર કરી. ઘનઘોર કાળા આકાશમાં ભૂરા રંગની છાયા પાડતા પટ્ટાઓ નજરે પડ્યા. જેની વૈજ્ઞાનિકોએ ફક્ત ધારણા જ કરી હતી. પશ્ચિમ તરફ નજર ફેરવી તો નીચેના એક વિસ્તાર પર વાદળાનો ઢગ છવાયો હતો, જેની હાજરીનો વાયુચક્ર ખાતાએ નિર્દેશ પણ નહોતો કર્યો.

મેજર પોતાના કાર્યમાં ગૂંથાએલો હતો, પરંતુ નીચે ઊભી રહેલી ગાડીમાં બેઠેલો ઑટો વિન્ઝેન ગૂંચવાઇ ગયો હતો. રેડિયોસંદેશ-વ્યવહારની ખામીને પરિણામે મેજરની નાડીના ધબકારા તેમજ શ્વાસોચ્છ્વાસની માહિતી મળતી નહોતી! રેડિયોસંદેશ-વ્યવહાર વડે જ બલૂનની અવકાશમાંની સ્થિતિ નક્કી કરવામાં આવતી હતી. પરંતુ એમાં બગાડો થતાં મુશ્કેલી ઊભી થઈ હતી. રાત્રિ દરમ્યાન જો હવા-

---

૧ પૃથ્વીના વાતાવરણના ચાર ભાગ પાડવામાં આવ્યા છે. (૧) ટ્રોપોસ્ફીઅર (૨) સ્ટ્રેટોસ્ફીઅર (૩) આયોનોસ્ફીઅર અને (૪) એક્ઝોસ્ફીઅર. ટ્રોપોસ્ફીઅર ૧૦ માઇલ સુધી પહોંચે છે. આ વિભાગમાં પૃથ્વીના વાતાવરણનો પંચોતેર ટકા ભાગ આવી જાય છે. સરખાવો: એવરેસ્ટની ઊંચાઈ ૫ માઈલ (૨૯,૦૦૨ ફૂટ).

૨ રશિયાના બીજા સ્પુટનિકમાં 'લાયકા' ૧૦૬૨ માઈલ ઊંચે પહોંચેલી.



મેજર સિમસન ૧,૦૨,૦૦૦ ફૂટ એટલે કે લગભગ ૧૯ માઈલની ઊંચાઈએ પહોંચ્યા પહેલાં માણસજાતે પૃથ્વીની આસપાસ વીંટળાએલા વાતાવરણને ભેદવામાં વિવિધ સાધનો વડે કેટકેટલી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તે આ લેખમાં દર્શાવ્યું છે. પૃથ્વીની સપાટીથી ૧૦,૦૦૦થી ૧૮,૦૦૦ માઈલ ઊંચે સુધી વિસ્તરેલા આ આવરણના નીચેથી ઉપર જતાં ક્રમે ટ્રોપોસ્ફીઅર, સ્ટ્રેટોસ્ફીઅર, આયોનોસ્ફીઅર અને એક્ઝોસ્ફીઅરના નામે ઓળખાવામાં આવે છે. રશિયાની કૂતરી 'લાયકા' માણસે હાંસલ કરેલી ઊંચાઈ કરતાં યે અનેકગણી વધુ દૂર—૧,૦૯૨ માઈલ જઈ શકી છે, પણ એ ત્યાં થોડો વખત રહી મૃત્યુ પામેલી.

માન બગડે તો બલૂનની ભાળ મેળવવી અશક્ય થઇ જાય એમ હતું. આ મુશ્કેલીનો મેજરને રજમાત્ર પણ ખયાલ નહોતો. વધારામાં રડાર તેમજ હાઈફ્રીકવન્સી રેડિયો પણ કામ નહોતાં કરતાં! વિન્ઝેન વિચારી રહ્યો: શું કરવું? તેણે વિમાની દળના વડા કર્નલ સ્ટેપ સાથે ચર્ચા કરી. થોડી વાર બાદ કર્નલ સ્ટેપનો અવાજ ગોંડોલામાં કાર્ય કરી રહેલા મેજરને સંભળાયો: 'મેજર સિમસન, હું કર્નલ સ્ટેપ છું. તમારી સાથે સંદેશવ્યવહાર જાળવવામાં મુશ્કેલી ઊભી થઈ છે. રાત્રિ જેમજેમ વધતી જશે તેમતેમ મુશ્કેલીમાં વધારો થતો જશે. સંભવ છે કે પૃથ્વીથી ૧૯ માઇલ ઊંચે તમે સાવ એકલા અને અટૂલા પડી જાઓ. જો તમારી ઇચ્છા હોય તો બલૂનને નીચે લઇ આવો. બોલો, તમારી શી ઇચ્છા છે?' થોડી વાર વિચાર કર્યા બાદ મેજરે દઢતાપૂર્વક ઉત્તર આપ્યો: 'કર્નલ સ્ટેપ, તમારા સૂચન બદલ આભાર. બલૂન ભલે એકલું પડી જાય. પરંતુ લાખોને ખર્ચે અને વર્ષોની મહેનત બાદ અમલમાં મૂકાએલી આ યોજનાને છેક છેલ્લી ઘડીએ નિષ્ફળ બનાવવાનો મારો ઇરાદો નથી. ભલે મારું જે થવાનું હોય તે થાય.' આ સાંભળીને કર્નલ સ્ટેપને કંઈ કહેવા જેવું રહ્યું જ નહિ. તેણે રેડિયો બંધ કરી દીધો.

મેજરે બારીમાંથી બહાર નજર કરી. પશ્ચિમમાં સૂર્ય ક્ષિતિજની નીચે ઢળતો હતો. ગોંડોલામાં પુરાઇ રહે તેને લગભગ ઓગણીસ કલાક, અને અવકાશમાં લગભગ દસ કલાક થયા હતા. આટલી ઊંચાઇએ સૂર્યાસ્તનાં દર્શન કરનાર તે પ્રથમ માનવી હતો. સૂરજની ઉપર, રજકણ રહિત સ્વચ્છ આકાશમાં ભૂરા રંગની ચમકતી પટ્ટી ને ઉપર કાળી શાહી જેવો પટ પથરાએલો હતો, ને એમાં તેજસ્વી તારલાઓ ચમકતા હતા!

મેજરે ટેલેસ્કોપ વડે તારલાઓને નિહાળ્યા. તેમનો પ્રકાશ અત્યંત સ્થિર હતો. પૃથ્વી પર તારલાઓ ટમટમતા દેખાય છે તેમ અહીં નહોતા દેખાતા, કારણ કે તારાઓનો પ્રકાશ વાતાવરણમાંથી પસાર થયા વગર આવતો હતો. મેજરે ટેલેસ્કોપને પૃથ્વીના ક્ષિતિજની પેલે પાર અદશ્ય થઈ રહેલા શુક્રતારક તરફ ફેરવ્યું ને હરેક ક્ષણે પીળા, લીલા અને લાલ રંગોમાં ફેરવાઈ રહેલા એ ગ્રહનું સૌંદર્યપાન જ્યાં સુધી તે અદશ્ય થઈ ન ગયો ત્યાં સુધી તેણે કર્યા કર્યું.

રાત્રિનો અંધકાર પૃથ્વીને ઘેરી વળ્યો. સમય ખૂબ ધીમે પસાર થતો હતો. દસ વાગ્યા...સાડા દસ થયા...અગિયાર વાગ્યા...માંડ માંડ મધ્યરાત્રિનો સમય થયો. ગોંડોલા ઠંડો થવા લાગ્યો. મેજરને આખા દિવસની મહેનતનો થાક વર્તાયો, તેમજ ન સમજાય એવી માનસિક મૂંઝવણ થવા લાગી. કલાકોના એકાંતવાસની તેના મન પર અસર થઈ રહી હતી. તેણે રેડિયો-સંદેશ દ્વારા માહિતીઓ નીચે મોકલી. થોડી વાર બાદ કર્નલ સ્ટેપનો અવાજ સંભળાયો: 'મેજર સિમસન, તમે કંઈ ખાધું કે? તમારો અવાજ નબળો લાગે છે. તમે થોડા કૅન્ડીબાર ખાઓ.' કર્નલ સ્ટેપે કહ્યું ત્યારે જ મેજરને ખયાલ આવ્યો કે તેણે બલૂન ઊડતાં પહેલાં ખાધું હતું તે જ. ત્યાર પછી તો સતત કામમાં ગૂંથાએલા રહેવાથી તે ખાવાનું જ ભૂલી ગયો હતો! તેણે બે 'કૅન્ડીબાર' ખાધા.

ઠંડી વધી રહી હતી. બલૂનમાંનો ગૅસ સંકોચાવાથી તે નીચે ઊતરવા લાગ્યું. ૮૪,૦૦૦ ફૂટ પર થોડી વાર સ્થિર થયું. વધુ ઉતરાણ રોકવા માટે મેજરે થોડો સામાન બહાર ફેંકી દીધો. છતાં પણ બલૂન નીચે ઊતરતું જ રહ્યું. મેજરે ઉષ્ણતામાન જોયું. થર્મોમિટરનો પારો ૧ અંશ સેન્ટિગ્રેડ પર સ્થિર થયો હતો. ઠંડીથી બચવા માટે મેજરે 'થર્મલ સૂટ' પહેર્યો. જે કાર્ય પૃથ્વી પર પાંચ મિનિટમાં થાય તેને માટે તેને પૂરી પચ્ચીસ મિનિટ લાગી. ઊંચાઈની અસર તેના મન પર થઈ હતી!

પરોઢિયે ચાર વાગ્યે નીચે (કારણ કે બલૂન ઉપર હતું) ગાજવીજ સાથે તોફાન શરૂ થયું, જે ધીરેધીરે ૬૮,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી પહોંચ્યું. વાયુચક્રશાસ્ત્રીઓ માટે આ એક આશ્ચર્યજનક હકીકત હતી, કારણ કે અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે વાદળાંઓ ૫૫,૦૦૦ ફૂટ કરતાં વધુ ઊંચાઇએ નથી પહોંચતાં. વીજળીઓ ઝબૂકતી હતી. મેજરને બીક લાગી કે ચારે બાજુ ઝબૂકતી વીજળી રખે ગોંડોલાના એરિયલમાં થઇને અંદર આવી જાય! એક વખત વીજળીનો એક

નાનકડો તણખો પ્રાણવાયુથી ભરપૂર ગોંડોલામાં પ્રવેશે એટલે સર્વનાશ સિવાય બીજું કશું પરિણામ ન આવે એની મેજરને બરોબર જાણ હતી. તેનું દિલ ધડકી ઊઠયું. તેણે બલૂનને હલકું કરવા માટે ૫૦ રતલની બૅટરીઓ નીચે પધરાવી દીધી. નસીબજોગે બલૂન તોફાનની ઉપર જ રહ્યું!

મેજરની આંખો ઘેરાઈ રહી હતી. તેણે છેલ્લામાં છેલ્લી માહિતીઓ મોકલીને લંબાવ્યું. જ્યારે તે જાગ્યો ત્યારે દૂર પૂર્વમાં લાલ પ્રકાશ છવાઈ ગયો હતો. થોડીવાર બાદ બાલરવિનાં દર્શન થયાં. સૂર્યાસ્ત જેટલું જ સુંદર એ દશ્ય હતું. બલૂન તે વખતે ૭૬,૦૦૦ ફૂટ પર હતું. સૂર્યનાં કિરણો તેના પર પડવાથી તેમાંનો વાયુ ફૂલ્યો અને તે ધીરેધીરે ૯૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચ્યું! ઘડિયાળના કાંટા આઠ પર આવ્યા. મેજરને અવકાશમાં બરોબર વીસ કલાક પૂરા થયા હતા.

લગભગ દસ વાગે, નીચે ચારે તરફ પથરાએલા વાદળના ઢગમાંથી પૃથ્વી પર વહેતી એક નદીનાં દર્શન થયાં. મેજર કંટાળી ગયો હતો. માંડ માંડ ઊભા થઈ શકાય–ફરી શકાય એટલા નાનકડા ગોળામાં તેણે પાંત્રીસ કલાકથી વધુ સમય વિતાવ્યો હતો. તેણે વાદળોની વચમાં થઈને નીચે ઊતરવાનો વિચાર કર્યો. તેણે ઑટો વિન્ઝેન પર સંદેશો મોકલ્યો. વિન્ઝેને કહ્યું: 'મેજર, તમારું સૂચન ભયકારક છે. વાદળની વચમાંથી નીચે ઊતરવા જતાં તમે કલાકના ૫૦ માઈલની ઝડપે ફૂંકાતા પવનમાં ઝડપાઈ જશો. ફક્ત ૦.૦૦૧૫ ઈંચની જાડાઈ ધરાવતી તમારા બલૂનની દિવાલ આ માર સહન નહિ કરી શકે. માટે જોખમ ન લેશો.

પોણા અગિયારે મેજરે ફરી સંદેશો મોકલ્યો. નીચે ઊભી રહેલી ગાડીએ તે ઝડપ્યો. ઝીલનારને લાગ્યું કે મેજરની બોલવાની ઝડપ, તેની મૂળ ઝડપ કરતાં લગભગ ચોથા ભાગની થઈ ગઈ છે. તેણે કર્નલ સ્ટેપને જણાવ્યું. કર્નલે માઇક્રોફોન હાથમાં લીધું ને કહ્યું: 'મેજર સિમસન, ગોંડોલામા કાર્બન ડાયૉકસાઈડનું પ્રમાણ કેટલું છે તે તપાસી જુઓ.' મેજરે જોયું કે પ્રમાણ ૪ ટકા જેટલું હતું. સામાન્યરીતે ૩ ટકા જેટલું પ્રમાણ જોઇએ. વધારાનો કાર્બન ડાયૉક્સાઈડ મેજરને અસર કરી રહ્યો હતો.


રાત્રિ દરમ્યાન જ્યારે ઉષ્મતામાન ૧ અંશ સેન્ટિગ્રેડ પર પહોંચી ગયું હતું ત્યારે કાર્બન ડાયૉકસાઈડ ચૂસવા માટે રાખવામાં આવેલાં રસાયણો પર ઠંડીની અસર થઈ હતી. મેજરે 'ઑક્સિજન માસ્ક' લગાવ્યો. પંદર મિનિટ બાદ સૂર્યની ગરમીને લીધે રસાયણોની શક્તિ પાછી આવી અને ૨ ટકા જેટલો કાર્બન ડાયૉકસાઈડ ચુસાઈ ગયો. પરંતુ મેજરના શ્વાસોચ્છ્વાસને કારણે ફરી પ્રમાણમાં વધારો થયો.

બલૂન હજી ઉપર જતું હતું. મેજરે બલૂનમાંનો ગૅસ ઓછો કર્યો પરંતુ કંઈ ન વળ્યું. બૅટરી પણ ખલાસ થવા આવી હતી. મેજરે ગોંડોલાને ઠંડો રાખતું યંત્ર બંધ કર્યું. સૂર્યનાં કિરણોએ ગોંડોલાને ગરમ કરી નાખ્યો. ઉષ્ણતામાન ૨૯ અંશ સેન્ટીગ્રેડ પર પહોંચ્યું. વધારાનો કાર્બન ડાયૉકસાઈડ અને ઊંચુ ઉષ્ણતામાન મેજરને અકળાવી રહ્યાં.

બલૂન હજી ઉપર જતું હતું. મેજર ગરમીથી મૂંઝાતો હતો. નીચે ઑટો ગૂંચવાયો હતો. તેણે મેજરને બલૂનમાંથી ગૅસ ઓછો કરવાનું કહ્યું કે જેથી તે નીચે આવતાં, ઠંડી હવાના ઝોલાથી ગોંડોલા ઠંડો થાય. પરંતુ બલૂને મચક ન આપી. મેજરનું દિલ ધડકી ઊઠયું બલૂન ૯૫,૦૦૦ ફૂટ પર પહોંચ્યું. મેજર વિચારી રહ્યો: શું તે પૃથ્વી પર પાછો પહોંચી નહિ શકે? શું તેનું મૃત્યુ અવકાશમાં નિમાર્યું છે? બલૂનને એક આંચકો લાગ્યો. તે થોડું નીચે ઊતર્યું. ફરી પાછું ઉપર ચડયું. પૂરા બે કલાક સુધી બલૂને ઉપર નીચે...ઉપર નીચેની રમત કરી. મેજર કંટાળ્યો. થાકીને તેણે પ્રયત્નો પડતા મૂકયા. આ ઉપર નીચેની રમતનું કારણ હજી તે શોધી નહોતો શકયો. નીચે સૌ આતુરતાપૂર્વક તેની રાહ જોતાં હતાં.

બપોરના બે વાગ્યા. બલૂન સ્થિર હતું. અચાનક એક આંચકો લાગ્યો અને બલૂન નીચે ઊતરવા લાગ્યું, ને ૮૯,૦૦૦ ફૂટની ઊંચાઈએ દ્વિધામાં સુકાઈ ગએલા મેજરે સંતોષનો એક શ્વાસ લીધો. બલૂન નીચે ઊતરતું રહ્યું. સાંજના પાંચ વાગે... બરોબર બત્રીસ કલાક બાદ, મેજર અવકાશમાંથી પૃથ્વી પર ઊતર્યો. ઝડપથી ફૂંકાતા પવનમાં બલૂન ખેંચાયું... પાછળ ગોંડોલા તણાયો. મેજર ગોંડોલાનું બારણું ઉઘાડીને એકદમ બહાર કૂદી પડયો. એક હેલિકૉપ્ટર ઝડપથી બલૂન તરફ ધસી રહ્યું હતું. મેજરે આકાશ તરફ નજર નાખી. તે અવકાશની પગથાર સુધી જઈ આવ્યો હતો. કોઈએ કદી પણ ન કર્યું હોય એવું સાહસ તેણે કર્યું હતું. વિચારમાં પડેલા મેજર સાથે હેલિકૉપ્ટરમાંથી ઊતરેલા વિન્ઝેને હાથ મિલાવતાં કહ્યું, 'મેજર, અભિનંદન.' ને મેજરે માત્ર સ્મિત વેર્યું.

બાહ્યાવરણમાં શરીરની ક્રિયા-પ્રક્રિયાના સમતોલન માટે આ ખાસ પોશાકની યોજના કરાઈ છે.





ટિકિટસંગ્રહ

ટિકિટો પર વિવિધ જાતના કૂતરાઓ


(મોકલનાર: રૂસી નોગામા–જોહાનિસબર્ગ)

જગતના દેશોએ કૂતરાઓની જે ટિકિટો બહાર પાડી છે તેમાં ઑર વધારો કરતા બે સમૂહ ઈ. ૧૯૫૬માં હંગેરીએ (૮) અને સાન મારીનોએ (૫) બહાર પાડેલા તે તેરે ટિકિટ આ ઉપર આપી છે. તેમાં કૂતરાઓની જે વિવિધ જાતો આપી છે તે એ પ્રાણીના શૉખીનોને ઘણી રસદાયક થઈ પડશે. સાન મારીનોની ટિકિટો ઉપર તો તેનાં નામ પણ આપ્યાં છે. અનુક્રમે: પૉઈન્ટર (લૅાકડી વગેરેના શિકાર માટેનો; ગંધ પકડીને શિકાર પાછળ પડવાની શક્તિ માટે તે જાણીતો છે અને શિકારની ગંધ આવે ત્યારે નાક તથા પૂંછડી સામસામી દિશામાં અક્કડ થઈ જતાં હોઈ તેનું 'પૉઈન્ટર' નામ પડ્યું છે. એ વખતે તે આગલો એક પગ ઊંચો રાખે છે તે એની ખાસિયત છે.) રશિયન લેવ્રીએર; ભરવાડી; ઇંગ્લિશ લેવ્રીએર–ગ્રેહાઉન્ડ; અને બૉક્સર: બુલડૉગ જેવો. મથાળાની હંગેરીની ટિકિટ ઉપર પણ પહેલો ફૉક્સ ટેરીઅર, બીજો તથા સાતમો ભરવાડી (ઘેટાંના રક્ષણ માટેનો), ચોથો પૉઈન્ટર અને બાકી વાળવાળા પાલતુ કૂતરા છે.

આંખના કેટલાક રોગ

માંદગીનાં મૂળ-૪૩

લેખક : ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



બહારની દુનિયાનું જ્ઞાન આપનારી જ્ઞાનેન્દ્રિયોમાં આંખનું સ્થાન આગવું છે. બાકીની ચારે ય જ્ઞાનેન્દ્રિયો સિવાય જીવન નિભાવી શકાય, પણ આ જ્ઞાનેન્દ્રિય વિના જીવન અકારું પરાધીન અને મૃત્યુ-તુલ્ય થઈ પડે છે.

ગર્ભજીવનના ચોથા કે પાંચમા અઠવાડિયામાં જ્ઞાનતંત્રમાંથી નેત્રપટ ને નેત્રતંતુ, તથા ચામડીમાંથી નેત્રમણિ કોર્નિયા અને આંખના આવરણનાં પડો પેદા થાય છે. ગર્ભાવસ્થાના છઠ્ઠાથી નવમા અઠવાડિયાની અંદર માથાની બાજુએ રહેલી આંખો આગળ આવી જાય છે અને મગજના મોટા ને મહત્ત્વના ભાગો સાથે જોડાય છે. સાતમા માસે જન્મેલું બાળક પ્રકાશ અને અંધારું પારખી શકે છે. પહેલા વર્ષના અંતે કદ ને દિશાનું ભાન થાય છે, પણ બીજા કે ત્રીજા વર્ષની ઉંમર સુધી રંગો પારખી શકાતા નથી. કેટલાક માણસો જીવનભર રંગ-અંધ પણ હોય છે.

એ તો જાણીતી હકીકત છે કે આંખો પોતે કશું જોતી નથી પણ જુએ છે તો મગજ. આંખો તો માત્ર જોવાનું એક સાધન છે, જેમાં પ્રકાશનાં ઇલેક્ટ્રો-મૅગ્નેટિક મોજાં એવા રૂપમાં બદલાઈ જાય છે કે જેથી મગજના પાછલા ભાગમાં આવેલું દષ્ટિકેન્દ્ર ઉત્તેજાય છે અને અમુક સંવેદનાઓ પેદા થાય છે. આમાંથી મગજ આપણે જેને 'દૃશ્ય' તરીકે ઓળખીએ છીએ એની છાપો ઉપજાવે છે.

આંખ ગોળ દડા જેવી છે. એમાં વચ્ચે પડદો હોવાથી આગળ નાનો અને પાછળ મોટો એવા બે ભાગ પડે છે. આગલા ભાગમાં નેત્રમણિ (lens) આવેલો છે. નેત્રમણિ વિપુલદર્શક કાચ જેવો છે, પણ તે તેની ગોળાઈ બદલવાની શક્તિ ધરાવે છે. એની સાથે સંકોચ પામે એવો આઇરિસ નામે પડદો છે. નેત્રમણિ અને આઇરિસના રક્ષણ માટે એમની આગળ કોર્નિયા નામનું એક પારદર્શક ઢાંકણ છે. આંખના આગલા ભાગમાં એક્વીઅસ હ્યુમર નામે પ્રવાહી અને પાછલા ભાગમાં વિટ્રીઅસ હ્યુમર નામે ઘટ્ટ પ્રવાહી (jelly) આવેલું છે, જેને લીધે આંખના ડોળાનો ઘાટ જળવાય છે. કોર્નિયા, નેત્રમણિ, એક્વીઅસ હ્યુમર ને વિટ્રીઅસમાંથી પસાર થઈ પ્રકાશનાં કિરણો આંખના ડોળામાં છેવાડે આવેલા નેત્રપટ (retina) ઉપર પડે છે. નેત્રપટમાંથી પેદા થએલા રાસાયણિક ફેરફારોથી ઉદ્‌ભવેલા સૂક્ષ્મ વિદ્યુત્ પ્રવાહો તેને મગજના દૃષ્ટિકેન્દ્રમાં લઈ જાય છે, જ્યાં દૃશ્યની છાપ અને સમજ પેદા થાય છે.

આંખની રચનામાં આવેલા અવયવોમાં રોગ, કોઈ ઈજા થવાથી કે પૂરતા પોષણના અભાવે થઈ આવે છે. આંખના થોડાક રોગો જે રોગી પોતે અને બીજા સહેજે જોઈ શકે છે તે અહીં વર્ણવ્યા છે.

આંજણી : આંખની પાંપણોમાં આવેલી ગ્રંથિઓમાં રોગજીવાણુઓનો હુમલો થતાં સોજો આવી ફોલ્લી થઈ આવે એ આંજણી (stye) છે. ફોલ્લી પાક ઉપર ચડતાં વેદના, કળતર અને સોજો થઈ આવે છે. આંજણી કોઈ પણ ઉંમરે થઇ આવે છે. એ થવાના કારણરૂપ જીર્ણ બંધકોશ, શારીરિક નબળાઈ ને આંખની દૃષ્ટિશક્તિમાં ખામી છે.

પોપચાં પર બૉરિક ઍસિડ કે મૅગ સલ્ફ નાખેલા ગરમ પાણીનો શેક કરવો, મર્ક્યુરોક્રોમનાં ટીપાં નાંખવાં અને પેનિસિલિનનો આંખનો મલમ આંજવો.

આંખની પાંપણો ખરી પડવી : ગંદાં રહેતાં બાળકોની પાંપણોમાં જૂ પડવાથી કે ફૂગનો ચેપ લાગવાથી નાની ફોડકીઓ થઈ આવે છે. એમાંથી પીળું પ્રવાહી ઝમે છે ને એથી પાંપણો ચોંટી જાય છે. આંખમાં ચૂંટ આવે છે અને પાણી ગળે છે. ઝીણવટભરી રીતે જોતાં પાંપણોના મૂળમાં જૂ કે તેનાં ધોળાં ઇંડાં દેખાય છે. જો ફૂગની દરકાર રાખવામાં ન આવે તો પાંપણોના મૂળનો નાશ થઈ ફરી વાળ ઊગતા નથી.

આમાં પણ બૉરિક કે મૅગ સલ્ફનો શેક કરવો. નાઇટ્રેટ ઑવ મર્ક્યુરીનો મલમ પાંપણોની ધાર ઉપર ઘસવો.

નાસુર (Dærocystitis) : આંખના ઉપલા પોપચાના નાક ભણીના છેડે અશ્રુગ્રંથિ આવેલી છે. એનો સ્રાવ નલિકા દ્વારા નાકમાં જાય છે. નલિકાનું છિદ્ર આંખના નાક ભણીના છેડે આવેલું હોય છે.

આ છિદ્ર કચરાને લીધે, પાંપણના વાળથી, ફૂગથી કે પોપચાના ઘાને લીધે બંધ થઈ જાય છે. કોઈકને કદીક જન્મથી આ છિદ્ર નથી હોતાં. આમ થતાં અશ્રુ નાકમાં જતાં બંધ થવાથી આંખના અંદરના ખૂણે એકઠાં થાય છે, જે ન લૂછવાથી ગાલ ઉપર ટપકે છે.

ઠંડી હવા કે અંધારા પછી તેજસ્વી પ્રકાશની ઉત્તેજનાને લીધે નલિકા કામચલાઉ બંધ થાય છે. વીણવાનું કે એવું ઝીણું કામ કરવાથી આંખની શક્તિ ઘટવાથી અને ભરાવો થવાથી કોક વાર છિદ્ર બંધ થાય છે. ઉપરના રાક્ષસી દાંતના મૂળમાં સોજો આવતાં તેના ઉપર આવેલી અશ્રુનલિકામાં સોજો થઈ આવે છે. વૃદ્ધાવસ્થામાં નીચલું પોપચું ઢીલું બની ઢળતું બનવાથી છિદ્ર ખુલ્લું પડતાં ઠંડી હવાની અસર નીચે એમાં ભરાવો થઈ આવે છે. નલિકાનું છિદ્ર સૂજેલું, બંધ અને રાતું બનેલું દેખાય છે. થોડી વેદના સાથે આંખનો અંદરનો ખૂણો આળો બને છે.

છિદ્રને બદલે નલિકાના અંદરના ભાગમાં અંતરાય થતાં નલિકામાં સોજો આવે છે અને આંખના અંદરના ખૂણા નીચે સોજો આવે છે. આંખ ઉપર આંસુ પડવાથી ચામડી ઉપર દાહ ઊપજે છે અને છેવટે તરડાય છે.

શરૂઆતમાં આંખના ખૂણા ઉપર બૉરિકનો શેક કરવો. સોજો ઉતારવા બેલેડોનાની પટ્ટી મારવી. આરામ ન થાય તો આંખના નિષ્ણાત દાક્તરની સલાહ લેવી.

આંખો આવવી : આંખો અને પોપચાં ઉપર આંતરત્વચાનું પડ આવેલું છે તેને કંજંક્ટાઇવા કહેવામાં આવે છે. આમાં સોજો આવે તેને આંખો આવવી (conjunctivitis) કહેવામાં આવે છે.

રોગના હળવા પ્રકારમાં આંખના ધોળા ભાગની સપાટીથી સોજો આગળ વધતો નથી. ઉગ્ર પ્રકારમાં આંખો લાલચોળ બને છે. આંખોમાં રેતી કે કાંકરી પડી હોય એવું ખૂંચે છે. પ્રકાશ જોઈ શકાતો નથી. આંખમાં પાણી ભરાય છે. બાળકો આંખો બંધ રાખે છે. શિરોવેદના સાથે શરીરમાં હળવો તાવ ભરાય છે. આંખમાંથી સ્રાવ (discharge) થાય છે. શરૂમાં પાતળો, પછી જાડો ધોળો અને પીળો સ્રાવ હોય છે. ઊંઘમાં પોપચાંની ધાર ઉપર સ્રાવ એકઠો થઈ સુકાય છે જેથી પાંપણો ચોંટી જાય છે. પહેલી એક આંખ આવે છે ને પૂરતી દરકાર રાખવામાં ન આવે તો બીજી પણ આવે છે; કદીક બંને આંખો સાથે પણ દુખવા આવે છે.

કારણો : ધૂળ સાથે ઊડી આવેલાં સેફ્લિોકૉક્સ જીવાણુઓનો ચેપ લાગવાથી આંખો દુખવા આવે છે. આ રોગ ચેપી હોવાથી એકીસામટાં ઘણાં બાળકોને આ પીડા થઇ આવે છે. ચેપ ફેલાવનાર ઘરમાખી છે. માખીના ઉછેરને સમયે (ચોમાસાની શરૂઆતમાં) ગીચ વસતિમાં રહેતાં ગરીબ વસતિનાં બાળકોમાં આંખ આવવી બહુ સામાન્ય છે. નબળી તબિયતવાળા મોટા માણસો પણ આના ભોગ બને છે. રોગીનાં ટુવાલ અને હાથરૂમાલ બીજાની આંખે લાગતાં ચેપ ફેલાય છે; અગર તો ઘરનું બેદરકાર માણસ, આવેલી આંખે અડકેલા હાથ ધોયા વગર બીજાં છોકરાંની કે પોતાની આંખે અડકાડતાં આંખ આવ્યા વિના રહેતી નથી. કદીક દુખતી આંખવાળો રોગી પ્રવાહી લીંટ ફેંકી દેવા જોસથી નાક નસકારતાં ચેપના જીવાણુઓ હવામાં ફેલાવો પામી સાજા માણસની આંખ આણવામાં કારણ રૂપ બને છે.

બહારની વસ્તુ પડવાથી, ઝીણું કામ કરતી વખતે આંખને ત્રાસ પડવાથી, ધુમાડા ને વાયુના દાહથી તથા જંતુઓના ઉપદ્રવથી આંખો આવે છે. તાત્કાલિક ઉપચાર કરવાથી વહેલો આરામ થાય છે. જો પરુ થતાં લગી બેસી રહેવામાં આવે તો ઉગ્ર પ્રકારની જેમ આ સ્થિતિ પણ ચેપી બને છે. રોગીના વપરાએલા ટુવાલ, સાબુ ને હાથરૂમાલ બીજાના વપરાશમાં જતાં ચેપનો ફેલાવો થાય છે.

પોપચાના સોજા માટે બૉરિક કે ખસખસનાં ડોડવાંનો શેક કરવો. જો ગરમ શેક સહન ન થઇ શકે તો ફટકડી નાખેલા ઠંડા પાણીનો શેક કરવો. બંધકોશ હોય તો જુલાબ લઈ લેવો. મર્ક્યુરોક્રોમ કે સલ્ફેસેક્ટેમાઈટનાં ટીપાં દિવસમાં ત્રણચાર વખત આંખમાં મૂકવાં. પોપચાં ચોંટી ન જાય તે માટે રાતના બૉરિક કે પેનિસિલિનનો મલમ આંજવો.

ખીલ (Trachoma): આંખનાં પોપચાંની અંદરની બાજુએ સાબુદાણા જેવા આકારના ખીલ થઈ આવે છે. આ ખીલ ખરબચડા હોઈ આંખના ડોળા ઉપર ઘસાવાથી દાહ ઉપજાવે છે.

આ વિષાણુઓથી થતો ચેપી રોગ છે. ગંદા હાથ, ગંદા ટુવાલો ને હાથરૂમાલ દ્વારા તે ફેલાય છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ તેના ભોગ બને છે. સુરમો લગાડવાની સળી દ્વારા પણ ચેપ ફેલાય છે. આખા પશ્ચિમ એશિયામાં ઘણા લોકો તે દ્વારા જ ચેપના ભોગ બને છે.

માણસ જાતને પીડતા જૂનામાં જૂના આ રોગનું વર્ણન ઈ. પૂર્વે ૨૭૬૯ સાલના એબર્સ પેપીરસ નામના અતિ પ્રાચીન વૈદક ગ્રંથમાં જોવા મળે છે. એ સમયના ઉત્ખાત અવશેષોમાં મોરથૂથાની સળીઓ મળી આવે છે. આ દવા આજ સુધી ખીલ માટે વપરાતી આવી છે.

ઉત્તર પ્રદેશ, રજપૂતાના અને પંજાબમાં ખીલનું પ્રમાણ અતિશય છે. ઉત્તર પ્રદેશનાં ગામડાંમાં દર દસ બાળકે ચાર બાળક ખીલથી પીડાય છે. સાતથી પંદર વર્ષની વયના દસમાંથી આઠ જણ ને પંદર વર્ષથી ઉપરના દસમાંથી આઠ કરતાં વધારે માણસો ખીલના ચેપવાળા માલૂમ પડયા છે. દુનિયાભરમાં બાળકો ખીલના ભોગ થઈ પડે છે. ઇન્ડિયન કાઉન્સિલ ઑવ મેડિકલ રીચર્સના ડિરેક્ટર ડૉ. પંડિત ખીલને હિંદમાં અંધાપાના એક મોટા કારણ તરીકે ઓળખાવે છે. તો વિશ્વ-આરોગ્ય-સંસ્થા ખીલને 'ઇજિપ્તનાં બાળકોને માટે શાપ' રૂપ કહે છે. ત્યાં વસતિનો એંસી ટકા ભાગ આ રોગથી પીડાય છે ને ફેલાહિન જાતિનું તો દરેક બાળક જિંદગીના પહેલા વર્ષમાં જ આ રોગનું ભોગ બને છે. પૂર્વ, દૂરપૂર્વ, દક્ષિણ અમેરિકા, એશિયા, મધ્ય ને પૂર્વ યુરોપમાં મળી આ રોગના ચાર અબજ રોગીઓ હોવાનું અનુમાનવામાં આવે છે.

આંખોના બે ચેપી રોગો (આંખો દુખવા આવવી અને ખીલ) થવાના કારણરૂપ ચોખ્ખાઈની સાદી બાબતોના લોકોના અજ્ઞાન-ઉપરાંત ગીચ વસતિ, ઢોર અને માણસોની મળત્યાગ વગે કરવા વિષેની બેકાળજી, અને આના અંગે થતો ઘરમાખીની વસતિનો વધારો છે. ચેપી રોગોની નાબૂદી માટે દવાઓની સગવડ ઉપરાંત ચેપી રોગના નિવારણનાં પગલાં પણ લેવાવાં જોઈએ. સાથે વસતિની આજુબાજુની ચોખ્ખાઈ, શુદ્ધ પાણીનો પુરવઠો, સપ્રમાણ ખોરાકની સુવિધા ને જનતાને આરોગ્યના સાદા જ્ઞાનની અત્યંત જરૂર છે.

ઍન્ટિબાયોટિક દવાઓની શોધથી ખીલ સાધ્ય રોગ બન્યો છે. રોગની શરૂઆતમાં સલ્ફાઔષધિનાં ટીપાં કે ટેરામાઈસીન મલમ વતી ઉપચાર કરવામા આવે તો આઠદસ દિવસમાં આરામ થાય છે. રોગ આગળ વધીને પેનસ કે ફૂલ પડવાની સ્થિતિ ઊભી થઈ હોય તો પણ આ દવાઓથી મટે છે. જીર્ણ ટ્રેકોમા માટે શસ્ત્રક્રિયા અને ક્લોરામ્ફીનેકોલ કે ટેરામાઈસીન દવાઓ ઘણી ઉપયોગી નીવડે છે.

આંખમાં ફૂલું પડવું : (Ulcer of the cornea) આંખો દુખવા આવતી વખતે અને ખીલ વખતે બેદરકારી રાખવાથી આંખની મધ્યમાં આવેલા પારદર્શક પડદા કોર્નિયામાં ઘારું (ulcer ચાંદું) પડે છે. આને 'ફૂલું પડયુ' કહે છે. એકીસાથે એક કરતાં વધારે ફૂલાં પણ પડે છે. એમાં આંખનો ધોળો ભાગ રાતોચોળ બને છે, આંખો પ્રકાશ ઝીલી શકતી નથી અને તેમાંથી પાણી ગળે છે. મટવા ઉપર આવતાં આંખની લાલાશ ઓછી થાય છે. કોર્નિયા ઉપરની લોહીની નળીઓ અદશ્ય થાય છે. ફૂલું રુઝાઇ જઈ ત્યાં ધોળી છારી રહે છે, જે વખત જતાં નાશ પામે છે. દવા વગર કોર્નિયા ઉપર મોટો ધોળો ડાઘ રહે છે, જે દૃષ્ટિમાં હરેકતરૂપ થઇ પડે છે. વધારે બગડેલા કેસમાં આખી કોર્નિયા ધોળીધબ્બ બની જાય છે અને દૃષ્ટિ નાશ પામે છે.

ફૂલું આગળ વધતાં આઇરિસ(આંખના પડદા)ને નુકસાન પહોંચાડે છે, જેથી દૃષ્ટિમા વિક્ષેપ પડે છે. વધારે બગાડામાં આંખના ડોળાના આગલા ભાગની નીકો બંધ થવાથી ઝામરની સ્થિતિ આવી પડે છે. આઈરિસ વટાવી સોજો આગળ વધે તો બીજી સાજી આખમાં પણ બગાડો થઈ આવ્યા વિના નથી રહેતો.

સોજા માટે બૉરિકનો શેક ઉપયોગી છે. ફૂલું ઊંજાવવાના ઘરગથ્થુ ઉપચાર ઉપર શ્રદ્ધા રાખી બેસી ન રહેતાં દાક્તરી ઉપચારો કરવા.

વક્રદૃષ્ટિ : આંખોને ફેરવતી માંસપેશીઓની સમતુલા જોખમાવાથી કે આંખોના જ્ઞાનતંતુના રોગ યા ઈજાને લીધે વક્રદષ્ટિ(squint= બાડું જોવું) આવી પડે છે. તે જન્મથી યે હોય છે અગર તો બાળપણમાં પણ થાય છે. તાવ પછીની અશક્તિના કારણે, અથવા દાંત આવતી વખતે, કે કૃમિના ઉત્પાતના કારણે કામચલાઉ દેખા દે છે. ફૂલાથી કોર્નિયા અપારદર્શક બનતાં પણ વક્રદષ્ટિ ઊભી થાય છે.

બાળક મોટું થતાં વક્રદષ્ટિ મટી જશે એ માન્યતા ખોટી છે. તે મટતી તો નથી પણ બાડું જોતી આંખ દૃષ્ટિ ગુમાવે છે. માટે બાળકની

આંખમાં તે દેખાય કે તરત એને દાક્તર પાસે લઇ જવું.

યોગ્ય ચશ્માં પહેરવાથી વક્રદૃષ્ટિ મટી જાય છે, અગર તો આંખ ઉપર ઑપરેશન કરવાથી તે મટે છે. આવા ઑપરેશન અગાઉ કે પછી આંખની કસરત કરવાથી જલદી ફાયદો થાય છે. નાનામાં નાના એક વર્ષના બાળકની આંખ પર પણ ઑપરેશન થઈ શકે છે ને જરૂર જણાયે એને ચશ્માં પહેરાવી શકાય છે. વહેલી સારવારથી વક્રદૃષ્ટિવાળી આંખમાં દૃષ્ટિનાશ થતો અટકે છે.

માયોપિયા (Myopia) ટૂંકી દૃષ્ટિ: આમાં દૂરનું દેખાતું નથી પણ પાસેનું બરાબર દેખાય છે. કોર્નિયા કે નેત્રમણિની વધારે-પડતી બહારની ગોળાઇને લીધે પ્રકાશનાં કિરણો નેત્રપટ ઉપર પડવાને બદલે એની આગળ પડે છે. પરિણામે વાંચવા માટે ચોપડી આંખની વધારે પાસે લાવવી પડે છે. શાળામાં પાટિયા ઉપર વંચાતું ન હોવાની ફરિયાદ વિદ્યાર્થી કરે છે. સમય જોવા માટે છેક ઘડિયાળની પાસે જવું પડે છે. ટૂંકી દૃષ્ટિવાળો વિદ્યાર્થી વાંચવા માટે પાટલી ઉપર વાંકો કે ઊંધો વળી બેસતો હોવાથી એની આંખોની લોહીની નળીઓમાં ભરાવો થઈ આવે છે. આઘેનું જોવા માટે આંખને ખેંચ પડતી હોવાથી આંખનો ડોળો લાંબો બને છે. આમ આંખ ઉપર તાણ પડતી હોવાથી ત્રાંસુ જોવાની ખામી પણ આવી પડે છે.

ટૂંકી દૃષ્ટિ થવાના કારણમાં પાસેનું જોવા માટે આંખનો વધારે-પડતો ઉપયોગ છે. ખરાબ પ્રકાશ ને ખોટી બેસણીના કારણે શાળાના વિદ્યાર્થીઓમાં ટૂંકી દૃષ્ટિ પેદા થાય છે. ટૂંકી દૃષ્ટિ વહેલામાં વહેલી પાંચમે વર્ષે, પણ સામાન્યતઃ બારમે વર્ષે જણાય છે. મોટા ભાગનાં બાળકો નિશાળે જવાનું શરૂ કરે છે ત્યારે આ ખોડવાળાં નથી હોતાં, પણ જેમ ભણતર વધે છે તેમ આ ખોડના પ્રમાણમાં વધારો થાય છે. ભણવામાં પાસેના કામ માટે આંખનો વધારે ઉપયોગ થતો હોવાથી વાંચવા-લખવાની માઠી અસરો નિવારવા માટે પુસ્તકોનાં બીબાંનાં કદ, શાળામાં પ્રકાશનું પ્રમાણ અને વ્યવસ્થા, પાટલીઓની બનાવટ વગેરે માટે ચોક્કસ નિયમો ઘડવામાં આવ્યા છે; પણ શોચનીય સ્થિતિ એ છે કે ટૂંકી દૃષ્ટિના પ્રમાણમાં તો વધારો થતો જ રહે છે!

નેત્રરોગોના નિષ્ણાત ડૉ. કે. એમ. અગ્રવાલનું કથન છે કે આઘેનું જોવામાં પડતી ખેંચને લીધે ટૂંકી દૃષ્ટિ આવી પડે છે. એ ખેંચ ખરી રીતે તો મનની તાણ છે. ટૂંકી દૃષ્ટિની શરૂઆતમાં માનસિક તાણ કારણ રૂપ છે. અપ્રિય અને અઘરા એવા વિષયો બાળકોને જ્ઞાન ખાતર નહિ પણ પરીક્ષામાં પાસ થવા માટે ભણવા પડે છે. કેટલાંક બાળકો આ સ્થિતિ સહન કરી લે છે; જ્યારે તે સહન ન કરી શકે એવાં બાળકો ટૂંકી દૃષ્ટિ અને બીજા દૃષ્ટિદોષોના ભોગ થઈ પડે છે.

ટૂંકી દૃષ્ટિ એ સુધારી ન શકાય એવી આંખની ખોડ છે. વાંચવા-લખવાની ટેવવાળાને આ દૃષ્ટિદોષ વહેલો દેખાઈ આવે છે. તે સુધારવા માટે માઇનસ નંબરનાં ચશ્માંનો વપરાશ જરૂરી છે. આંખના દાક્તર પાસે આંખ તપાસાવડાવીને ચશ્માંનો નંબર મેળવવો. ફેરિયા કે ચશ્માંની દુકાનેથી માફક આવતાં ચશ્માં પહેરવાથી આંખને વધારે નુકસાન થવાનો ભય છે.

માયોપિયાનો કોઈ કેસ ઝડપથી વધે છે તો કોઈ ધીમેથી વધે છે અગર તો સ્થિર રહે છે. આ માટે વીસ વર્ષની વયની અંદરના ટૂંકી દૃષ્ટિના રોગીએ દર બે વરસે આંખના નિષ્ણાતને આંખ બતાવવી ને તેમાં થએલા ફેરફાર મુજબ ચશ્માનો નંબર વધ્યો હોય તો નવાં ચશ્માં ખરીદવાં. વીસની વય બાદ દર ત્રણ વર્ષે આંખ તપાસાવડાવવી.

ટૂંકી દૃષ્ટિવાળાએ જાળવવાના નિયમો આ રહ્યા: (૧) બાળકની ઉમર જેમ નાની તેમ તેની ચોપડીનાં બીબાં મોટાં હોવાં જોઇએ.

મેં સાહસ કર્યું: ૧

[આ નીચેના પ્રસંગ સાથે ઉપર્યુક્ત મથાળાવાળી એક નવી માળા શરૂ કરીએ છીએ, અને વાચકોને પોતાના જીવનના સાહસપ્રસંગો ટૂંકામાં લખી મોકલવાનું આમંત્રણ આપીએ છીએ. છપાતા પ્રત્યેક પ્રસંગ માટે એક રૂપિયો પુરસ્કાર મોકલાશે.]

સન ૧૯૩૬ની વાત છે. સાબરમતી આશ્રમમાં નદીકિનારે 'નંદિની'માં એક ઓરડીમાં હું રહેતો હતો. મારી પડોશમાં શ્રી ચિત્રેજી રહેતા હતા. અમે બન્ને જુદાજુદા પ્રકારના પ્રયોગો કરતા હતા. એવામાં નેપાળના કાર્યકર્તા શ્રી હીરાસીંગે વાત નીકળતાં અમને કહ્યું કે સાપને પકડવો એ કાંઈ બહુ મુશ્કેલ કામ નથી.

સાબરમતી આશ્રમમાં એ વખતે અવારનવાર સાપ નીકળતા. તેમાં શ્રી હીરાસીંગની વાતથી અમને પ્રયોગ કરવાની પ્રેરણા મળી ગઈ. મારા પડોશી શ્રી ચિત્રેજીએ એક વખત ઓચિંતો જ સાપ પકડવાનો પ્રયોગ કર્યો ત્યારે સાપે તેમના હાથના અંગૂઠા નીચે બચકું ભર્યું! પરિણામે હાથમાંથી સાપ વછૂટીને નાસી ગયો. મેં ચિત્રેજીને લોહીવાળો હાથ પકડીને તેમની ઓરડી પર આવતા જોયા ને વિગત સાંભળી કે તુરત બ્લેડ લઇને કરડવાળા ભાગની આસપાસથી લોહી કાઢી નાંખવા માટે થોડા કાપ મૂકયા ને મનનો ડર ઓછો કર્યો કે સાપનું ઝેર ચડે નહિ. પણ પાછળથી ખબર પડી કે ઘણું કરીને એ સાપ પાણીનો હતો તેથી જ તે ઝેર વગરનો હતો; નહિતર પરિણામ વિપરીત આવત.

એક દિવસ મારી ઓરડીના પગથિયા નીચે એક સાપ આવીને ભરાયો. કાળો ને ફેણવાળો સાપ જવલ્લે જ ત્યાં આવતો. એવો આ સાપ જોઇને તેને પકડવાનો પ્રયોગ કરવાની મને ઇચ્છા થઈ ને તરત મેં શ્રી હીરાસીંગને કહેણ મોકલ્યું. તેઓ આવી પહોંચ્યા ને મને કેટલીક સૂચના આપીને સાપને પગથિયા નીચેથી બહાર કાઢવા માંડયો. એક નાની લાકડી વડે સાપનું મોં ધીમેથી દાબીને મેં હિંમતપૂર્વક તેને મોઢાથી પકડી લીધો. પણ સાથોસાથ તેને પૂંછડીએથી પણ પકડવો જોઇએ તે હું ભૂલ્યો, એટલે તરત જ સાપ મારા હાથ ઉપર જોસથી વીંટાઈ ગયો: જોકે સાપનું મોં તો મારા હાથમાં મેં સજ્જડ પકડી રાખેલું. પણ સાપ આખા હાથ ઉપર ભરડો લઈ રહ્યો હતો, તે જોઇને હીરાસીંગે મને બહુ જ સબૂરીથી કામ કરવા ને સાપનું મોઢું હાથમાંથી છૂટી ન જાય એટલું ખાસ ધ્યાન રાખવા જણાવ્યું.

પરિસ્થિતિની ગંભીરતા હું તરત સમજી ગયો. મેં જિન્દગીનો જુગાર ખેલવા જેવો પ્રયોગ આદર્યો હતો એમ કહીને આસપાસ એકત્ર થઈ ગએલા આશ્રમવાસીઓએ મને ચેતવ્યો. પણ મેં ધીરજ, હિંમત અને સમયસૂચકતાથી બીજા હાથ વડે સાપને પૂંછડીએથી પકડી તેની વીંટ ઉકેલવા માંડી. છેવટે, બહુ જ ધ્યાન રાખીને તેનું મોં બરોબર હાથમાં દાબી રાખીને જરા ઝટકાવ્યો એટલે તરત એ સીધો થઈ ગયો. ને પછી તો ઓટલા ઉપરથી જોરથી ઘા કરીને પાણીમાં ફેંક્યો, પછી જ હીરાસીંગે નિરાંતનો શ્વાસ લીધો.

પુરાતન બુચ

(૨) વાંચતી વખતે માથા પાછળથી યા ડાબા ખભા ઉપરથી પુસ્તક ઉપર પ્રકાશ આવે એવી રીતે બેસવું. (૩) વાંચતી વખતે પીઠવાળી ખુરશીને અઢેલીને બેસી માથું સીધું રાખવું; વાંકું કે બાજુએ ઢળતું ન રાખવું. ઢળતી પાટલી ઉપર મૂકેલું પુસ્તક આંખોથી તેર ઇંચ દૂર રાખવું. (૪) પથારીમાં કે જમીન ઉપર બેઠાંબેઠાં ચોપડી ઉપર ડોક નમાવીને કે વાંકા વળીને કદી ન વાંચવું. ચાલતા વાહનમા કે સૂતાં સૂતાં કદી ન

વાંચવું (૫) દિવસના પ્રકાશમાં અભ્યાસ કરવો. કૃત્રિમ પ્રકાશમાં રાતના વાંચવાનું ટાળવું; લખવું તો નહિ જ. રાતના વાંચવું હોય તો પ્રકાશ બહુ ઝાંખો કે બહુ ઝળહળતો ન જોઈએ. ઝીણી વસ્તુઓ જોવામાં આંખોને થકવવી નહિ. (૬) ઉમર અને આરોગ્ય અનુસાર અભ્યાસનો વખત ગોઠવવો. બાર વર્ષની ઉમરે ટૂંકાટૂંકા ગાળાનો ત્રણ કલાકનો અભ્યાસ રાખવો. આથી નાની ઉમરે અરધા કલાકથી વધારે વખત સુધી એકધારું વાંચવાનું કે લખવાનું ન રાખવું.

બાળકની ટૂંકી દૃષ્ટિની ખોડ સૌપ્રથમ પાડનાર શાળાનો શિક્ષક છે. વિદ્યાર્થી પુસ્તકમાં માથું ઘાલી બેસે, પાટિયા પર લખેલું ન દેખાવાની ફરિયાદ કરે, ડોક એક બાજુએ પડતી રાખી વાંચે કે પાટલી પર બેઠાંબેઠાં સામેની ભીંત ઉપર ટાંગેલા ઘડિયાળનો સમય ન કહી શકે તો એ ટૂંકી દૃષ્ટિથી પીડાતો હોવાનું સાબિત થાય છે. શિક્ષક આ બાબતનો જાણકાર ન હોય ને વિદ્યાર્થી અભ્યાસુ હોય તો ચશ્માંની સહાય વિના તે ભણતો રહેવાથી ખોડમાં વધારો થયા વિના રહેતો નથી. આ માટે શાળામાં મૂકતાં અગાઉ દરેક વિદ્યાર્થીની આંખની દાક્તરી તપાસ થવી ફરજિયાત હોવી જોઇએ.

ઉપાય: (૧) આંખના નિષ્ણાત દાક્તર પાસે આંખ તપાસાવી ચશ્માં ખરીદવાં અને તેનો ઉપયોગ જારી રાખવો. (૨) સપ્રમાણ ખોરાક વતી આરોગ્ય સુધારવું. (૩) જો ટૂંકી દૃષ્ટિમાં વધારો થતો હોય તો પાસેનું બધું કામ (જેવું કે વાંચવું, લખવું, ભરવું, ગૂંથવું, સીવવું વગેરે) બંધ કરવું. (૪) મન જો શાંત હોય તો આંખ થાકવાની વાત જ રહેતી નથી; મગજ ઉપર બોજો હોય ત્યારે આંખને કશાજથી આરામ થતો નથી. મગજને આરામ આપનારી બાબત આંખોને ફાયદો કરે છે. આ માટે આંખો વારંવાર પટપટાવી, આંખો અવારનવાર બંધ રાખવી, વારંવાર દૃષ્ટિ બદલ્યા કરવી, શાળાનાં પુસ્તકો સિવાય બીજાં પુસ્તકો ન વાંચવાં, આઘેનું જોવાં માટે આંખોની ખાસ કસરતો કરવી.

રતાંધળાપણું: આછા અંધારામાં જોવાની અશક્તિ એ રતાંધળાપણું છે. અજવાળામાંથી અંધારામાં જતાં શરૂઆતમાં તંદુરસ્ત માણસથી પણ જોઈ શકાતું નથી, પણ પાંચેક મિનિટમાં તે ઠીકઠીક જોઈ શકે છે અને એક કલાક દરમિયાન તો એની આંખની દૃષ્ટિશક્તિ પૂરેપૂરી આવી જાય છે. આ ગાળામાં નેત્રપટના સળી આકારના કોષોમાં 'વિઝયુઅલ પર્પલ' નામનું દ્રવ્ય જમા થાય છે, જેને આધારે આંખ અજવાળા કરતાં અંધારામાં પ્રકાશ ઝીલવા માટે દસ હજાર ગણી વધારે સચેતન બને છે.

વિટામિન 'એ'ની ઊણપને લીધે ધીમેધીમે રતાંધળાપણું આવે છે. અગર તો સૂર્યપ્રકાશમાં વિશેષ રહેવાનું થાય તો તે એકદમ આવી પડે છે. જો વિટામિન 'એ'ની ઊણપ કાયમ રહે તો આંખમાં કદી ન બદલાય એવા ફેરફારો આવી પડે છે. ડોળાનો ધોળો ભાગ સૂકો બની ઠેરઠેર કઠણ બને છે. ડોળાનો કાળો ભાગ પણ સૂકો પડી ફિક્કો બને છે. આ સ્થિતિને 'ઝેરોપ્થેલ્મીઆ' (Xeropthalmia) કહેવામાં આવે છે, જે વિટામિન 'એ'ના સેવનથી મટે છે. પણ વિટામિન 'એ'ની ઊણપ કાયમ રહે તો આ સ્થિતિ આગળ વધી કીકી અપારદર્શક બની પાતળી થવાથી તૂટે છે. આ સ્થિતિને 'કેરાટોમૅલૅશીઆ' (Keratomalacia) કહે છે. વિટામિન 'એ'ના સેવનથી આ સ્થિતિમાં ઝાઝો ફેર પડતો નથી. આંખના આ બંને વ્યાધિઓ એશિયા અને આફ્રિકાના અમુક ભાગોમાં ખૂબ વ્યાપક છે.

વિટામિન 'એ'થી રતાંધળાપણું મટે છે. દૂધ માખણ ને ઘીમાં વિટામિન 'એ'નો ભંડાર છે. ઈંડાં, માછલી, કલેજું ને કૉડ માછલીનું તેલ એનાથી સમૃદ્ધ છે. વિટામિન 'એ'નો બીજો ભંડાર લીલોતરી-શાકભાજી છે. આમાં રહેલા કૅરૉટિન દ્રવ્યમાંથી આપણા શરીરમાં વિટામિન એ બની રહે છે. અરધો રતલ ગાજર કે એક રતલ કૉબિજમાં આપણા શરીરને જરૂરી રોજિંદુ વિટામિન એ મળી રહે એટલું કૅરોટિન હોય છે.

અંધાપો (Blindness): આંખોની જેટલી અદ્ભુત રચના છે એટલી જ અદ્ભુત દૃષ્ટિની ક્રિયા છે. દૃષ્ટિની ક્રિયામાં કોઈ એક સ્થાને વિક્રિયા ઊભી થતાં અંધાપો આવી પડે છે. મગજમાંનું દૃષ્ટિકેન્દ્ર કામ ન ઉપાડે એ અંધાપાનું એક કારણ છે. ઈજા કે રોગને અંગે નેત્રતંતુ તૂટે, નેત્રપટને ઇજા પહોંચે, નેત્રમણિ કે કોર્નિયા અપારદર્શક બને ત્યારે અંધાપો આવી પડે છે. આમાંનો કોક ભાગ જન્મ પહેલાં વિકાસ ન પામ્યો હોય તો અસાધ્ય એવો જન્મ-અંધાપો આવી પડે છે.

બાળકોમાં સિફિલિસના રોગને અંગે અંધાપો આવે છે. માતા પરમિયાથી પીડાતી હોય તો જન્મ વખતે બાળકની આંખોને તેનો ચેપ લાગે છે. આ દશાને ઑપ્થેલ્મીઆ નીઓનૅટોરમ (opthalmia neonatorum) કહે છે. પણ હવે આ સ્થિતિ જવલ્લે નજરે પડે છે, કારણ કે ઠેરઠેર પ્રસૂતિગૃહો થતાં સ્ત્રીઓની સગર્ભાવસ્થા દરમિયાન તપાસ થતી હોઈ રોગ પકડાઇ જઇને વેળાસર ઉપચાર થાય છે અને કેળવાએલી દાયણો જન્મ વખતે બાળકની આંખોમાં સિલ્વર નાઇટ્રેના ટીપાં નાખે છે, જેથી આંખના રોગ સામે રક્ષણ મળે છે.

ઓચિંતો અંધાપો આણનારા રોગ બે છે: રેટાઇનલ થ્રૉમ્બૉસિસ અને ડિટૅચમેન્ટ ઑવ રેટાઈના. પહેલામાં નેત્રપટની લોહીની નળીઓમાં લોહીનો ગઠ્ઠો જામવાથી રુધિરાભિસરણ બંધ પડે છે, જ્યારે બીજામાં ઈજા કે રોગને કારણે નેત્રપટોના કોષોના થર જુદા પડી ખરી પડે છે.

કોક ઝેર, રોગ, ઈજા અને ઘાને અંગે પણ અંધાપો આવી પડે છે. તમાકુના વ્યસનને લીધે દૃષ્ટિનાશની સ્થિતિ ઊભી થાય છે. પ્રૌઢાવસ્થામાં અંધાપો આણનારા બે રોગો છે: મોતીઓ અને ઝામર. વધારે પ્રમાણમાં ટૂંકી દૃષ્ટિ દરેક ઉમરે દૃષ્ટિમાં મુશ્કેલી ઊભી કરે છે.

ગુજરાતમાં આશરે દસ લાખ અંધો હોવાની ગણતરી છે. મધ્યપૂર્વ અને પૂર્વના દેશોમાં અંધાપો સામાન્ય છે. અગાઉ બ્રિટન અને પશ્ચિમના દેશોમાં પણ તે સામાન્ય હતો. પૂર્વના બધા રોગો ત્યાં હતા, પણ ઘણાખરાને હવે નાબૂદ કરવામાં આવે છે. પૂર્વના દેશોમાં ધૂળ, માખો, દૂષિત પાણી અને અપૂરતા પોષણને લીધે એવા રોગો થઈ આવે છે કે જેને લીધે અંધાપો આવી પડે. આંખો દુખવા આવવી, ખીલ, બળિયા, પરમિયો અને સિફિલિસ એ અંધાપો આણનારા ખાસ રોગો છે.

અંધકાર અને પ્રકાશ વચ્ચે ફેર પારખી ન શકાય તે પૂર્ણ અંધાપાનું લક્ષણ છે. કાયદાની દૃષ્ટિએ આંખની સહાય વતી કામ જે ન કરી શકે તેને અંધ લેખવામાં આવે છે. અંધાપાનું દુઃખ એ જીવતા મૃત્યુ જેવું છે. અંધ માનવી એવો નિઃસહાય બની જાય છે કે તેને જીવતા છતાં મરેલા જેમ જીવવું પડે છે. ભય અને નિરાશા એને ઘેરી વળે છે. સ્વજનો પાસેથી તે આશાભર્યા શબ્દોની આશા રાખતો બને છે. એના પ્રત્યેની છૂપી અવગણના કે તિરસ્કાર મોડાં-વહેલાં છતાં થયા વગર રહેતાં નથી, જે રોગી માટે કષ્ટદાયક થઇ પડે છે. જોકે પછી તો પ્રકૃતિ અને ટેવો અનુસાર અંધમાનવી અંધાપાને જીરવે છે.

બીજા અપંગોની જેમ અંધોને પણ કેળવણી આપી જીવનમાં ફરી ગોઠવવાના છે. બાળ-અંધોને બ્રેઈલ લિપિ દ્વારા શિક્ષણ આપવું શક્ય છે. તેમને માત્ર પાટી કે સાદડી ગૂંથવાનું શિખવાડી જીવતર રળતાં કરવામાં નથી આવતા, પણ તે લોકો હવે ધંધાદારી બને છે. માલિશ, ફિઝીયોથેરાપી અને ટાઈપરાઈટર માટે પણ તેઓ કાર્યક્ષમ બને છે. ગુજરાતમાં અંધજનો માટે અમદાવાદ, વડોદરા, સૂરત, ભાવનગર, વિસાવદર, રાજકોટ વગેરે સ્થળોએ કુલ આઠ શાળાઓ છે.

પ્રંબનમનાં હિંદુ મંદિરો


અગસ્ત્યને પગલેપગલે

લેખક તથા ફોટોકલાકાર
નવનીત પારેખ

વિખ્યાત કલાનિષ્ણાત ડૉ. કુમારસ્વામીના મત પ્રમાણે
જે બોરોબુદુરને પણ ટપી જાય એવાં છે

યોગ્યકર્તાની વિદાય લેતાં પહેલાં પુણ્યધામ પ્રંબનમની યાત્રા કરી લેવાની હતી. અગાઉ જણાવ્યું છે તેમ સાતમા, આઠમા તથા નવમા સૈકામાં મધ્ય-જાવામાં બૌદ્ધ-ધર્મ તેમજ હિંદુ બ્રાહ્મણધર્મ એક જ વૃક્ષની બે શાખાઓ જેમ સાથોસાથ ફાલ્યા હતા. તે કાળે શૈલેન્દ્ર રાજાઓ પોતે બૌદ્ધધર્મી હતા જ્યારે તેમની પ્રજામાં તો લોકપ્રિય બ્રાહ્મણ-ધર્મ જ પ્રચલિત હતો. તેથી જાવાના રાજવીઓએ યોગ્યકર્તાની પાસે આવેલા કેદૂ મેદાનની એક ટેકરી ઉપર બોરોબુદુરનો ભવ્ય સ્તૂપ બાંધ્યો તે પછી થોડાં જ વર્ષોમાં મધ્ય-જાવાની પ્રજાએ પ્રંબનમ્ નામે ઓળખાતાં અનેક હિંદુ મંદિરો બાંધ્યાં. તેમાંનાં મુખ્ય મંદિરો આઠમા સૈકામાં બંધાયાં હોય એમ મનાય છે. શ્રી ચક્રશીષ્વય, કુ. સુદર્શનો તથા કુ. પ્રવીરહર્જો અહીં પણ મને લઈ જવા માટે મોટર લઇને આવ્યાં. પ્રંબનમ્ યોગ્યકર્તાથી દસ જ માઈલ દૂર, સુરકર્તા જવાના માર્ગ પર છે તેથી ત્યાં અમે અરધા કલાકમાં તો પહોંચી ગયાં.

બોરોબુદુરનો સ્તૂપ પહાડો તથા ટેકરીઓ વચ્ચે અરણ્યમાં આવેલો છે, જ્યારે પ્રંબનમ્-નાં આ મંદિરો મધ્ય-જાવાનાં બે સૌથી મોટાં નગર યોગ્યકર્તા તથા સુરકર્તાની વચ્ચે સપાટ પ્રદેશમાં આવેલાંછે. પ્રંબનમ્ પાસે મોટું ગામ હતું ત્યાં અમે મોટર ઊભી રાખી ને ગામ-લોકો ખુલ્લામાં બજાર ભરીને ચીજ-વસ્તુઓ વેચતા હતા ત્યાં ગયાં. પૂજાનો થોડો સામાન તો મારી પાસે હતો જ; વધારામાં ગામમાંથી અક્ષત્ તથા બીલી-પુષ્પ જેવાં દેખાતાં થોડાં ફૂલો ખરીદી લીધાં. પ્રંબનમની આસપાસ ખેતી પણ સારી થતી લાગી. અહીં વિષુવવૃત્તની દક્ષિણે, હવે વર્ષા-ઋતુની શરૂઆત થઈ




બોરોબુદુરની અગાશી પર જેમ અસંખ્ય લઘુસ્તૂપો છે, તેમ પ્રંબનમના આ શિવમંદિર પર અસંખ્ય લઘુમંદિરો ઊભાં કરેલાં છે, ને તે દરેક પર એક એક શિવલિંગ ગોઠવેલું છે.

ડાંગરના રોપની વાવણી થતી હતી.



ચૂકી હતી તેથી ડાંગરના બીજ-પ્રરોહ(seedllings)ની વાવણી થતી હતી અને સ્ત્રી-પુરુષો બધાં, માથે સૂંડલા-ટોપી પહેરીને ડાંગરના નાના, હરિયાળા રોપાઓ ખેતરના કાદવમાં વાવવા લાગી ગયાં હતાં. તેમની સૂંડલા-ટોપી તથા પહેરવેશનો થોડો તફાવત ન હોત તો તો ઘડીભર આ દક્ષિણ-ભારતનું જ વર્ષાકાળનું કોઈ ગ્રામ્ય દૃશ્ય માની લેવાય. પરંતુ અમે તો ત્રિપુરારિનાં દર્શન માટે અધીરાં હતાં તેથી સીધા જ મંદિરો તરફ વળ્યાં.


પ્રંબનમ્ પાસે બધાં મળીને આશરે ત્રીસેક મંદિરો છે એમ શ્રી ચક્રશીષ્વયે જણાવ્યું. આમાંનાં મુખ્ય મંદિરો, એક આઠ-દસ ફીટ ઊંચી પરંતુ ઘણી વિશાળ, ઓટલા જેવી અગાસી પર બાંધવામાં આવ્યાં છે. અમે એ અગાસી પર ચડયાં તો એક વિશાળ ચોગાનમાં આઠ મંદિરોનું વૃંદ ઊભું હતું—જાણે કે આઠ દેવો ટોળે વળીને ગોષ્ઠિ કરતા



↑ જીવંત કદની આ મૂર્તિ જો કાળા પથ્થરની ન હોત તો હમણાં જ આ નંદીશ્વર જાણે પોતાનાં શૃંગ હલાવશે એમ લાગે! તાન્જોરના બૃહદેશ્વર મંદિરના મહાકાય નંદી, કે મ્હૈસુરની ચામુંડા ટેકરી પરના વિખ્યાત વૃષભ (જુઓ નીચે) કરતાં આ ભલે કદમાં નાનો હોય, પણ જીવંત કલાનિર્માણમાં તે જરાયે ન્યૂન કે નિકૃષ્ટ નથી.

ન હોય! અથવા તો આ વિશાળ ક્રીડાંગણમાં કોઈ રમત રમતા ન હોય! સર્વ મંદિરોનાં શિલ્પ-સ્થાપત્ય એક જ શૈલીનાં લાગતાં હતાં ને દરેકના ગગનચુંબી શિખર ઉપર પથ્થરનું લાંબું શિવ-લિંગ શોભતું હતું. પ્રથમ અમે વચ્ચેના મુખ્ય શિવાલય પર ગયાં. બોરોબુદુર પછી થોડાં જ વર્ષોમાં આ મંદિરો બંધાયાં હોવાથી એની સ્થાપત્ય-શૈલીમાં ખાસ ફરક નથી પડયો. મહાયાન બૌદ્ધધર્મને સ્થાને બ્રાહ્મણધર્મને અનુરૂપ કેટલાક ફેરફાર કરવા પડયા છે, બાકી તો એ જ કલા-ભાવના, કલા-સાધના અને કલા-વૈભવ અહીં પણ ફૂલ્યાંફાલ્યાં છે. વિખ્યાત કલા-નિષ્ણાત ડૉ. કુમારસ્વામીના અભિપ્રાય પ્રમાણે તો પ્રંબનમનાં આ મંદિરો શિલ્પ-શૈલીમાં તો બોરોબુદુરને પણ ટપી જાય તેવાં છે.

આ આઠ મંદિરોનું જૂથ 'ચંડી લોરો-જોંગરંગ'ના નામે જાણવામાં પ્રસિદ્ધ છે. (જાવી ભાષામાં 'ચંડી' એટલે મંદિર.) સ્થાપત્યરચના પણ બોરોબુદુરને મળતી જ છે. નીચેથી ચોરસ આકારનાં આ મંદિરોમાં બોરોબુદુરની જેમ ઉપરની અગાસીમાં જવા માટે ત્રણ બાજુએથી પગથિયાં છે. શિવાલયની ઉપરની અગાસીમાં ત્રણ દેવાલયો આવેલાં છે. મધ્યના મુખ્ય ગર્ભ-મંદિરમાં સુંદર ઊભી શિવમૂર્તિ છે. પૂર્વ-એશિયાના લાંબા પ્રવાસ દરમ્યાન કદાચ આ પહેલી જ વાર શિવાલયમાં દર્શનાર્થે હું આવ્યો હતો. વર્ષો સુધી જેની આતુર હૃદયે ઝંખના કરી હતી તે શુભ-ઘડી આવી પહોંચી હતી. આશુતોષ શિવે જાણે પ્રસન્ન



એક અખંડ પથ્થરમાંથી કોતરેલો મ્હૈસુરની ચામુંડી ટેકરી પરનો વિખ્યાત નંદી

થઈને ભારતવર્ષથી યે સેંકડો માઈલ દૂર, યવદ્વીપના ઊંડાણમાં આવેલા પ્રંબનમના આ ભવ્ય શિવાલયમાં દર્શન આપ્યાં. એક હાથમાં ત્રિશૂલ ને બીજા હાથમાં ડમરુ ધારણ કરેલા. જગતને વિનાશમાંથી બચાવવા જેમણે વિષપાન કર્યું હતું તેવા આ દયાનિધિ નીલકંઠના ભસ્મ-ચર્ચિત અંગ પર જાણે શીતળતા આપવા એક સર્પ વીંટળાઈ વળ્યો હતો. ભગવાન ત્રિલોચનના ભાલપ્રદેશ ઉપર ત્રીજું નેત્ર ચમકી રહ્યું હતું,- જાણેકે દર્શનાર્થે આવનાર ભક્તોમાં રહેલી કામવાસનાનું દહન કરી રહ્યું હોય. મસ્તક પરની જટામાં ભગવાન શંકરનું શશાંક શેખર નામ સાર્થક કરતો અર્ધ-ચન્દ્ર ચમકી રહ્યો હતો; ને એ જટા જૂટમાંથી છૂટી બહાર કૂદીને સગર-રાજાના સાઠ હજાર રાજપુત્રોનો ઉદ્ધાર કરવા જાણે કે ફાંફાં મારતાં હોય એવાં ભગવતી ગંગાનું નાનકડું મોં ત્યાં ડોકાતું હતું. કાળના વહન સાથે શિવમૂર્તિ પરની આ વિગતો નામશેષ થઈ હશે, પરંતુ અમારા ભક્ત હૃદયની કલ્પનાને તો કોઈ અવધિ નહોતી. સજળ નેત્રે ભગવાન શંકરના ચરણે પ્રણિપાત કર્યાં અને ગારા સાથીઓને બહારનાં શિલ્પો જોવા મોકલાવી દઈને એકાતમાં મહેશ્વરની એ મૂર્તિ સામે આસન જમાવીને બેઠો. પાસેના પાત્રમાંના જળ વડે મૂર્તિ પર અભિષેક કર્યો અને પછી ઉપર બીલી-પુષ્પ, કુંકુમ તથા અક્ષત્ ચડાવ્યાં. મ્હૈસુરની બનાવટની અગરબત્તી સળગાવીને ધૂપ કર્યો ને ખાલી થએલી તાસકમાં કર્પૂર સળગાવીને ભગવાન ધૂર્જટિની આરતિ ઉતારી ગદ્ગદ્ કંઠે વિશ્વનાથની સ્તુતિ કરી:

करचरणकृतं वाक्कायजं कर्मजं वा, श्रवणनयनजं वा मानसं वाऽपराधम्।
विहितमविहितं वा सर्वमेतत्क्षमस्व, जय जय करुणाब्धे श्रीमहादेव शंभो॥

મધ્ય જાવામાં સ્થિત આ શિવાલય, પ્રાગૈતિહાસિક યુગમાં સમુદ્ર-મંથન કરીને યવદ્વીપ તથા તેથી યે દૂરદૂરના દ્વીપો સુધી વૈદિક ધર્મને આણનાર દેવો તથા તેમની પ્રેરણાથી પાછળથી આવનાર સમુદ્ર ચુલુક ઋષિ અગસ્ત્યની સાક્ષી પૂરતું હતું. બહાર વ્યોમ-મંડળમાં વાદળાની ધીમી ગર્જના થઈ તેમાં મને વેદ-કાળના ઋષિ મુનિઓની ઋચાઓનો પ્રતિઘોષ સંભળાયો. મહર્ષિ અગસ્ત્ય તથા ભગવતી લોપામુદ્રા, યાજ્ઞવલ્ક્ય તથા ભગવતી મૈત્રેયી ને ગાર્ગી, ઉદ્દાલક તથા શ્વેતકેતુ, શૌનક તથા ભરદ્વાજ, વસિષ્ઠ તથા વિશ્વામિત્ર, ગૌતમ તથા જમદગ્નિ, ભૃગુ તથા જાબાલિ, કશ્યપ તથા શાંડિલ્ય જાણે સમિધ લઈને યજ્ઞકુંડ પાસે બેઠાં હતાં અને ધીમેથી મંત્રોચ્ચાર કરીને આહુતિ આપતા હતા: 'प्राणाय स्वाहा; व्यानाय स्वाहा; अपानाय स्वाहा...' કર્મકાંડ પૂરો થતાં તેમણે એક વિશાળ વટ-વૃક્ષ નીચે પોતાનું શિષ્યવૃંદ એકત્ર કર્યું અને ઉપનિષદોમાં ઉદ્ઘોષેલી બ્રહ્મવિદ્યાનું રહસ્ય સમજાવવા માંડયું: 'अयमात्मा ब्रह्म; तत्त्वमसि; नेति नेति...' હજારો વર્ષ પછી આ જ ઉપદેશનો પડઘો પાડતા હોય તેમ વ્યાસ તથા શંકરાચાર્યે निर्वाणषट्कम् ગાવા માંડયુ, 'चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ॥' મેં આંખો ઉઘાડી તો સામે ભગવાન પશુપતિ સસ્મિત વદને પોતાનો વરદ હસ્ત લંબાવીને ઊભા હતા. યક્ષરાજ પુષ્પદન્તનું રચેલું મહિમ્ન-સ્તોત્ર યાદ આવ્યું અને આસપાસનું ભાન ભૂલીને મેં લલકાર્યું:

'असितगिरिसमं स्यात् कज्जलं सिन्धुपात्रे,
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं,
तदपि तव गुणानामीश पारं न याति॥'

મહાકાય નીલગિરિ પર્વતની શાહી બનાવીને તેને વિશાળ સમુદ્રરૂપી ખડિયામાં ભરી, કલ્પવૃક્ષની અનંત શાખાઓની કલમો બનાવીને જો સાક્ષાત્ સરસ્વતી પૃથ્વી રૂપી અનંત પત્ર ઉપર સદાકાળ લખતાં રહે








જમણી બાજુ મથાળે: પ્રંબનમના મંદિર પરના શિલ્પ-ખડોમાં કંડારેલો 'સીતાહરણ'ના પ્રસંગ; નીચે: વાલી–સુગ્રીવનું યુદ્ધ અને રામલક્ષ્મણ; ડાબી બાજુ: જાવી રમણીનો સુંદર તળપદો પોશાક–નીચે કમરથી ઘૂંટી સુધી બાટિકનો સારોંગ (કૈન); અંગ પર ચુસ્ત કબજો (કેબ્જા); કમર ઉપર ઉદરબંધ (જાવી ભાષામાં 'સ્તગન') અને ખભા પરથી નીચે લટકતો સુંદર રેશમી દુપટ્ટો, જેને જાવી ભાષામાં 'સ્લેન્દંગ' કહે છે.

તોપણ ભગવાન શંકરના ગુણોનો પાર કેમ વર્ણવી શકે? મને ગાતો સાંભળીને ચક્રશીષ્વય તથા સુદર્શનો બહેન અંદર ચાલી આવ્યાં અને આગ્રહપૂર્વક મારી પાસે સ્તોત્રના બાકીના શ્લોકો ગવડાવ્યા. ભોળા શંભુને ફરી એક વાર પ્રણિપાત કરીને અમે બહાર આવ્યાં.

મંદિર-જૂથનાં આ આઠ મંદિરોમાં ત્રણ મુખ્ય ગણાય છે. અનુક્રમે તે બ્રહ્મા, શિવ તથા વિષ્ણુનાં છે અને તેમાં યે શિવનું મંદિર સૌથી ભવ્ય તથા શ્રેષ્ઠ કોટિનું છે. બોરોબુદુરની ઉપરની અગાસી પર જેમ અસંખ્ય લઘુસ્તૂપો છે, તેમ આ શિવાલય પર અસંખ્ય લઘુ-મંદિરો ઊભા કરેલાં છે, અને તે દરેક ઉપર એકએક સુંદર, સુડોળ, શિવલિંગ ગોઠવેલું છે. મંદિર ફરતી ઉપરની અગાસી પર ભીંતમાં બોરોબુદુરની જ શૈલી પ્રમાણે અસંખ્ય પ્રલંબ-શિલ્પો કોતરેલાં છે. પુરાણોની અનેક આખ્યાયિકાઓ અહીં આલેખાયી છે. પણ નીચલી અગાસી પર તો ઉપર કરતાં યે ચડિયાતી શિલ્પતકતીઓ છે. એમાં મુખ્યત્વે રામાયણના પ્રસંગો કંડારાયા છે. એક દશ્યમાં રામ તથા લક્ષ્મણ પોતાની ધનુર્વિદ્યાથી રાક્ષસો તથા દાનવોને વનમાં વિશ્વામિત્રના યજ્ઞમાંથી હાંકી કાઢતા નજરે પડે છે. હજુ તો કિશોર વયના જ રામ-લક્ષ્મણ અને તેમની ધનુર્વિદ્યા તથા વીરતા, તેમજ ભયભીત થઇને નાસી જતા રાક્ષસ અહીં શિલ્પકારે સુંદર રીતે કંડાર્યા છે.

બીજા એક શિલ્પમાં જનક રાજાની સભામાં સીતાનો સ્વયંવર ગોઠવાએલો લાગ્યો. દેશદેશના રાજવીઓ સભામાં શરમિંદા બનીને



જાણીતા કલાકાર શ્યાવક્ષ ચાવડાએ પ્રબન્ધમના શિલ્પખંડો પરથી કરેલાં રેખાંકનો : ઉપર: 'રામનો ધનુષટંકાર' - એમાં રામભદ્રની પ્રચંડ શક્તિ તેમનું અંગસૌષ્ઠવ તથા ધનુષની પણછ ખેંચવામાં રહેલું દેહલાલિત્ય કેવી અદ્ભુત રીતે આલેખાયું છે!

નીચેના 'સાગરસ્તવન'ના શિલ્પમાંના સમુદ્રતરંગો તથા જળચરો અને અન્ય પૃષ્ઠ પરના વાનરો તથા ગરુડનાં નિરૂપણ કલાકારની શક્તિ દાખવે છે.





અશોકવનમાં સીતા: પ્રંબનમની ભીંતો પર કંડારેલી રામાયણકથામાં જે અનેક શિલ્પરત્નો સર્જાયાં છે તેમાંની સીતાની મૂર્તિનું કલાકાર શ્રી શ્યાવક્ષ ચાવડાએ કરેલું આ સુંદર રેખાંકન અમે અગાઉ ૩૬૮મા અંકમાં આપ્યું હતું તે ફરીથી અહીં એમનાં અન્ય રેખાંકનો સાથે એટલા માટે આપીએ છીએ કે એ કલાધામોમાં સંઘરાએલી સમૃદ્ધિની તેમજ તેને ઉતારનાર કલાકારની કલમની તાકાતની પ્રતીતિ થાય. શ્રી ચાવડાએ મોટા કદના કાગળો ઉપર એ શિલ્પોનાં આવાં સંખ્યાબંધ આલેખનો ત્વરિત ગતિથી અને પરબાર્યાં જ ફાઉન્ટનપેનથી ઉતારેલાં છે, છતાં તેમાં રેખાનો લલિત પ્રવાહ તથા આલેખનની સપ્રમાણ ચોકસાઇ પ્રશંસનીયરીતે જળવાયાં છે.



વાનરરાજ સુગ્રીવ અને તેની રાણી તારામતી

બેઠા છે ત્યારે ભગવાન રામચંદ્ર ભારે શિવ-ધનુષ્ય ઉઠાવીને તે પર શર ચડાવી રહ્યા છે. રઘુકુળનંદન રામભદ્રની પ્રચંડ શક્તિ, તેમનું અંગ-સૌષ્ઠવ તથા ધનુષ્યની પણછ ખેંચવામાં રહેલું તેમનું અંગલાલિત્ય શિલ્પકારે એમાં અદ્ભુત રીતે આલેખ્યાં છે. બીજા એક શિલ્પમાં રામ, લક્ષ્મણ તથા જાનકી અયોધ્યા નગરી છોડી ચૌદ વર્ષ માટે જઈ રહ્યાં છે અને ત્યાંના નગરજનોને શોકગ્રસ્ત જોઈ ને આપણું હૃદય પણ દ્રવી ઊઠે છે. એક અન્ય દૃશ્યમાં સુવર્ણ-મૃગથી મોહિત થઈને સીતાજી રામને તેના શિકારે મોકલે છે. સ્ત્રી-હઠ તો સર્વકાળે એકસરખી જ રહી છે. લક્ષ્મણજીને ટાણો મારીને રામની શોધમાં મોકલ્યા પછી દશમુખ રાવણ છદ્મવેષે ભિક્ષા માગવા આવે છે અને છેવટે બળજબરીથી સીતાનું હરણ કરે છે ત્યારે રાવણની પકડમાંથી છૂટવા માટે વૈદેહી તરફડિયાં મારે છે, જે તે શિલ્પકારે એટલી કુશળતાથી આલેખ્યું છે, કે તેમનો તરફડાટ જોઈને આપણામાં જટાયૂની જેમ રાવણનો સામનો કરવાનો જુસ્સો પ્રકટે.

વળી બીજા એક શિલ્પમાં વાનર રાજ-બંધુઓ વાલી તથા સુગ્રીવ વચ્ચેનું દ્વન્દ્વ આલેખાયું છે. આ દૃશ્યમાં તો રામ તથા લક્ષ્મણ આ મલ્લ યુદ્ધને કાંઈક આતુરતાથી પરંતુ તટસ્થતાથી જોઇ રહ્યા લાગે છે. પરંતુ તે પછીના જ દૃશ્યમાં હારી જવા આવેલો સુગ્રીવ વાલીને રામ-લક્ષ્મણ સામે ધરે છે અને રામચંદ્ર પક્ષપાતી બનીને વાલીને બાણ મારી તેનો વધ કરે છે. આદર્શ સત્યવાદી રાજા રામે આ પ્રસંગે કેમ આવો ઉઘાડો અન્યાય કર્યો હશે તેની લાંબી ચર્ચામાં ન ઊતરતાં અમે પણ તેમની જ સાથે સીતાની શોધમાં આગળ વધ્યા. હવે એક પ્રલંબ-શિલ્પમાં રામ, લક્ષ્મણ તેમજ હનુમાન બેઠેલા જણાયા. આ શિલ્પમાં બૌદ્ધ બોરોબુદુરની તક્ષણની અસર સ્પષ્ટ વર્તાય છે. તેથી યે આગળ રામ તથા લક્ષ્મણ મોટી વાનર-સેનાને એકત્ર કરીને લંકા પર ચડાઈ લઈ જતા નજરે પડે છે. રામ તથા લક્ષ્મણના હાથમાં તો ધનુષ-બાણ છે, પરંતુ વાનરોના હાથમાં તો દંડ અને ખંજર જેવાં સરળ આયુધો છે. વાનરોના હાવભાવ તથા તેમના અંગ ભંગનો શિલ્પકારે ઊંડો અભ્યાસ કર્યો હશે તે આ શિલ્પથી સ્પષ્ટ થાય છે. એક વાનર તો પોતાનો પાળેલો કૂતરો પણ સાથે લઇ આવ્યો છે, જે દર્શાવે છે કે કૂતરા પાળવાનો શોખ સૈકાઓજૂનો છે! પરંતુ આ બધાંયથી ચડિયાતું શિલ્પ તો તે પછી આવે છે, જેમાં રામ-લક્ષ્મણના માર્ગદર્શન હેઠળ વાનર-સેના લંકા સુધી સેતુબંધ બાંધી રહી છે. જમણી બાજુએ મગરો તથા માછલાં-ઓથી ભરેલો મહાસાગર ઊછળે છે, જ્યારે ડાબી તરફ હનુમાનજી તથા અંગદની આગેવાની હેઠળ વાનરો શિલાઓ ઉઠાવીને સમુદ્રમાં ફેંકતા નજરે પડે છે. રામાયણના રચયિતા આદ્યકવિ વાલ્મીકિના જેટલાં જ પ્રતિભા તથા ભક્તિભાવ આ શિલ્પશાસ્ત્રીનાં ભર્યાં હશે અને તેથી જ રામાયણનો કાંડેકાંડ મધ્ય-જાવાના આ અદ્ભુત શિવાલયના પ્રલંબ-શિલ્પોમાં મૂર્તિમત બન્યો છે. જોકે આખુ રામાયણ આ શિવાલયમાં નથી કંડારાયું; બાકીના કેટલાક પ્રસંગો જોડે બ્રહ્માના મંદિરનાં શિલ્પો-મા નષ્ટ સ્થિતિમાં જોવા મળે છે.

બ્રહ્માના મંદિરનું સ્થાપત્ય પ્રંબનમના શિવાલય જેવું જ છે, પરંતુ તેથી સહેજ નાનું અને પડતર હાલતમાં છે. એનાં ખંડિયેર જોતાંજોતાં અમે ઉપરના ગર્ભ મંદિરમાં પહોંચ્યાં જ્યાં મધ્યમાં ચતુર્મુખ બ્રહ્માની દસેક ફીટ ઊંચી સુરેખ મૂર્તિ ઊભી હતી. મંદિરનું ઉપરનું શિખર તૂટી પડયું હતું, તેથી આ પ્રજાપતિ વિરંચી ટાઢ, તડકો તથા વરસાદ સહેતા ખુલ્લામાં જ ઊભા હતા! અમે આ ઉપેક્ષિત દેવને ચરણે પણ પત્ર-પુષ્પ ધર્યાં અને મૂર્તિની પ્રદક્ષિણા કરી. બહાર આવીને શિવાલયની સામે જ આવેલા બીજા એક શિખર વિનાના મંદિર પર ગયાં. આ મંદિર મહાદેવના વાહન નંદીનું હતું. પગથિયાં ચડીને અમે ઉપર ગયાં તો સામેના ચોરસ પરંતુ ખુલ્લા ગર્ભ-મંદિરમાં નંદીની એક અત્યંત સુડોળ તથા સુરેખ મૂર્તિ જોવા મળી. જીવંત કદની આ મૂર્તિ જો કાળા પથ્થરની ન હોત, તો આ નંદીશ્વર હમણાં જ જાણે પોતાનાં શૃંગ હલાવશે અને આપણને તેમણે ગળે બાંધેલી ઘંટડીનો રણકાર સંભળાશે એમ લાગે! તાંજોરના બૃહદીશ્વર મંદિરના મહાકાય નંદી કે મ્હૈસુરના ચામુંડી પહાડ પરના વિખ્યાત વૃષભ કરતાં આ ચંડી-લોરો જોંગરંગનો નંદી ભલે કદમાં નાનો હોય, પણ કલા નૈપુણ્ય કે શિલ્પ નિર્માણમાં તે જરાયે ન્યૂન કે નિકૃષ્ટ નથી. નીચે ઊતરીને અમે સામેના મુખ્ય શિવાલયની પ્રદક્ષિણા ફર્યાં. મંદિરની બહારની દીવાલના સૌથી નીચલા સ્તર ઉપર અહીંનું લાક્ષણિક પ્રતીક હારબંધ કંડારાયું છે, જેમાં એક નાનકડા ગર્ભગૃહની અંદર એક સુંદર સિંહ બેસાડેલો છે, જ્યારે આસપાસનાં બે વૃક્ષો પર નાનાં પક્ષીઓ ઊડી રહ્યાં છે ને વૃક્ષની નીચે બે માનવ-મુખી પક્ષીઓ આલેખ્યાં છે. બોરોબુદુર પર પણ આ જ રીતે કલ્પવૃક્ષો શિલ્પિત છે.

હવે અમે બાજુના વિષ્ણુના મંદિર પર ગયાં. તેની અગાસી ફરતી શિલ્પતકતીઓમાં મહાભારત ને ભાગવત-પુરાણના પ્રસંગો આલે-ખાયા છે જેને લોકો 'કૃષ્ણાયન' કહે છે. શિવાલયનાં શિલ્પોમાં વાલ્મીકિનું કવિત્વ મૂર્તિમંત બન્યું છે તેમ આ મંદિરની શિલાઓ વ્યાસદેવની વાણીનો પડઘો પાડે છે આ બંને શિલ્પોને કાંઈક મળતાં આવતાં દશ્યો ભારતમાં દેવગઢ પાસે ગુપ્ત શૈલીના મંદિર પર તેમજ ઈલૂરાના કૈલાસનાથ મંદિર પર જોવા મળે છે. આ મંદિરની ઉપલી દીવાલ પર એક ઊભેલા ચતુર્ભુજ વિષ્ણુનું શિલ્પ છે, પણ એમાં કૈં અસામાન્ય કલાવૈભવ નથી. અહીંથી બીજા એક મંદિર પર ગયાં, જ્યાં સૂર્યદેવની એક મનોહર મૂર્તિ હતી; પરંતુ આ રવિદેવતાના રથને ખેંચી જનારા અશ્વો સાત કે બાર હોવાને બદલે દસ કેમ હતા તે સમજાયું નહિ. આ સૂર્યમંદિર જોતાં પૂર્વ ભારતનું કોણાર્ક તથા પશ્ચિમ ભારતમાં ગુજરાતનું મોઢેરા તો યાદ આવે જ. પરંતુ પ્રંબનમના આ સૂર્યમંદિરમાં વિશેષ ભવ્યતા કે કલાવૈભવ નથી. આદિત્યદેવને ચરણે અમે જળ વડે અર્ઘ્ય આપ્યો અને નીચે ઊતરી આવ્યાં. રવિદેવતા પણ હવે અસ્તાચલે જઈ રહ્યા હતા તેથી અમારે પણ અતૃપ્ત હૃદયે આ દેવગણોની વિદાય લઇને અગાસી પરથી નીચે ઊતરવું પડયું. પગથિયાં ઊતરતાં 'ક્ષીણે પુણ્યે મૃત્યુલોકે વિશન્તિ' જેવો શોકજનક ભાવ મનમાં આવ્યો જ, પરંતુ સાથોસાથ આ મહાતીર્થની યાત્રાનો સંકલ્પ પરિપૂર્ણ થયાનો સંતોષ પણ આશ્વાસન દઈ રહ્યો હતો.

રાત પહેલાં તો યોગ્યકર્તા પહોંચી ગયાં. શહેરની દુકાનો હજુ બંધ થઈ નહોતી તેથી 'જૉગ્જા'ની વિખ્યાત કારીગરીનાં રૂપાનાં નાનાં પાત્રો તેમજ અર્જુનની આકૃતિ ચીતરેલા ચામડાના પંખા તથા દીપઆચ્છાદન (લૅમ્પ શેઈડ્ઝ) ખરીદ્યા. જાવી છાયા-નાટિકા વયાંગ–કુલિતમાં વપરાતી અર્જુન, ભીમ, દ્રૌપદી, કૃષ્ણ વગેરેની ચર્માકૃતિઓ તો આગલે દિવસે જ હું મેળવી શકયો હતો.

બીજે દિવસે સવારે સુરબાયા થઇને બાલી જવા માટે ભારે હૈયે જૉગ્જા છોડવું પડયું. યોગ્યકર્તાનો ચાર દિવસનો નિવાસ ચાતુર્માસ જેવો દીર્ઘકાલીન તથા આત્મીય લાગતો હતો. રેલત્રે-ના ત્રીજા વર્ગના ખાનાની બારી પાસે બેસીને બહાર દોડી જતાં ખેતરો, વૃક્ષો તથા ટેકરીઓ જોતો હું વિચાર-તંદ્રામાં પડયો. બોરોબુદુર તથા પ્રંબનમ્નાં પ્રલંબ-શિલ્પો, ભારતથી નૌકાઓમાં આવી રહેલા અધિનિવેશકો, જાતકમાળા તથા રામાયણના પ્રસંગો, શાકયમુનિની બોધિપ્રાપ્તિ માટેની ઉગ્ર તપસ્યા, ચંડી–લોરો જૉંગ રંગનાં સેંકડો શિવલિંગો, વોંગ–ઓરાંગ તથા સ્રિમ્પીની નૃત્યાંગ-નાઓ, ગમેલનનાં વિવિધ વાદ્યોને વયાંગ–કુલિતની લાંબાં નાક-વાળી ચર્માકૃતિઓ મનોપટ પર નાચતી હતી.

એવામાં કોઇકે મારા ખોળામાં પડેલો સીને-કૅમેરા ખેંચ્યો અને હું વિચાર-તંદ્રામાંથી ઝબકી ઊઠયો. જોયું તો ત્રણેક વર્ષનો એક ચંચલ જાવી બાળક કુતૂહલપૂર્વક કૅમેરાનાં પાસાં ફેરવી રહ્યો હતો. મેં તેના પ્રત્યે એક વાત્સલ્યપૂર્ણ સ્મિત કર્યું અને બાળકના ગોળ મુખારવિંદે તેનું પ્રતિબિંબ પાડયુ. એટલામાં તો સામેની પાટલી પર બેઠેલી તેની માતાએ તેને જાવી ભાષામાં કાંઈક ધમ-કાવીને પોતા પાસે ખેંચી લીધો. મેં ઊંચું જોયું તો સામે જ એક યુવાન જાવી યુગલ અમારા ખાનામાં પ્રવાસ કરી રહ્યું હતું. જાવી ભાઇનો પોષાક તો પશ્ચિમી ઢબનો હતો, પરંતુ માથા ઉપર જાવા-ની લાક્ષણિક, કાળી અણીદાર મખમલની ટોપી 'પીચી' પહેરી હતી. જાવી બહેને તો જાવાનો પૂરો લાક્ષણિક પોષાક પહેર્યો હતો: કમરથી નીચે છેક ઘૂંટણ સુધી પહોંચતું બાટીકનું 'સારોંગ' (જેને જાવી ભાષામાં 'કૈન' કહે છે). ઘેરા બદામી રંગના એ કૈન પર સફેદ તથા કાળી અણીદાર સર્પાકાર લીટીઓ ચમકી રહી હતી, જ્યારે તેમના ઉપરના અંગ પર એક લાંબી બાંયનો પરંતુ કાંઈક ચુસ્ત સફેદ કબજો પહેરેલો હતો. જાવી લોકો પણ તેને 'કેબજા' કહે છે. કમર પર કૈનની ઉપર એક આછા પીળા રંગનો ઉદર-બંધ બાંધ્યો હતો જે 'સ્તગન'




↑ ઋષિત્રરો: પ્રંબનમ નું એક જીવંત શિલ્પ

મંદિરની બહારની દીવાલના સૌથી નીચલા સ્તર ઉપર આ (નીચેનું) પ્રતીક એક પછી એક સળંગ હારમાં કંડારાયું છે. જેમાં કાલમુખથી મંડિત એક નાનકડા ગર્ભગૃહમાં સુંદર સિંહ બેસાડેલો છે, અને બે પડખે તેને બે કલ્પવૃક્ષની બાજુએ બબ્બે કિન્નર (માનવમુખી પક્ષીઓ) કંડારેલાં છે.

પ્રંબનમના મંદિરનું લાક્ષણિક પ્રતીક





← સેતુ બાંધતી વાનરસેના; (નીચે) ગરૂડ; પ્રંબનમ્ મંદિરની દીવાલો પર કંડારેલી રામયણકથાના શિલ્પખંડો ઉપરથી સ્કેચ : શ્રી શ્યાવક્ષ ચાવડા

કહેવાય છે; અને જમણા ખભા પરથી એક રેશમી દુપટ્ટો નીચે લટકી રહ્યો હતો જેને જાવી સ્ત્રીઓ 'સ્લેન્દંગ' કહે છે.

જાવી બહેને પોતાના બાળકને ધમકાવ્યો ત્યારે તેમના વાક્યમાંનો 'અર્જુન' શબ્દ મારા કાનમાં ખૂંપી ગયો. મેં તરત સામેના જાવી ભાઈ સાથે અંગ્રેજીમાં વાર્તાલાપ શરૂ કર્યો. તેઓ યોગ્યકર્તાનાં જ હતાં અને સુરબાયાને માર્ગે આવતા એક ગામે જતાં હતાં. એ ભાઈનું નામ અહમદ સુવ્રતો હતું અને યોગ્યકર્તાની કૉલેજમાં તે ભણતા હતા ત્યારે ડચ તેમજ અંગ્રેજી ભાષા શીખ્યા હતા. પોતે વાંચતા હતા તે પુસ્તક બાજુએ મુકીને તે વાતોએ વળગ્યા. મારી વિદ્યાયાત્રા તથા ભારતમાં છેલ્લા દાયકામાં થએલી પ્રગતિ વિષે થોડી વિગત આપ્યા પછી મેં તેમની સાથે જ પ્રવાસ કરી રહેલી તેમની પાંચેક વર્ષની પુત્રી તથા નાના બાળકનાં નામ પૂછ્યાં. બાળકનું નામ તો હતું 'સુતન', પરંતુ કુટુંબમાં બધાં તેને લાડથી 'અર્જુન' કહેતાં હતાં. પછી મારી ભાંગીતૂટી જાવી ભાષામાં મેં તેમની નાની પુત્રીને પૂછ્યું, 'નામ ત્વમ્ નીના?' તેણે શરમાઇને પોતાનું માથું માતાના ખોળામાં છુપાવી દીધું પરંતુ મને તેનો જવાબ સંભળાયો : 'સીતા!' મેં સાનંદાશ્ચર્યથી શ્રી સુવ્રતો સામે જોયું. તેમણે સમજાવ્યું કે ઘણાં સંસ્કારી કુટુંબોમાં બાળકોને લાડકાં નામ અપાય છે, તેમાં 'અર્જુન' અને 'સીતા' સૌથી લોકપ્રિય છે. શ્રી સુવ્રતો સાહિત્યપ્રેમી પણ હતા અને તેઓ જે પુસ્તક વાંચી રહ્યા હતા તેનું નામ હતું 'અર્જુન-વિવાહ'! તેમણે જણાવ્યું કે સમગ્ર જાવામાં આ ઉચ્ચ કોટિની નવલિકા અત્યન્ત લોકપ્રિય છે અને તેમાં દ્રૌપદીના સ્વયંવર ઉપરાંત પાંડવોનાં પરાક્રમોની બીજી ઘણી કથાઓ છે.

પછી તો અમે જાવાની પ્રાચીન કવિ-ભાષા તથા વિપુલ જાવી સાહિત્યની વાતોએ ચડયા. સુવ્રતોએ જણાવ્યું કે 'નાગર-રેર્તાગમ' નામના પ્રાચીન ગ્રંથમાં મજ્જપહિત નગર તથા તેના મહાલયો, રાજમાર્ગો તથા લોકોના રીતરિવાજોનું રસિક વર્ણન આવે છે. તે કાળે 'વયાંગ-બેબેર' નામની પ્રદર્શની લોકોમાં મનોરંજન અર્થે બતાવાતી. તેમાં સળંગ ચિત્રપટો દ્વારા નાટિકાઓની રજૂઆત થતી અને તેનો સૂત્રધાર મોટેથી તેના સંવાદો તથા કથા ગાઈ સંભળાવતો. પ્રાચીન કાળમાં ભારતમાં પણ આવી રીતે ચિત્રનાટિકાની રજૂઆત થતી હતી. 'મુદ્રારાક્ષસ' નાટકમાં યમપટ નાટિકાનું વર્ણન પણ આને જ મળતું આવે છે. વળી તે કાળે જાવામાં 'વયાંગ-ટોપેંગ' નામનું નૃત્ય પણ ભજવાતું, જેમાં ત્યાંના રાજવીઓ સુદ્ધાં મ્હોરાં પહેરીને ભાગ લેતા. અમે બંનેએ સહમત થઇને રમૂજ કરી કે પશ્ચિમમાં તો ચલ-ચિત્રો (સિનેમા) છેક વીસમી સદીમાં શોધાયાં, પરંતુ જાવા-ભારતમાં તો સેંકડો વર્ષ પૂર્વે હાથે દોરેલાં ચલ-ચિત્રો લોકોનું મનોરંજન કરતાં હતાં!

સુવ્રતોએ જણાવ્યું કે જાવી સાહિત્યમાં અર્જુન જેટલું જ 'રાદેન-પાંજી' નામનું પાત્ર પરાક્રમ તથા શૂરાતનની વાતોમાં લોકપ્રિય છે. અર્જુન તો પ્રાચીન પુરાણોનું પાત્ર છે તેથી તેને માટે તો લોકોમાં સન્માન તથા ભક્તિ ઉમેરાયાં છે, જ્યારે રાદેન-પાંજી પોતાની વીરતા તેમજ પ્રણયલીલા બંને માટે લોકપ્રિય બન્યો છે. મધ્ય યુગના રાજા કામેશ્વરનું જ તે તખલ્લુસ છે એમ પણ કેટલાક વિદ્વાનો માને છે.

અમારી વાતચીત ચાલતી હતી તેવામાં સુવ્રતોનાં પત્નીએ જૉગ્જાની બનાવટની રૂપાની એક આકર્ષક ડબ્બી સુવ્રતોના હાથમાં મૂકી. સુવ્રતોએ તે ઉઘાડી તો અંદર પાનનાં બીડાં વાળેલાં હતાં. સુવ્રતોએ ડબ્બી મને ધરી અને ખુશ થઇને મેં તેમાંથી પાન ઉપાડયું. તે મોંમાં મૂકીને ચાવવાની અધીરાઈ રોકીને મેં પાન ઉઘાડયું તો અંદર આપણે ત્યાંની જેમ જ ચૂનો તથા કાથો ચોપડયાં હતાં અને અનિવાર્ય પૂગીફલ-(સોપારી)ના નાના ટુકડા પણ હતા જ. વધારામાં જાયફળના ટુકડા પણ





રામભદ્રનું શરસંધાન : આપણા ઇલોરાનાં શિલ્પોની બલિષ્ઠતા, આવેગ અને પૌરુષભરી ચેતનાની યાદ આપતું, પ્રંબનમની દીવાલ ઉપર કંડારેલી રામાયણ-કથાના અનેક શિલ્પખંડોમાંનું એક શિલ્પ (ફોટો • લેખક)

કાતરીને ઉમેર્યાં હતા. સુવ્રતોએ સમજાવ્યું કે જાયફળને જાવામાં 'કાપુ-લોગો' કહે છે અને તે પાનમાં ઉમેરવાથી મોંમાં એક પ્રકારની સુવાસ રહે છે. અંદર તમાકુની પણ નાની ગોળી મૂકી હતી તે કાઢી નાખીને મેં પાન ચાવવા માંડયું, અને મુંબાઈમાં ભારતીય વિદ્યાભવન પાસે જામેલી વિખ્યાત દુકાનમાં મળતા સ્વાદિષ્ટ પાન યાદ આવ્યાં.

પાન ચાવતાં ચાવતાં સુવ્રતોએ જાવી બોલીમાં પાનની લોકપ્રિયતા વર્ણવી. ઇંડોનેશિયામાં પાનને 'સિરિહ' કહે છે, અને શહેરોમાં તથા વિશેષ કરીને ગામોમાં પુરુષો તેમજ સ્ત્રીઓ દહાડામાં કેટલીયે વાર પાન ચાવતાં હોય છે. જાવી લોકો દૃઢપણે માને છે કે પાન ચાવવાથી દાંત ખૂબ મજબૂત બને છે, શરદી મટે છે તેમજ યુવાવસ્થા પણ લંબાય છે! વળી પૂજા-વિધિ તેમજ લગ્નવિધિમાં પણ આ તાંબૂલ અગત્યનો પાઠ ભજવે છે. જ્યારે કોઇ યુવાન-યુવતી એકબીજાંનાં પતિપત્ની થવાનું નક્કી કરે છે ત્યારે તે યુવાનના પિતા પેલી કન્યાના પિતા પાસે પોતાના અંગત મિત્રોનું એક દૂત-મંડળ મોકલાવે છે. આ મિત્રો પોતાની સાથે પાન તથા સોપારી વગેરે લઈ જાય છે અને કન્યાનું માગું કર્યાં પછી સાથેનાં પાન કન્યાના પિતાને ધરે છે. આ લગ્ન માટે જો તેમની સંમતિ હોય છે તો તેઓ પાનનો સ્વીકાર કરે છે અને બધાં સાથે મળીને તાંબુલ-આસ્વાદન કરે છે. લગ્ન સમયે પણ કન્યાને ઘેર પ્રવેશદ્વારમાં જ વર-વધૂ એકબીજા પર પાનનાં બીડાં ફેંકે છે અને શેષ જીવનની લીલી-સૂકીમાં સાથે જ રહેવાનો કૉલ આપે છે. જાવી લોકોમાં તો આ 'સિરિહ-લતા' એક કલ્પવૃક્ષ જેટલી જ લોકપ્રિય છે. અમારી વાતો આગળ ચાલત, પરંતુ એટલામાં તો એમનું સ્ટેશન આવી પહોંચ્યું અને અમારે કમને છૂટાં પડવું પડયું. 'યથા કાષ્ઠં ચ કાષ્ઠં ચ, સમેયાતાં મહોદધૌ। સમેયાતાં વ્યપેયાતાં તદ્વદ્ ભૂત સમાગમઃ।।' બાળક 'અર્જુન' ટ્રેન ઊપડી ત્યાં સુધી પ્લૅટફૉર્મ પરથી હાથ હલાવીને 'ટા…ટા' કરતો રહ્યો.

બપોરે સાડા બારે સુરબાયા આવ્યું. મારે તો બપોરના ત્રણ વાગ્યાનું વિમાન પકડીને બાલી જવું હતું તેથી સીધો જ એક બેચક (સાયકલ-રીક્ષા) ભાડે કરીને ગરુડ ઍરવેઝની ઑફિસે પહોંચ્યો. પહોંચતાં જ સમાચાર મળ્યા કે આજનું વિમાન બગડયું હોવાથી જયકર્તાથી આવ્યું જ નથી, ને હવે યાત્રીઓને બીજે દિવસે જ બાલી લઇ જશે! લાચારીથી સુરબાયામાં અરધો દિવસ કાઢવો જ રહ્યો. અહીં જરાયે રોકાવાનો નહોતો, તેથી શ્રી પંજાબી કે તેજુમલજી પાસેથી કોઇ હિંદુ મિત્રો ઉપર પરિચય-પત્રો પણ લીધા નહોતા. પરંતુ એવો સંકોચ તો મુંબાઈ જ મૂકીને નીકળ્યો હતો, એટલે સીધી જ ટેલિફોન-ડાયરેક્ટરી ઉઘાડીને મોટા વેપારીઓનાં નામ વાંચવા લાગ્યો. તેમાં 'ટોકો-ભેરૂમલ' નામ મોટા અક્ષરે છાપેલું જોઇ તેનો નંબર લગાવ્યો. તેઓ સુરબાયાના સૌથી મોટા હિંદી વ્યાપારી નીકળ્યા અને શ્રી પંજાબીના પણ મિત્ર થતા હતા. તેના ભાગીદાર શ્રી હાશુમલ ફોન પર હતા. બપોરનો સમય હતો તેથી તેમણે પહેલો જ પ્રશ્ન કર્યો કે હું જમ્યો હતો કે નહિ. 'થોડોક નાસ્તો કરી લીધો છે' એવો મારો પાંગળો બચાવ ચાલ્યો નહિ ને બે જ મિનિટમાં મોટર લઇને ઍરલાઇન્સની ઑફિસેથી મને ઘેર તેડી ગયા.

હાશુમલજીનાં પત્ની તથા ભાઇઓ સાથે ભોજન લેતાંલેતાં ઘણી વાતો થઇ. હું યોગ્યકર્તાના ભૂતકાળમાં ચાર દિવસ ભમતો હતો તે દરમ્યાન મિસર ઉપર આંગ્લ-ફ્રેન્ચ-યહૂદી આક્રમણ થયું હતું ને વિશ્વ-યુદ્ધના ભણકારા વાગતા હતા. ભોજન પછી હાશુમલજી સુરબાયાના જાણીતા હિંદી વ્યાપારીઓને ત્યાં લઇ ગયા અને બધા સાથે મારો પરિચય કરાવ્યો. સૌથી વધારે આનંદ તો ત્યાંના હિંદી મંડળના પ્રમુખ શ્રી કુન્દનદાસને મળીને થયો. વ્યાપારમાં પ્રતિષ્ઠા જમાવ્યા ઉપરાંત તેમને કળા તથા તત્ત્વજ્ઞાનમાં ઊંડો રસ હતો. અરધા કલાકમાં તો અમે વર્ષોજૂના મિત્રો હોઇએ તેવી ગાંઠ બંધાઈ ગઈ અને રાત્રે તેમણે અત્યંત આગ્રહપૂર્વક મને તથા મારી સાથે હાશુમલજીના કુટુંબ તથા બીજા પણ છ-સાત હિંદી મિત્રોને જમવા આમંત્ર્યા. સાંજે સુરબાયાની ક્લબ પર જઈ થોડા વધુ હિંદી મિત્રોનો પરિચય સાધ્યો અને પછી કુન્દનદાસને ત્યાં કેટલી યે વાનીઓનું ભોજન લીધું. સુરબાયાનું પ્રાચીન નામ 'શૂર-અભય' હતું એમ આપણા જાણીતા વિદ્વદ્વર્ય ડૉ. રઘુવીરે મને જણાવ્યું હતું. પરંતુ સુર(દેવો)અભય પણ એટલું જ કે વધારે અનુરૂપ લાગે છે.

કુન્દનદાસજી સાથેની વાતોમાં હિંદુ તથા બૌદ્ધ ધર્મોની તુલના કરી અને બાલી વિષે વધારે માહિતી મેળવી. તેમનો વિપુલ ગ્રંથસંગ્રહ પણ તેમણે બતાવ્યો. અમે બધાં ભોજન લેતાં હતાં ત્યાં જ રેડિયો પરથી દિલ્હીની આકાશવાણીમાં પંડિત નેહરુનું યુનેસ્કો પરનું પ્રવચન તથા સુએઝ-આપત્તિ વિષેના છેલ્લા સમાચાર સાંભળ્યા. વિશ્વયુદ્ધ ફાટી નીકળે તોપણ બાલી તથા કમ્બોજ જોયા વિના હું સ્વદેશ કેમ જ પાછો ફરું? રાત્રે તો હું સુરબાયાની 'ઑરાન્જ' હૉટેલમાં જ રહ્યો, જેથી વહેલી સવારે ત્યાંથી સીધો વિમાની મથકે જઇ શકું. (ચાલુ)



પાનાંની રમત

કોયડાનો ઉકેલ

લેખક **સાધુરામ દવે**

અત્યાર સુધીમાં આપણે જેવા કોયડાઓ મૂકયા તેવા કોયડા મૂકવાનું મુખ્ય ધ્યેય એ છે કે વાચકોને પાનાંની રમતોમાં રસ જાગે એટલું જ નહિ, પરંતુ દરેક વાચક પોતાનાથી બનતો પ્રામાણિક પ્રયત્ન, આવા કોયડા ઉકેલવા કરે. આવા પ્રયત્ન કરવાથી જ, વાચકોને પોતાની રમત સુધારવાનો અવકાશ રહેશે. 'ચારે ય બાજી ઉઘાડી હોય તો કોયડા ઉકેલવામાં શી મજા?' એમ કેટલાક કહે છે. પરંતુ પાનાંની ટોચની રમત 'બ્રિજ'માં, દરેક બાજીમાં, દરેક જણ પોતાનાં અને બીજા એક રમનારનાં એમ છવ્વીસ પાન તો જોઈ જ શકે છે. બાકી રહેલાં ૨૬ પાનની વહેંચણીની કલ્પના કરીને તેણે રમવાનું હોય છે. એમાં બુદ્ધિપૂર્વકની વિચારણા કરવાની હોય છે; અને એ બાકીનાં ૨૬ પાનાંની વહેંચણીની લગભગ સચોટ કલ્પના પણ કરી શકાય છે. એવી પરિસ્થિતિની તૈયારી રૂપે જ આ કોયડાઓ રજૂ થાય છે.

કેટલાક વાચકો જણાવે છે કે આ કોયડો ઉકેલવો શકય જ નથી. કોયડાનો ચોક્કસ ઉકેલ હોય તો છે જ. માત્ર તે માટે સાચો પ્રયત્ન કરવાનો રહે છે. તરત જ દરેકને જવાબ જડી જાય એવો હોય, તો એ કોયડો શાનો? માટે નિરાશ થયા સિવાય ફરી પ્રયત્ન કરવો. એ જ રીતે ગયા વખતનો કોયડો ઉકેલવા, દરેક જણ હજી પણ પ્રયત્ન કરે, અને છેવટે ન જ ફળીભૂત થવાય તો તેનો જવાબ આ નીચે આપ્યો છે.

આ કોયડામાં પશ્ચિમે સરના કાળીના નવ્વાની ઊતર કરેલી છે. તેની ઉપર, ઉત્તરનો ગુલામ, પૂર્વની દુરી અને દક્ષિણ બાકીનાં ત્રણ કાળીના સરનાં પાનાં રમી, સામાવાળાઓના સર ખંખેરી નાખે છે! પૂર્વ-પશ્ચિમ તેમાં સર જ પુરાવે છે અને દક્ષિણનો ખેલાડી, પોતાના કાળીના K, Q અને 10 રમતાં ઉત્તરનાં ♣ A, Q અને ♦K એમ ત્રણ પાનાંની ફિશ છોડે છે. સર હવે કોઈની પાસે રહ્યા જ નથી. ઊતર તો દક્ષિણની ચાલુ જ છે. તે હવે બાદશાહ રમે છે. પશ્ચિમ તેમાં ગમે તે પાનું ભલે નાખે. ઉત્તરનો ♣J તેમાં નાખી દેવાય છે. એ જ રીતે ફરી દક્ષિણ ♣10 અને 8 રમે ત્યારે ઉત્તરનાં અનુક્રમે 9 અને 7 તેમાં ફેંકી દેવાય છે. આમ પાછી દક્ષિણની જ ઊતર ચાલુ રહે છે અને તે, સાચવી રાખેલી ફૂલ્લીની દુરી રમે છે. પશ્ચિમ ગમે તે પાનું રમે એ સરખું જ છે. ઉત્તર તેમાં 7 રમે છે અને પૂર્વને ફરજીઆત તેની ફૂલ્લીની તીરીથી હાથ લેવો જ પડે છે! દુરી અને તીરીના પાનનો તફાવત અને કિંમત હવે તમે સમજ્યા જ હશો. પૂર્વની પાસે હવે બધાં લાલનાં જ પાન હોઈ, ગમે તે લાલનું પાનું તેને રમવું જ પડે છે તેમાં પશ્ચિમનો બાદશાહ, આબાદ સપડાઈ જાય છે અને ઉત્તરનાં લાલનાં બાકીનાં બધાં પાન, હાથ કરી જાય છે. આમ ઉત્તર દક્ષિણ બાર હાથ કરી શકે છે. પૂર્વને એક જ હાથ મળ્યો અને તે પણ ♣3 નો!

અણુશક્તિના કલ્યાણકારી ઉપયોગો

ઘણી વાર વિજ્ઞાન સામાજિક સુખ-સગવડો વધારનારાં—તથા કેટલીક વાર તો સમાજની શકલ ફેરવી નાખનારાં પરિવર્તનો લાવે છે; છતાં શરૂઆતમાં તો માનવમનને આ પરિવર્તનો ભાગ્યે જ આવકારપાત્ર લાગે છે. તેનો વિરોધ થાય છે કેમકે તેનો સૌને ભય લાગે છે; અને ભય એટલા માટે લાગે છે કે એ પૂરેપૂરું સમજાતું નથી.

લશ્કરી ભેદની અભેદ દીવાલો પાછળથી ઈ.૧૯૪૫ના ઑગસ્ટમાં વગર જાહેરાતે અણુબૉંબનો પ્રથમ ધડાકો થયો ત્યારે એને માટે જગત જરાયે તૈયાર નહોતું. પ્રથમ પરિચયે જ પોતાની પ્રચંડ શક્તિથી 'અણુ'એ ભયનું એક એવું ઘેરું વાતાવરણ જમાવી દીધું કે તે પછીનાં વર્ષોમાં વિજ્ઞાને તેના જે સુખશાતા-દાયક ઉપયોગો શોધી કાઢયા છે, ને એ મહાવિનાશક શક્તિએ વિજ્ઞાનક્ષેત્રે જે અનેક નવાં રહસ્યો ખુલ્લાં કર્યાં છે તે વડે માનવજાતનું કેટકેટલું કલ્યાણ થઈ શકે છે તે જોવા-સમજવાની પણ લોકો હવે માંડ હિંમત કરતા થયા છે.

એ અણુશક્તિનો ઉપયોગ માનવજાતના હિત માટે શી રીતે થઈ શકે છે એ આમ જનતાને સરળતાથી સમજાય એ દૃષ્ટિએ 'શાંતિ માટે અણુશક્તિ' એ નામનું એક પ્રદર્શન ઈ. ૧૯૫૪ના નવેમ્બરમાં યુનોએ તૈયાર કરેલું, તેમજ ૧૯૫૫ના ઑગસ્ટમાં જિનીવા ખાતે દુનિયાભરના અણુવિજ્ઞાનીઓની પરિષદ બોલાવેલી, જેના પ્રમુખ આપણા ડૉ. હોમી ભાભા હતા. તે પછી એ પ્રદર્શન દિલ્હી તથા બીજાં શહેરોમાં પણ બતાવાએલું. તાજેતરમાં તેમાં આ જ વિષયની છેલ્લામાં છેલ્લી શોધખોળોની માહિતી ઉમેરીને તથા 'અનંત અંતરીક્ષ' નામે એક તદ્દન નવો જ વિભાગ ઉમેરીને 'શાંતિ માટે વિજ્ઞાન'ને નામે આ પ્રદર્શન નવેસરથી ૨૭મી જુલાઈથી ૧૦મી ઑગસ્ટ સુધી અમદાવાદ ખાતે યોજાયું હતું. તેમાં વિશાળ કદના, ૮૦ ચિત્રાકૃતિઓવાળા વિવિધ ફલકો પર અણુશક્તિના શાંતિમય ઉપયોગો અને અવકાશનાં સંશોધનોનો ચિતાર આપવામાં આવ્યો છે. અણુશક્તિની મદદથી વીજળી કઈ રીતે ઉત્પન્ન થાય છે, વૈદક ખેતી ને ઉદ્યોગોમાં એ પ્રચંડ શક્તિનો કેવોકેવો ઉપયોગ થાય છે તે બધું વીજળિક કરામતી રચનાઓથી ઘણી જ સરળતાથી સમજાવ્યું છે.

પ્રથમ તો 'અણુશક્તિ એટલે શું' એની સમજણ આપવાથી જ પ્રદર્શનનો આરંભ થાય છે. અણુનું વિભાજન થતાં તેમાંથી પ્રચંડ શક્તિ કઈ રીતે છૂટી પડે છે તે સમજાવવા માટે એમાં એક નાનકડા પડદા પર તેની ફિલ્મ ચાલે છે અને તેના નીચે જ રાખેલા યંત્ર વડે તેને સમજાવતી માહિતી આપણને સંભળાય છે.

પછી આવે છે એ 'અણુ' જેમાંથી ઉત્પન્ન કરાય છે તે પદાર્થો—યુરેનિયમ, થોરિયમ વગેરેનો પરિચય. જમીનના ઊંડા પેટાળમાં પડેલાં આ અજબ તત્ત્વોને 'ગાઇગર કાઉન્ટર' નામનું યંત્ર કેમ પકડી પાડે છે તે, તથા જગતમાં એ ખનિજો કયાંકયાંથી મળે છે તે તદ્દન આગવી રીતે જ સમજાવવા સાથે તે પ્રત્યેક ખનિજના પ્રત્યક્ષ નમૂનાઓ પણ છે.

આમ આટલો પ્રાથમિક પરિચય આપ્યા પછી આપણી સામે અણુપ્રત્યાઘાતક યંત્ર (અણુશક્તિ ઉત્પન્ન કરતી ભઠ્ઠી) આવે છે, ને તેના જે અનેક પ્રકારો હોય છે એ પણ સમજાવ્યું છે.

તે પછી આપણને એ અણુશક્તિથી ચાલતા વીજળી ઉત્પાદક કારખાનાનું દર્શન અપાય છે, અને તેને મુકાબલે કોલસાથી ચાલતાં કારખાનાં બતાવીને દુનિયામાં કોલસાનો જથ્થો કેટલો અલ્પ છે અને અણુશક્તિ તેની જગ્યા લેશે તો પછી એ અખૂટ શક્તિ આપણને કેવા નચિંત બનાવી મૂકશે, તે નિરૂપ્યું છે. આ બધું જોતાં જતાં સ્વાભાવિક

જ આપણને આપણું ભારતનું અણુપ્રત્યાઘાતક 'અપ્સરા' કેવું હશે તેનો વિચાર આવે; એટલે એનો પણ એક નાનો નમૂનો અહીં મૂક્યો છે.

હવે અણુપ્રત્યાઘાતકો(ભઠ્ઠીઓ)નો ઉપયોગ આપણને સમજાય છે. એના જુદાજુદા પ્રકારોમાંથી વીજળી પેદા કરી શકાય છે, રેડિયો આઇસોટોપ બનાવાય છે, શુદ્ધ સંશોધન થઈ શકે છે, વિવિધ પદાર્થોની ચકાસણી કરાય છે.

પણ આ 'રેડિયો આઇસોટોપ' એટલે શું? એ કિરણો ફેંકવાની શક્તિ ધરાવતા પદાર્થો છે. અણુભઠ્ઠીમાં નાખવાથી (શેકવાથી) લગભગ બધાં તત્ત્વો 'કિરણોત્સર્ગી' બની શકે છે. દાખલા તરીકે ચૂનો, લોખંડ, ગંધક, કોબાલ્ટ અને સામાન્યતઃ મોટા ભાગના બિનકિરણોત્સર્ગી તત્ત્વોને અણુભઠ્ઠીમાં થોડી વાર રાખવાથી તેઓ કિરણોત્સર્ગી બની કિરણો ફેંકે છે; પરંતુ બીજી બધી રીતે તેઓ પ્રથમના જેવા જ રહે છે. તેમના રાસાયણિક ગુણો બદલાતા નથી, માત્ર કેન્દ્રની રચના જ બદલાય છે.


આ રેડિયો આઇસોટોપ વિજ્ઞાનમાં સહાયરૂપ બન્યા છે. એની મદદ વડે વૈજ્ઞાનિકો વનસ્પતિ, પશુ યા માનવ જેવાં કોઇ પણ સજીવ માળખામાં કોઈ પણ તત્ત્વના ગમે તેવા આંટીઘૂંટીભર્યા પ્રવાસ પર પણ પૂરતી ચોકસાઈપૂર્વક દેખરેખ રાખીને તેનો પીછો પકડી શકે છે. જેમ રેડિયો-સંકેતો દ્વારા વહાણ યા વિમાન શોધી શકાય છે, તેમ પદાર્થોમાંથી ફેંકાતાં કિરણો ઉપરથી રેડિયો આઇસોટોપ પકડી શકાય છે. તેમાંથી થતા કિરણોત્સર્ગનો ઉપયોગ કૅન્સરવાળી પેશીઓને બાળવામાં અને ઔદ્યોગિક ક્રિયાઓમાં થાય છે.

અણુશક્તિનો એક સૌથી સફળ પ્રયોગ કૃત્રિમ ખાતર માટે થતા કિરણોત્સર્ગી પદાર્થોના ઉપયોગમાં છે. કયા છોડ માટે કયું ખાતર શ્રેષ્ઠ છે, તે કેટલું વાપરવું જોઇએ, તેને ક્યારે અને ક્યાં ઉપયોગમાં લેવું જોઇએ વગેરે પ્રશ્નો પણ તેનાથી ઊકલી ગયા છે અને ચડિયાતા તથા સમૃદ્ધ પાક પેદા કરી શકાયા છે. આમ, ખેતીવાડીની ખિલવણીમાં તો અનેક રીતે અને અનેક કામગીરી માટે અણુશક્તિનો ઉપયોગ હવે માત્ર સ્વપ્ન નથી રહ્યું, પરંતુ સિદ્ધ હકીકત છે એની અહીં પ્રતીતિ કરાવી છે.


જેની ભયંકરતાએ સંખ્યાતીત જીવ લીધા છે એ જ અણુશક્તિને શાંતિમય ઉપયોગમાં પ્રયોજી કેટલી યે જિંદગી બચાવી પણ શકાય છે. આયોડિનના રેડિયો-આઇસોટોપ મગજના ગડગૂમડની જગ્યા શોધવાનું કપરું કામ સહેલાઈથી કરે છે. ગળામાંની ગાંઠની—થાઈરોઇડ ગ્રંથિની ક્રિયાને મંદ પાડી દેવાની એક નવી જ પદ્ધતિ રેડિયો-આઇસોટોપે આપી છે. બાહ્ય ઈજાઓમાં સ્ટ્રૉન્શ્યમના રેડિયો-આઇસોટોપ એક નવી જ સારવાર આપે છે. માનવદેહનાં અન્ય રહસ્યોની ખોજ કરવા ને હૃદયરોગ, જલંદર, મધુપ્રમેહ તથા કૅન્સરના રોગો કેમ થાય છે તેનો અભ્યાસ કરવામાં આ કિરણોત્સર્ગી આઇસોટોપ મોટી સહાય કરે છે.


કૅન્સરના ભયંકર રોગના અભ્યાસ ને સારવારમાં રેડિયોગોલ્ડ, રેડિયો-આયોડિન અને રેડિયો-કોબાલ્ટના આઇસોટોપે પોતાની કાર્યસાધકતાની પ્રતીતિ તો ક્યારની કરાવી દીધી છે. તો વળી ફૉસ્ફરસ જેવા અન્ય આઇસોટોપ સામાન્ય પેશીઓમાંથી કૅન્સરને જુદું તારવી કાઢવાની પોતાની શક્તિ દ્વારા રોગ શોધી કાઢવામાં સહાયરૂપ થયા છે.

આ બધું સમજતાં જતાં અને આગળ વધતાં હવે આપણે એ પણ જોઈ શકીએ છીએ કે ઔદ્યોગિક વિકાસની તહેનાતમાં પણ અણુશક્તિ હાજર છે. કાગળ, રબર, કાપડ અને ધાતુકામના ઉપયોગોમાં રેડિયો-આઇસોટોપની સહાયથી ઉત્પાદનક્રિયા દરમિયાન માલની



ભારતની પ્રથમ અણુપ્રત્યાઘાતક ભઠ્ઠી 'અપ્સરા'. પાણીનો હોજ તેનું મુખ્ય અંગ હોઇ તેને 'સ્વિમિંગપૂલરીઍક્ટર' કહે છે. નીચે: અણુશક્તિસંચાલિત વીજળીના કારખાનાનો નમૂનો.







એક્સ્પ્લોરરની આંતરિક રચનાનો આબેહૂબ નમૂનો. આવો જ એક બીજો નમૂનો તેના બાહ્યાકારને દર્શાવતો પણ આ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવ્યો હતો.

દંતકથામાં વર્ણવાએલા માણસના ઊડવાના પ્રયત્નોથી માંડીને આજની અવકાશયાત્રા સુધીના પ્રયોગોનો ખયાલ આપતા ચિત્રસમૂહોમાંના બે એકમોનું ચિત્ર નીચે: રેડિયો-ઍક્ટિવ રજકણો સામે રક્ષણ આપતો વિનિલાઈટ પ્લાસ્ટિકનો પોશાક.



જાડાઈ માપવાનું અને તેનું નિયમન કરવાનું પણ કેમ શક્ય બને છે, તે સમજાવતો એક સુંદર નમૂનો આમાં જોવા મળે છે. આ જ રીતે ઉદ્યોગોમાં રાસાયણિક ક્રિયાઓ દ્વારા ઉત્પન્ન થતા અત્યંત ખર્ચાળ ને બહુધા ગહન પ્રશ્નો—જેવાકે ઘસારો, કાટ, સફાઈ વગેરેનો ઉકેલ પણ અણુની સહાયથી શક્ય બને છે, ને પરિણામે વધુ સારી બનાવટો થઈ શકે છે.

અણુશક્તિ તથા તેના શાંતિમય કલ્યાણકારી ઉપયોગોનો આ પરિચય મેળવ્યા બાદ હવે પ્રદર્શનના એક એવા જ આકર્ષક બીજા વિભાગમાં અવાય છે. એમાં અસીમ અંતરીક્ષ ઉપર વિજય મેળવવા માટેના માનવીના પ્રયત્નોનો ચિતાર અપાયો છે. પ્રાચીન ગ્રીક દંતકથામાં, મીણ વડે પોતાના હાથ પર પીંછાંની પાંખો ચોડીને કેદખાનામાંથી ઊડી નાસવાનો પ્રયત્ન કરનારા બે કેદીઓ ડેડેલસ અને ઇકેરસની જે કથા આવે છે, એ કથાથી તેનો પ્રારંભ થાય છે. અને ઇકેરસના એ ઉડ્ડયનથી માંડી આજના જેટ વિમાનો સુધીના વિકાસનો બહુ ટૂંકમાં છતાં સચોટ પરિચય આપી આજના યુગના એક મહાન માનવ પ્રયત્નનો આપણને પરિચય કરાવાય છે. આ પ્રયત્ન તે કૃત્રિમ ઉપગ્રહોના પ્રયોગોનો. અમેરિકાએ વાતાવરણની પાર તરતા મૂકેલા કૃત્રિમ ચંદ્ર એક્સ્પ્લોરરનો પરિચય આપતા આલેખો સાથે તેને લઈ જતા રૉકેટો તથા તેના પ્રકારોની સમજણ અહીં અપાઈ છે. પૃથ્વીથી દૂર ઊંચે ઊડવામાં માણસને નડતા અવરોધો અને તેને માટે વિજ્ઞાનીઓએ કાઢેલા તોડની માહિતી પણ અહીં છે, અને એની સાથે ખુદ એક્સ્પ્લોરરના પણ બે હૂબહૂ નમૂના અહીં મૂક્યા છે. બાહ્ય અવકાશમાંથી મળતું જ્ઞાન પણ માણસજાત માટે કેટલું કલ્યાણકારી બની શકે છે તે આપણે અહીં કલ્પી શકીએ છીએ. અને છેલ્લે એ એક્સ્પ્લોરર ઉપગ્રહ તરતો મૂકવાની ક્રિયા વિષે તથા અણુશક્તિના શાંતિમય ઉપયોગ વિષેની બે સુંદર રંગીન ફિલ્મો પણ આ પ્રદર્શનમાં બતાવવામાં આવે છે.

અમદાવાદ પછી ભારતનાં અન્ય શહેરોમાં પણ આ પ્રદર્શન રજૂ થવાનું છે. તેમાં અપાએલી માહિતી તો આપણા માટે રસિક અને અવનવી છે જ, પણ તે સાથે તેની સરળ તથા સુંદર જે રજૂઆત છે એ પણ વિશિષ્ટ છે.



આર્યનારી

જેમને દાબીને સોમ થા શૂર તું, ફોમ ઝાઝી તને આવશે રે;
નેળની ગાહ્લી તે નેળમાં નવ રહે, ભરતી ને ઓટ એ નીમ છે રે.
જાણ્યું કે એ પડચો, તે સમે ધીર ધર જેટલી તે સમે રે ધરાયે;
કામ સંકેલી લે જેટલું બની શકે માન જાતે ન ગભરાઈ જાયે.
(૧૨૫મી જયંતીના સ્મરણમાં) —કવિ નર્મદાશંકર

ઘોષા

આપણા આર્યગણોના અતિજૂના જમાનાના ધર્મગ્રંથ ચાર વેદ પૈકી સૌથી જૂનો તે ઋગ્વેદ. એ ક્યારે રચાયો તે કોઈ જાણતું નથી. ઈસુ ખ્રિસ્તની પહેલાં દશ, બાર, કે પંદર સદી અથવા તેના કરતાં યે અગાઉ ઘણાં વરસો પહેલાં તે રચાયો હશે.

અનેક જુદાજુદા દેવતાઓને ઉદ્દેશીને, જુદાજુદા ઋષિઓએ રચેલા એક હજાર ઉપરાંત મંત્ર કે સ્તવ અથવા સ્તુતિઓ એ ઋગ્વેદમાં છે. આ બધો સંગ્રહ એક જ વખતની રચના નથી. તે જમાનાના–વેદકાળના વખતના યુગપરંપરાગત ઘણા લાંબા કાળની રચના તે છે.

જે જે ઋષિઓ જ્યારે જ્યારે થયા અને તેમણે જે જે મંત્રો રચ્યા, તે તે ઋષિના વંશજોએ તે પુરુષના મંત્રને બરાબર અનુસરીને મોઢે કરી રાખ્યા. કશા પણ પાઠાંતર કે જરા પણ ઉમેરો–ઘટાડો કર્યા વગર, બિલકુલ ભૂલ વગર એ અતિપવિત્ર જ્ઞાન કંઠે કરી તેને જાળવી રાખ્યું. અને ત્યાર પછી કોઈ એક વખતે એક કે વધારે પુરુષો(ઋષિઓ)ના એ મંત્રો લઇને કેટલાક આર્યોએ એ છૂટાછવાયા મંત્રોને ભેગા કરી સંગ્રહ કર્યો. એ મંત્રસંગ્રહને તેમણે નાનામોટા દશ ખંડોમાં એકત્ર કર્યો. આ પ્રમાણે એક ગ્રંથના રૂપમાં તેની રચના થઈ.

લખાણના આકારમાં તે મંત્રો કંઈ નાના નથી. દરેક મંત્રમાં કેટલાંય સ્તવક છે. એ દરેકનું નામ છે ઋક્. એ માટે દશ મંડળ(ખંડ)ના ઋકૂના આ સંગ્રહને ઋક્‌વેદ–ઋગ્વેદ કહે છે.

જુદાજુદા દેવતાઓને સંબોધીને તેમાં પ્રાર્થનામંત્રો રચેલા છે, છતાં તે મંત્રો તે વખતના ભારતના આર્યોના સામાજિક જીવનનું, આર્ય પુરુષ અને આર્ય નારીની જીવનપ્રણાલીનું ઘણું જ સુંદર અને હૂબહૂ પ્રતિબિંબ પાડે છે.

આર્યોના સમાજમાં નારીની પ્રતિષ્ઠા, અને મર્યાદા ઘણી જ ઉત્તમ કક્ષાની હતી. સંપૂર્ણ સ્વતંત્રતા, કે કોઈ પણ જાતનાં બંધન–રુકાવટ વગરની સ્વાધીનતા તો જોકે તેને નહોતી, પરંતુ ત્યાર પછીના જમાના કરતાં તે વખતે આર્ય નારી ઘણા જ વધારે પ્રમાણમાં સ્વાધીન હતી.

લગ્ન પછી સ્ત્રી જ્યારે પોતાના પતિને ઘેર જતી, ત્યારે તે ત્યાંની સર્વપ્રકારે અધિષ્ઠાત્રી બની જતી હતી. સસરા, દિયર, કુંવારી નણંદ, નોકર, ચાકર વગેરે ઉપર તેનું આધિપત્ય જામી જતું.


મોટે ભાગે તે જોકે પતિના નિવાસમાં જ રહેતી, તોપણ તે ઘરની બહાર નીકળતી જ નહિ એમ નહોતું. પોતાના શિયળના રક્ષણનો ખયાલ રાખીને કોઈ વેળા, કોઈ કારણસર તેઓને ઘરની બહાર પણ જવાનું થતું. એટલુંજ નહિ, પણ કેટલીકવાર પોતાના પતિની સાથે યુદ્ધભૂમિ પર લડાઈમાં જતી, યુદ્ધનું સંચાલન કરતી અને લડતી પણ ખરી.

એક વખતે મુદ્‌ગલ ઋષિના આશ્રમે ધાડ પાડી કેટલાક લૂંટારાઓ તેમની ગાયોનું ધણ હાંકી ગયા. ઋષિ અને તેમનાં પત્ની ઇન્દ્રસેના બંને જણાં ધાડપાડુઓની પાછળ પડચાં. બંને જણાંએ તેમની સાથે યુદ્ધ કર્યું અને લૂંટારાઓનાં એવડાં મોટાં ધાડાંને હરાવીને બંને જણાં પોતાની ગાયો પાછી વાળી લાવ્યાં.

કોઈ વેળા વળી સ્ત્રીઓ ગામના જાહેર મેળામાં અને 'સમન' જેવા લોક-ઉત્સવોમાં પણ છૂટથી ભાગ લેતી. ત્યાં તેઓ સંપૂર્ણ છૂટથી હરતીફરતી.

તે જમાનામાં 'વિદથ' નામની જનસાધારણ(તમામ ગામલોકો)ની એક સમિતિ દરેક ગામમાં હતી. તે 'વિદથ'ની બેઠકોમાં સ્ત્રી–પુરુષો એકઠાં થતાં અને બંને સાથે મળીને નાચ, ગાન, સંગીતના જલસા વગેરે કરતાં, રમતો રમતાં, પ્રાર્થનાઓ અને મસલતો કરતાં.

આપણાં જંતુ-૭ : ઊધઈ



લાકડકામ, કપડાં ને ખાસ કરી પુસ્તકોને કોરી ખાતી, પંડિતોને પીડાકારી એવી ઊધઇ, એ વસ્તુતઃ તો સતત ઉદ્યમશીલ અને નિઃશેષ વ્યવસ્થાપદ્ધતિ ધરાવતું જંતુ છે.

ગરમ આબોહવાવાળા દેશોમાં તે થાય છે, ને મોટેભાગે જમીનના પેટાળમાં પથી ૨૦ ફૂટનાં બહુ જ મજબૂત દર બાંધે છે. લાકડા જેવો વનસ્પતિજન્ય પદાર્થ એ તેનો ખોરાક.

લાખો સભ્યોનો સમાજ ધરાવતી ઊધઈ ચાર ભાગમાં વહેંચાએલી છે, જેમાંના બે જ ભાગ પ્રજનન કરી શકે છે. તેને લાંબી પાંખો હોય છે (જોકે તે સારું ઊડી શકતી નથી). તે પૈકી 'શાહી યુગલ'નું પહેલું કામ પાંખોને મૂળમાંથી વિચ્છિન્ન કરવાનું. પછી બંને પોતાનું દર બાંધવા માંડે, અને શેષ દીર્ઘજીવન વિતાવે તેના 'દંપતી ખંડ'માં. ત્યાં રાણીનું પેટાળ વધતું વધતું વિરાટ કદનું બની જાય છે. તેનું એકમાત્ર કામ ઈંડાં મૂકવાનું–વરસેદહાડે લાખ જેટલાં!

બીજી જાતની (નાની પાંખોની) પ્રજનન-ક્ષમ ઊધઈનાં નર-માદા 'શાહી યુગલ'ની માફક આજીવન સમાગમમાં આવતાં નથી. તેનું કામ છે સમાજને નિભાવવાનું, ને જો 'શાહી રાણી' મૃત્યુ પામે તો વસાહત ચાલુ રાખવાનું.

બાકી રહી તે 'કામગાર' અને 'સૈનિક'ની જાતો. બંને પાંખહીન. તેમનાં નર-માદાના પ્રજનન-અવયવો પહેલેથી જ ખુઠ્ઠા કરી દેવામાં આવે છે. 'કામગાર'ની સંખ્યા વિશેષ હોય છે. શાહી રાણી સૌ પહેલો તેને જન્મ આપે છે. તે રાણીની, તેનાં ઈંડાંની ને ઇયળોની દેખભાળ રાખે, રાણીનું ઘર મોટું કરી આપે.

'સૈનિક'નું માથું ઘણું મોટું હોય છે, તેને મજબૂત શિંગડા જેવું હથિયાર હોય છે. વસાહતનું રક્ષણ કરવાનું, બચ્ચાંને દીવાલમાં કાણાં કરી આપવાનું, ને રાત આખી ખોરાક ખોળતા 'કામગારો'ના અંગરક્ષણનું તેમનું કામ.

તે વખતમાં છોકરીઓના બાળલગ્ન તો થતાં જ નહિ. બહુ મોટી ઉમરે લગ્ન થતાં. એ મોટી ઉમરે તેઓ જાતે જ પોતાનો વર પસંદ કરી લેતી અને માબાપ કે વાલી-વડીલોની તેમાં સંમતિ મેળવતી. એ સંમતિ મળી જાય, એટલે લગ્ન કરી લેતી. કયારેક કયારેક વળી 'સમન' જેવા લોકમેળામાં જઇને પણ છોકરીઓ પોતાનો ભાવિ પતિ પસંદ કરી લેતી.

એવી રીતે પણ પોતાનો પતિ પસંદ કરવામાં કોઈ વાર નિષ્ફળતા મળતી,ત્યારે તેઓ પિતાને ઘેર રહેતી અને ત્યાં જ પોતાનું જીવન ગુજારતી. આવી મોટી ઉમરની કુંવારી છોકરીઓને 'અમાજૂર' કહેવામાં આવતી.

છોકરીઓની કેળવણી સંબંધમાં પણ માબાપો બહુ કાળજી રાખતાં. સારાં કેળવાએલાં ઘરોની છોકરીઓ માટે તો છોકરાઓ માટેની તમામ શાળાઓ, મહાશાળાઓ, આશ્રમો, વિદ્યાપીઠો ખુલ્લાં હતાં. આ બધાં કરતાં પણ ચડી જાય અને જેનું મૂલ્ય ન થાય, એવી વાત તો એ હતી, કે ઋગ્વેદના જમાનામાં સ્ત્રીઓ પણ જાતે ઋત્વિજ બનીને યજ્ઞયાગ વગેરે ક્રિયાઓ કરાવવાનો અધિકાર ધરાવતી હતી. એટલે કે, ગમે તેવા મહાન યજ્ઞ કે ધર્મક્રિયામાં તે આચાર્ય બની એવી ક્રિયાઓ કરાવી શકતી.

ઋગ્વેદમાં જે મંત્રોના સંગ્રહ છે, તે બધા કાંઈ પુરુષ ઋષિઓના જ રચેલા નથી. આઠ સ્ત્રીઋષિઓના રચેલા મંત્રો પણ તેમાં છે. એ આઠ સ્ત્રીઓનાં નામ છે: ઘોષા, વિશ્વવારા, અપાલા, ગોધા, અગસ્ત્યભગિની, લોપામુદ્રા, શશ્વતી અને રોમશા. તેઓ બધી જાણીતા ઋષિ પરિવારની કન્યાઓ કે વધૂઓ હતી.

વિશ્વવારા અને અપાલા અત્રિઋષિની વંશજો હતી. લોપામુદ્રા અગસ્ત્યઋષિનાં પત્ની હતાં, શશ્વતી અંગિરસ ઋષિની અને રોમશા બૃહસ્પતિની કન્યાઓ હતી.

આ નારીઋષિઓના રચેલા મંત્રો કાંઈ કવિત્વની, કે ધર્મની ખૂબ ઉચ્ચ કક્ષાના ગણી શકાય એવા જોકે નથી, તોપણ એમાં તેમના નારીજીવનની આકાંક્ષા-મહેચ્છાઓ, આશા-ઇચ્છા અને સુખદુ:ખની ભાવના વગેરે કથાઓ રહેલી છે. તે ઉપરાંત તેમાં ધાર્મિક કે સાહિત્યિક મૂલ્ય ગણાય એવું પણ બહુ નથી છતાં એ મંત્રો વેદમંત્રો ગણાયા છે અને એ રીતે આદર અને માન પામ્યા છે. એટલું જ નહિ પણ એ રીતે એ ઋગ્વેદમાં સંઘરાયા છે. એ કાળે નારી સમાજનાં માનમર્યાદા કેટલાં ઉચ્ચકોટિનાં હતાં, તે બાબતમાં આનાથી, ખૂબ અજવાળું પડે છે.

આ આઠ મંત્રરચનારાંઓમાં ઘોષાના રચેલા ઋક યાને મંત્રો ઘણી મોટી સંખ્યામાં છે. ઋગ્વેદના દશમા મંડળ(ખંડ)માં, ૩૯ અને ૪૦મા સૂક્તમાં એ મંત્રો આવેલા છે.

ઘોષા પણ પ્રાચીન અને પ્રખ્યાત ઋષિકુળની પુત્રી હતી. એના પિતાનું નામ કક્ષીવત્(ઋગ્વેદ ૧૦; ૩૯-૩૦) અને પિતામહનું નામ દીર્ઘતમસ હતું. આ બે ઋષિઓના મંત્રો પણ ઋગ્વેદમાં ઘણા મોટા પ્રમાણમાં છે. એ બંને ઋષિઓ અશ્વી અથવા નાસત્ય નામે બે યમજ દેવોના ઉપાસક હતા.

આ અશ્વિદ્વય-અશ્વિનીકુમાર કોણ અને શું હતા એ કંઈ કહી શકાતું નથી પરંતુ આ બંને દેવતાઓ મનુષ્યોનાં આપદ-વિપદોમાં હમેશાં છુટ્ટે હાથે મદદ કરતા અને તેમની મદદે તાત્કાલિક આવી પહોંચતા. આ માટે તેઓ દિવસરાત ત્રણ ત્રણ વાર સ્વર્ગ અને મૃત્યુલોકમાં બધે આંટા મારતા ફરી વળતા. ચ્યવનઋષિ જ્યારે વૃદ્ધ થઈ ગયા અને ફરી પાછા યૌવન પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ, ત્યારે તેમણે આ અશ્વિદ્વય દેવોની આરાધના-તપસ્યા કરીને પુન: યૌવન પ્રાપ્ત કર્યું. આ અશ્વિદ્વય દેવોની કૃપા વડે જ સમુદ્રમાં ડૂબી રહેલા ભૂજ્યુ રાજાએ ને અગ્નિકુંડમાં પડીને બળી રહેલા અત્રિએ પોતાનો છુટકારો મેળવેલો. ખેલ રાજાની રાણી વિશપલા પોતાના પતિની સાથે યુદ્ધમાં લડવા ગઈ હતી. ત્યાં તેનો એક પગ કપાઈ ગયો. તે વખતે તેણે આ અશ્વિદ્વય દેવતાઓને આરાધી તેમની પ્રાર્થના કરી ને તેમણે તેને લોઢાનો પગ જોડી દીધો. આ અશ્વિદ્વય દેવોના ઉપર તે કાળે લોકોને દઢ શ્રદ્ધા હતી. ઘોષા પણ તેના પિતા અજ દાદાની માફક જ એ અશ્વિદ્વય દેવતાઓની જ ઉપાસક હતી.

ઘોષાના આખા શરીરે સફેદ કોઢ નીકળ્યો હતો અને તેને લીધે એને કોઇ વરતું નહોતું. આથી તે ઘણી મોટી ઉમર સુધી 'અમાજૂર' રૂપે પિતાને ઘેર જ રહી હતી. ત્યાર બાદ તે આ અશ્વિદ્વય દેવતાઓની આરાધના વડે જ, રોગમુક્ત થઈ. તેનો કોઢ જતો રહ્યો ને તેનું યૌવન પણ પાછું ખીલી ઊઠયું (ઋ. ૧૦,૩૯,૩,૪,૫) ને તેનાં લગ્ન પણ થયાં (ઋ. ૧,૧૧૭,૭). અને કાળક્રમે તેને છૈયાંછોકરાં પણ થયાં.

કોઈ કોઇ જગ્યાએ એમ પણ કહેવામાં આવે છે, કે ઘોષાના પતિનું નામ અર્જુન હતું (પણ એ મહાભારતનો પાંડવ અર્જુન નહિ).

ઘોષાના રચેલા ઋગ્વેદમંત્રોમાં એક જગ્યાએ તેણે પિતાને ઘેર ગાળેલા કુમારીજીવનનો ઉલ્લેખ છે. એટલે કે પિતાને ઘેર 'અમાજૂર' અવસ્થામાં તે શું કરતી તે જણાવ્યું છે, અને ત્યાર પછીના સુખ સૌભાગ્યલાભ પામીને તેના સુખી દાંપત્યજીવનનો ઉલ્લેખ કરી તે માટે તેણે આ અશ્વિદ્વય દેવતાઓની અંત:કરણથી પ્રાર્થના કરી છે, ને તેમના પ્રતિ આંતરિક કૃતજ્ઞતા, આભારદર્શન વગેરે પણ વ્યક્ત કર્યાં છે. તેના એક બીજા મંત્રની રચના પરથી સમજાય છે કે ઘોષાનો પતિ વિધુર હતો. ઘોષાની સાથે જ્યારે તેનાં લગ્ન થયાં, ત્યારે તે પોતાની મરી ગએલી પત્નીનું સ્મરણ થઈ આવવાથી રડવા લાગે છે. એ વખતે ઘોષાએ મંત્રમાં પોતાના પતિના શોકનું નિવારણ, અને પતિના સ્વાસ્થ્ય ને સુખની કામના કરી અને પોતાના પ્રત્યે એમને ચાહના થાય એવું કરવા આ અશ્વિદ્વય દેવતાઓને પ્રાર્થના કરી છે.

ઘોષાને ઘોષ અને સુહસ્ત્ય નામે બે પુત્રો થયા. (બૃહદ્દે ૭,૪૮) કેટલાક લોકોનું અનુમાન એવું છે કે સુહસ્ત્યના રચેલા કેટલાક મંત્રો પણ ઋગ્વેદમાં છે. કેટલાક એ મંત્રોને પણ ઘોષાના જ ગણે છે.

એટલા જૂના જમાનામાં પણ આર્યનારીઓ ભણવાગણવામાં ને કેળવણીમાં કેટલી ઉચ્ચ કક્ષાએ હતી તે ઘોષા વગેરે સ્ત્રીઋષિઓના રચેલા વેદમંત્રો ઉપરથી સાબિત થાય છે. સ્ત્રીઓની જ્ઞાન મેળવવાની ઇચ્છા પણ ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી. આખા વેદના જમાનાથી માંડીને તે ઠેઠ ઉપનિષદના જમાના સુધી આપણા દેશનો નારીસમાજ આવી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો હતો.

ઉપનિષદ કાળનાં મૈત્રેયી ગાર્ગી વગેરે મહાસમર્થ નારી પંડિતોની વિદ્વતા ઉપરથી એનું પ્રમાણ મળી રહે છે. —હિનુભાઇ જોષી

વિદ્યાર્થીઓ માટે નિબંધ-હરીફાઈ

શાળા કૉલેજોમાં ભણતાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે યોજાએલી આ નિબંધ-હરીફાઈના બે વિભાગોના વિષયો છે: (૧) શાળાવિભાગ-વિદ્યાર્થી અને ચલચિત્રો, કુદરતનો કોપ, હડતાળ, વાદળીની આત્મકથા; (૨) કૉલેજવિભાગ-એશિયાની જાગૃતિ, સમાજવાદી સમાજરચના, જીવનમાં હાસ્યનું સ્થાન, સ્પુટનિકની આત્મકથા. નિબંધ ૯૦થી ૧૨૦ લીટીમાં ફુલસ્કેપ કાગળની એક બાજુએ, શાહીથી સ્વચ્છ અક્ષરે લખી મોકલવો, તથા એક જુદા કાગળમાં પૂરું નામ-સરનામું, શાળા-કૉલેજનું નામ, અભ્યાસ અને ઉમર એટલી વિગતો ભરી બીડવી. બંને વિભાગોમાં રૂ. ૧૫નું પહેલું, રૂ. ૧૦નું બીજું અને રૂ. ૫નું ત્રીજું એ પ્રમાણેનાં ઇનામો છે. સરનામું: મંત્રીઓ, 'અંકુર', ૨૦૮ સૅમ્યુઅલ સ્ટ્રીટ, વડગાદી, મુંબાઈ ૩.

ભૂદાન-ગંગાનો જન્મ

પોચમપલ્લીમાં વિનોબાજીનો પડાવ હતો. આ ગામ કમ્યુનિસ્ટ લોકોનો અડ્ડો હતું. હત્યા, લૂંટ વગેરેથી ગામ ત્રાસી ગયું હતું. દિવસે સરકારી અમલદારોનો અને રાત્રે સામ્યવાદીઓનો ત્રાસ. વિનોબાએ ત્યાં ઘેરઘેર ફરી જનતાને કાયરતા ત્યાગી અહિંસક વીર બનવાનો સંદેશો આપ્યો. દરમિયાન ગામના સાક્ષાત દરિદ્રનારાયણ સમા હરિજન ભાઈઓએ એમને કહ્યું 'મહારાજ, થોડી જમીન મળે તો અમારાં દુ:ખ ટળે'. વિનોબાને થયું કે સરકારને અરજી કરું? પણ એમ કેટલાકને જમીન અપાવી શકાય? જનતા સરકાર કરતાં ક્યાં ઓછી ઉદાર છે? ચાલને એને જ પૂછી જોઉં!

તે દિવસે પ્રાર્થનાસભામાં એમણે કહ્યું 'ભાઈઓ તમારા જ ભાઈઓ માટે ભૂમિ આપવા તૈયાર છો? એમને ૮૦ એકરની જરૂર છે.'

એક ભાઈના દિલમાં રામ વસ્યા. એમનું નામ રામચંદ્ર રેડ્ડી. એમનાં બહેન સામ્યવાદી પ્રવૃત્તિમાં રચ્યાપચ્યાં રહે છે. એમણે જમીન આપી. જરૂર હતી એના કરતાં વધારે જમીન આપી ને ભૂમિદાન યજ્ઞની ગંગોત્રીનો ઝરો ફૂટ્યો. એ દિવસ હતો ૧૮મી એપ્રિલ ૧૯૫૧.

અનુસ્વારનો લોપ

શાળામાં ભણતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ બોલવામાં તેમજ લખવામાં અનુસ્વારનો ઉપયોગ કરતાં સંકોચ પામે છે? કે પછી ક્યાં અનુસ્વાર વાપરવું તેની એમને માહિતી જ નથી? અમને લાગે છે કે અનુસ્વારના યોગ્ય ઉપયોગ વિષે એમને કોઈએ શાળામાં શીખવ્યું હોતું જ નથી. એનું એક કારણ એ છે કે ઘણા શિક્ષકોને પણ અનુસ્વાર માટેના નિયમની ખબર હોતી નથી! ભાષાશુદ્ધિ માટે ચીવટ આજે ખૂબ ઓછી થતી જાય છે એ બહુ ખેદનો વિષય છે. આપણા ગુજરાતી સાહિત્યમાં થોકબંધ પુસ્તકો લખાય છે, સારાં, શિષ્ટ, વિદ્વત્તાભરેલાં પુસ્તકો પણ ઘણાં લખાય છે, તેમ છતાં એમાંનાં ઘણાંમાં શુદ્ધ ભાષા માટે કાળજી રાખવામાં આવતી નથી. અનુસ્વાર માટેનો નિયમ તો બહુ સહેલો છે. છતાં બેકાળજી, લપલપાટ ને ભાષાશુદ્ધિ માટે ચીવટ ન હોવાને કારણે એ અશુદ્ધિ ચાલ્યા કરે છે, ને ચલાવી પણ લેવાય છે.

નાન્યેતર જાતિનાં અગર નારી જાતિનાં (માનાર્થે અગર તે સિવાય) બહુવચનનાં નામ અગર સર્વનામ સાથે જે ક્રિયાપદોનો સંબંધ હોય તે ક્રિયાપદોના અન્ત્યાક્ષર ઉપર અનુસ્વાર અવશ્ય આવવું જોઈએ. બધાં ફળ બગડી ગયા નહિ પણ ગયાં. કાકી ગઈ કાલે ગામ ગયા નહિ પણ ગયાં. કાલે અમે બધી વિદ્યાર્થિનીઓ વરસાદમાં ભીંજાઇ ગયા નહિ પણ ગયાં. મામી આજે મળવા આવ્યા'તા નહિ પણ આવ્યાં'તાં. આટલી સહેલી બાબત માટે પણ કાળજી નથી રખાતી એ ખેદજનક છે.

અંગ્રેજી ભાષાનાં છેક ઊતરતી કક્ષાનાં પુસ્તકોમાં પણ વ્યાકરણ કે જોડણીની અશુદ્ધિ જોવામાં આવતી નથી. આપણી ભાષા માટે આપણે એટલી ચીવટ ન રાખી શકીએ? (જ્યોતિર્ધરો)

કેળાં

કાચાં કેળાં શાક રૂપે અને પાકાં કેળાં ફળ તરીકે ખાવાની ઋતુ શરૂ થઈ છે. આટલી સખત ગરમી ને પિત્ત વધારનારી ઋતુમાં પાકેલાં મધુર અને બધી જાતોમાં સર્વોપરી ગુણકારી લીલી છાલનાં દેશી કેળાં ગુણ અને ખર્ચ બંને દૃષ્ટિએ હિતાવહ છે. ત્રણધારી, લાલ, કુંકણી, પીળાં, એવી ઘણી કેળાંની જાત છે. પરંતુ એમાં કાળી ટીપકી પડીને પૂરેપૂરાં ગળી ગયાં હોય એવાં કેળાં સાકરના ગળપણને પણ ઘડીક વીસરાવે અને સંતોષ આપે એવાં સસ્તાં અને સરસ દિવાળી સુધી મળશે. કેળાંમાં સ્ટાર્ચ અને શર્કરા (કાર્બોહાઇડ્રેટ) અધિક હોય છે. સાથેસાથે ચૂનો, લોહ, ફૉસ્ફરસ આદિ ખનિજ અને વિટામિન પણ મળશે.

કેળાં ઘણો જ પોષણદાયક ખોરાક છે. ત્રણેક કેળાં ખાઈ લીધા પછી કલાક રહીને અરધો શેર દૂધ પી લેવામાં આવે તો ભર્યા ભાણે જમવાથી એક ટંકના ભોજનના પરિણામે જેટલું પોષણ મળે તેટલું મળી શકે.

કેળાં બરાબર પચી ગયા પછી તેની અસર આંતરડાં ઉપર મૃદુ-સારક થાય છે. મૃદુ-સારકનો અર્થ એ કે ઘણી કોમળ અસર ઉપજાવીને પણ મળશુદ્ધિ કરાવવી. છતાં કેળાં પુષ્ટિકર્તા અને વજન વધારનાર છે. માત્ર કફની પ્રકૃતિવાળાને તે માફક નથી આવતાં; છતાં શુષ્ક કાસવાળાને પ્રમાણસર આપવાથી કફને કોમળ બનાવીને બહાર કાઢી નાખે છે. ખસ ખૂજલી અને દાદર ઉપર પાકા કેળાને છૂંદી તેની અંદર લીંબુ નિચોવીને ઘસવામાં આવે તો તે નાબૂદ થાય છે. અગ્નિથી દાઝી ગયા ઉપર પાકું કેળું છૂંદી બાંધી દેવાથી બળતરા શાંત થઇ જાય છે. કેળાના અજીર્ણમાં આદુનો રસ જરાક મીઠું નાંખી પીવાથી અથવા એલચીનું ચૂર્ણ લેવાથી તે મટે છે.


ગુજરાતી કાચાં કેળાંનું શાક ઘણું ઓછું ખાય છે, પરંતુ તે અત્યંત સ્વાદિષ્ટ બને છે. અતિસારમાં કેળાંનું શાક પથ્ય માનવામાં આવ્યું છે. કઢીમાં કાચાં કેળાંને છોલી ઊકળવા દેવાથી કઢી સરસ બની જાય છે. આવી કેળાં નાંખેલી કઢી મંદ અગ્નિવાળાને પચે છે, અને આમદોષવાળાને માફક આવે છે. કેળાં અને દૂધ સાથે ખાવાની આયુર્વેદની દૃષ્ટિએ મનાઈ કરવામાં આવી છે.

સેરામિક ફ્યૂઝ

મકાનોના બાંધકામમાં આજની મોંઘવારીમાં જે પુષ્કળ ખર્ચ થાય છે તેમાં બચાવ કરતી, અને ઓછી આવકવાળાના વસવાટો માટે આશીર્વાદ રૂપ એવી 'સેરામિક ફ્યૂઝ'ની એક નવી શોધ હમણાં થઈ છે. આ શોધથી મકાનોના બાંધકામમાં વપરાતા લોખંડમાં લગભગ ૬૦ ટકાનો બચાવ થાય છે; ઉપરાંત, ઓછા કુશળ કારીગરો પાસે ઓછા સમયમાં ઘણું બાંધકામ કરાવી શકાતું હોઇ સમય ને ખર્ચમાં પણ બચાવ થાય છે.

એકબીજામાં પેસી શકે તેવા, એક છેડે સાંકડા, (તળિયા વિનાના થર્મોસના ખોળા જેવા) પોલા નળાકારો એ જ આ શોધ. એનું રહસ્ય જાણ્યા બાદ તો તદ્દન મામૂલી લાગતી આ શોધથી બાંધકામના ક્ષેત્રે ઘણો જ ફાયદો થયો છે. કારખાનાંઓ, ગોદામો કે સિનેમા-ઘર જેવાં મોટાં બાંધકામો, જ્યાં બહુ મોટી છત કે છાપરાની જરૂર પડે ત્યાં આ ફ્યૂઝનો ઉપયોગ બહુ જ સગવડભર્યો પુરવાર થયો છે. વજનમાં બહુ હળવાં હોઈ આ ફ્યૂઝની હેરફેરમાં પણ બહુ સગવડ રહે છે, ને ભાંગફોડ પણ બહુ ઓછી થાય છે.

આકૃતિમાં બતાવ્યા પ્રમાણે તેનો ઉપયોગ સિમેન્ટકૉંક્રીટના બે થરની વચ્ચે કરવામાં આવે છે. આથી લોખંડનો ઘણો બચાવ થાય છે, બાંધકામનું વજન ઘણું ઘટી જાય છે ને કૉંક્રીટના કામમાં મૂકાતા ટેકાઓ, જે



સહેજે દસબાર દિવસ પછી જ ખસેડાય છે તે આમાં બીજે કે ત્રીજે દિવસે જ લઈ લઈ શકાય છે. આથી કામની પ્રગતિ પણ સારી થતી રહે છે. ઉપરાંત, ફ્યૂઝ અંદરથી પોલાં હોઈ મકાનનું અંદરનું વાતાવરણ પણ સાનુકૂળ રહે છે. વળી, બાંધકામમાં તેને વળાંક પણ આપી શકાય છે અને તેની રચના નળી જેવી હોઈ તેનો બુદ્ધિપૂર્વકનો ઉપયોગ કરવાથી તે ખુદ નળીઓનું કામ પણ સારે છે.

IIIનો આંકડો

ફ્રાન્સના રાજા ચાર્લ્સ પાંચમાને દૂધમાંથી પોરા કાઢવાની ટેવ. ગમે તેવી સારી વસ્તુમાંથી એ કંઈ ને કંઈ ખોડ કાઢી બતાવતો. એક વાર એક ઘડિયાળી તેની પાસે એક ખૂબ સુંદર અને નિયમિત ઘડિયાળ લઇ આવ્યો, અને કહ્યું: 'મહારાજ, આ એટલી મહેનત ને કાળજીથી બનાવી છે કે તેમાં કાંઈ ખામી રહેવા દીધી નથી.

સ્વભાવ મુજબ રાજા બોલી ઊઠયો: 'છતાં આને આદર્શ ઘડિયાળ તો ન જ કહી શકાય; તેનો ચંદો બરાબર નથી.'

ઘડિયાળીએ ચંદામાં પણ કાંઇ જ ખામી રહેવા દીધી નહોતી, એટલે તેણે નમ્રતાથી કહ્યું: 'નામદાર, ચંદામાં મને તો કાંઈ ખામી જણાતી નથી!'

રાજા બોલ્યો: 'ચંદો આમ તો બરાબર છે. પરંતુ એમાં જે ચારનો આંકડો ચીતરેલો છે તે જોયો?' ઘડિયાળના ચંદા પર આવો IV રોમન આંકડો લખેલો હતો તે બતાવી રાજાએ કહ્યું, 'ચારનો આંકડો આવો IV લખેલો છે તે ખોટો છે; ખરી રીતે તે આવો IIII જોઇએ.'

ઘડિયાળી બોલ્યો: 'મહારાજ, રોમન ચાર આવી રીતે જ IV લખાતો આવ્યો છે ને?'

રાજા બોલ્યો: 'ના, ના, એ તો ખોટું છે. હું શું ખોટું કહું છું?'

કહે છે કે ત્યારથી ઘડિયાળના ચંદા પર ચારનો આંકડો આવી રીતે IIII લખાવા માંડયો! —શિવમ્ સુંદરમ્

અથાણું

એક સેલ્સમેને એક આશાસ્પદ ગ્રાહકને ઘેર ફોન કર્યો. સામેથી નાના બાળકનો અવાજ સાંભળી તેણે પુછયું:

'તમારાં બા કે બાપાજી ઘેર છે?' 'ના.'

'ત્યારે બીજા કોઈ સાથે હું વાત કરી શકું?'

'હા, મારી બેન છે.'

'એમ? તો એમને જ બોલાવોને.'

થોડી વાર શાંતિ. પછી, 'દિલગીર છું, પણ ઘોડિયામાંથી હું એને ઊંચકી લાવી નથી શકતો.'

∽

નટી: દારૂ પીવાના દશ્યમાં તમારે મને સાચો દારૂ જ આપવો પડશે.

દિગ્દર્શક: તો પછી ઝેર પીવાના દશ્યમાં તમારે ઝેર પણ...

∽

મા: આજ તો નિશાળમાં તોફાન નહોતું કર્યુંને, બેટા?

છોકરો: ના મા; કોઇને એક ખૂણામાં પાટલી પર ઊભો ને ઊભો જ રાખ્યો હોય, તો પછી એનાથી તોફાન કયાંથી થઇ શકે?

∽

એક લેખક મહાશય પોતાના મિત્ર સાથે ફરતાફરતા એક ઘર આગળથી પસાર થયા, જેની દીવાલ પર પ્રશસ્તિમય આરસની તકતી જડી હતી કે અમુક વિખ્યાત કવિ અહીં રહેતા હતા.

એ જોઇને લેખક મહાશયે પોતાના મિત્રને પૂછયું, 'હું મરી જઈશ ત્યારે મારા ઘર પર કેવી તકતી જડાશે.'

'ભાડે આપવાનું છે.'—મિત્રે જવાબ આપ્યો.

∽

ગાંગજીભાઈ પહેલી વાર એરોપ્લેનની મુસાફરી કરતા હતા. ઍંજિનોનો ઘરઘરાટ શરૂ થયો એટલે કોઈએ અગાઉથી ચેતવ્યા પ્રમાણે તેમણે આંખો મીચીને બે હાથે બેઠકને મજબૂત પકડી લીધી; ને ૧થી ૧૦૦ સુધી ગણ્યા બાદ આંખો ઉઘાડી બારીમાંથી નીચે જમીન પર નજર કરી. પછી અચરજથી પોતાંની પાસે બેઠેલા મુસાફરને કહ્યું, 'જોયું! જમીન પરના પેલા લોકો,—કેવડા નાના, મંકોડા જેવડા દેખાય છે!'

'એ ખરેખર મંકોડા જ છે;' પેલાએ શાંતિથી જવાબ આપ્યો: 'વિમાન હજી જમીન છોડીને ઊડયું જ નથી!'

પચ્ચીસ વર્ષ પહેલાં



ભાદરવો ૧૯૮૯
અંક ૧૧૭

સંખ્યામાં અલ્પ પણ જીવનમાં તેજસ્વી એવી સૌરાષ્ટ્રની એક વિશિષ્ટ જાતિનો શ્રી ગોકુલદાસ પરમારે પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આપેલો આ પરિચય, તાજેતરમાં ખાસ દોરાએલાં શ્રી દેવજીભાઈ વાજાનાં દસ્તાવેજી રેખાંકનો સાથે આપીએ છીએ, જે અભ્યાસદૃષ્ટિએ બહુ ઉપયોગી થઈ પડશે.

સોરઠને સીમાડે અને બરડાની ઓથમાં એક મજબૂત જાતિ વસે છે. એની વસતિ બહુ અલ્પ છે. પોરબંદર, જૂનાગઢ અને જામનગરની હદ સિવાય બીજે એનો વસવાટ નથી. પોરબંદર રાજ્યની વસતિનો લગભગ પાંચમો ભાગ આ જાતિ રોકે છે. સંખ્યામાં એ જૂજ છે છતાં એની પાછળ ઇતિહાસ છે. સિંધની દક્ષિણે જે મ્હેડ, મેર, અથવા માંડ નામના બળવાન લોકો વસતા તેમાંના આ લોકો હોવા જોઇએ એમ ડૉસન અને ઇલિયટ જેવા ઇતિહાસવેત્તાઓનું માનવું છે. એક બલવાન અને લડાયક જાતિ તરીકે તેની ગણના થઈ છે.

રબારી અને ભરવાડ જેવાં આ લોક nomads નથી, પરંતુ સ્થાયી ખેડૂત તરીકે તેની જમાવટ છે. એમના પોરબંદરના વડવાઓએ રાજ્યને પડખે ઊભા રહી ભીડને વખતે મદદ કરી હતી. બાલ રાજાને લઈ રાજમાતા કલાબાઈ નાસતાં ફરતાં હતાં ત્યારે આ લોકોએ પોરબંદરની રિયાસત પુનઃ ઊભી કરવા માથાં વધેરી આપ્યાં હતાં. પોરબંદરના રાણાએ તેની કદરમાં સોળેક જેટલાં ગામ આપેલાં. મ્હેરોની ચાર શાખા—કેશવાળા, રાજસુખા, ગોહિલ, આદિત્રા—પૈકી રાજસુખાને નવા રાણાને રાજ્યાભિષેક વેળા તિલક કરવાનો હક્ક હતો.

પુરુષો કદે ઊંચા, શરીરે ભરાવદાર, અંગે ઘાટીલા અને કસાએલા હોય છે. ચામડીનો રંગ ઘઉંલો અને કવચિત ગોરો પણ છે. સ્ત્રીઓ પણ મજબૂત અને સશક્ત હોય છે. ડુંગરાઉ જીવનને અંગે તેઓનાં શરીર ખડતલ હોય છે. તેઓ ખેતીમય જીવન જ ગાળે છે.

જીવન સ્વતંત્રપણે વિતાવેલ હોવાથી સ્ત્રી તથા પુરુષ જરાપણ વિખવાદ સહન કરી શકતાં નથી. સ્ત્રીને ઘર ન ચલાવવું હોય તો એ ચાલી નીકળે છે. પુરુષ પણ એટલો જ સ્વતંત્ર છે. સ્ત્રીઓ પુરુષોના જેટલી જ મહેનતુ છે. પતિની પડખોપડખ ઊભી રહી જીવનનાં સાચાં સ્તોત્રો તે ભણે છે. વખત આવ્યે પુરુષની પરવા કર્યા સિવાય સ્વતંત્ર જીવન પણ ગાળી શકે છે. તેઓનો પોશાક એકસરખો હોવાથી કોઈ ઘરમાં સરખી વયની વહુ-દીકરી પારખતાં મુશ્કેલી નડે. પણ જો કોઈ સ્ત્રી તેને માવતર હોય તો તે સફેદ કપડું કેડ નીચે લપેટે છે. તેને પેચણું અથવા ઘાંસિયું કહે છે. શ્વસુરગૃહે હોય છે ત્યારે રાતું પેચણું પહેરે છે. સૌરાષ્ટ્રમાં લાજનો રિવાજ બહુ છે, છતાં આ જાતિ લાજ જેવી વસ્તુ જ સમજતી નથી. જુવાન વહુ બેધડક સસરા સાથે વાતો કરે છે. છોકરો પોતાના શ્વસુરને 'મામા' તથા સાસુને 'ફુઇ' કહી બોલાવે છે.

મ્હેર જુવાનોની રમત મર્દાનગીભરી હોય છે. હોળી જેવા તહેવારને દિવસે જુદાજુદા ગામની ટુકડીઓ એકઠી થાય છે અને છૂટા પથરા યા છાણાંથી સામસામા ઘા કરે છે. હાથ ઉપર પાઘડી લપેટી લે છે, એ તેમની ઢાલ. એક નાળિયેરના પડખામાં સોપારી રાખી સોપારી ઉપર જોરથી ભીંસટ દઈ સોપારી નાળિયેરમાં ઉતારી દેવી, એક ફાળિયામાં દસપંદર નાળિયેર નાખી જોરથી તે અફાળી બધાં ફોડી નાખવાં, દસપંદર ફૂટ ઊંચે દીવાલ ઉપર પગરખું રાખી દોટ મૂકી પગેથી એ પગરખું પાડી નાખવું, અને આવી તેમની બીજી અનેક રમતો છે, જે બધી એમની તાકાત ને શૌર્યની સાક્ષી પૂરે છે.



ડાબી બાજુથી: (૧) મેરાણી (મેર સ્ત્રી) તેનાં આભૂષણોમાં કાનમાં ઉપર પાંદડી તથા નીચે વેઢલો, હાથમાં ચૂડ, અને પગમાં કાંબી-કડલાં પહેરે છે; (૨) વૃદ્ધ મેર; (૩) ખેતીના કામનું દોરડું વણવા માટે કાંતતો મેર યુવાન-તેના કાનની બૂટમાં 'છાપવાં' અને કાનની વચ્ચે 'સિસોરિયાં' (કોકરવાં) પહેરે છે. મેર કન્યા તથા તેનાં આભૂષણોનું આલેખન આ અંકના છેલ્લે પાને જુઓ. (સ્કેચ: દેવજીભાઈ વાજા–પોરબંદર)

લાયક મળે તો.. (અનુ. પૃ. ૩૪૬થી)
છોકરો છોકરી ખુએ ને છોકરીને છોકરો ન મળે એવું હમણાંનું નથી થતું? બધાં રાહ જોયા કરે, વધુ સારું-વધુ સારું કરી જતું કર્યા કરે, આગળ ભણ્યા કરે, પણ અંદરથી કલ્પનાના ઘોડા જ—

નલિની : મોટી બેન, આ ઉમરે કલ્પના તો આવે જ ને?

કાપડિયા : You mean, sweet dreams? (બધાં હસી પડે છે.)

કાન્તા : Sweet dreams તો ખરાં, પણ પછી સ્વપ્નાં ય મીઠાં રહેતાં નથી ને? લગ્નનું સુખ રૂપ, પૈસો કે ભણતર કરતાં એકબીજાંને સમજવામાં જ છે. સાધારણ મળતું જોવું, બાકી તો સ્વભાવ ગમે તો અર્ધી બાજી જીતી ગયાં એમ સમજવું. ખોટું ન લગાડો તો કહું!

કિન્નરી : મોટી બેન, તમારો શબ્દેશબ્દ સોનાનો છે.

ઉમા : સાંભળ્યા જ કરીએ એવું થાય છે!

મંદાકિની : સાંભળીને અમલ કરીએ તો કામનું, ખરુને નલિની? (સૌ મલકે છે.)

કાપડિયા: Fine shot કિની, fine shot!

કાન્તા : લો, સાંભળો. આનું નાક ટીચકું છે, આનો રંગ આવો છે, આની કમાણી થોડી છે, આ ઓછું કે વધુ બોલે છે, આને symmetry જ નથી, આની ચાલ જ... એમ શોધવા જઇએ, તો ખામીઓ તો મળે જ.

કાપડિયા : દૂધમાં પોરા; હું બરાબર કેઉચ?

કાન્તા : તારી તે ભૂલ થાય, કાપડિયા? (બધાં હસે છે.) હાં, હું કે'તી'તી કે પસંદગી કરનારની રુચિને ય અનુભવની, બુદ્ધિની ને સલાહની જરૂર તો છે જ ને? ભલે સરખેસરખાંની પણ મદદ તો જોઇએ જ. આ તમારી કિની જ! ગઈ સાલ ગિરનારથી અમે આવ્યાં ત્યારે કહે કે અતડા છે જરા! પણ આજે હવે–

મંદાકિની : મોટી બેન, તમે ય શું આમ સાવ personal વાત—

કાન્તા : બેનપણીઓ જ છે ને બધી? Personal હોય તો જ શિખાય છે, મંદા! ને ઉમાબેન, પસંદગી તો બેઉએ કરવાની હોય ને? એમાં બંનેએ દિલ મોટું રાખવું રહ્યું. કૉમ્પ્રૉમાઈઝ વિના ક્યાં ય નથી ચાલતું, તો આ તે કેવી નાજુક વાત? એ સમજ જ લગ્નમાં મોટી વાત છે. (જરા થોભીને) અરે, આપણે તો વાતે ચડી ગયાં! આ ફ્રૂટ સૅલડ ફરીથી લાવવાનું તો ભૂલી જ ગઇ હું!

મંદાકિની : (ઊભી થઇ) હું લેતી આવું છું!

કાન્તા : તું બેસ. હું જાઉં છું. કાલ સવારે પિનાકિન્‌નું તું સાચવજે!

(બધાં હસે છે. કાન્તાબેન ઊભાં થાય છે.)

કિન્નરી : બેસોને, તમે બંને. અમારે તો હવે કંઈ જોઇતું નથી! કેમ, નલિની, ખરું કહું છું ને?

નલિની : હા, હા. બહુ ખવાઈ ગયું વાતોમાં ને વાતોમાં!

કાપડિયા : મેં બી થીક હાથ લગાવિયોચ! પન્, મમ્મી કેમ નઈ આવિયાં હોસે?

(ત્યાં જ બારણાની ઘંટડી રણકી ઊઠે છે અને બારણું અમસ્તું જ વસાયું હશે, તેથી મંદાકિની ઊઠે છે ત્યાં તો, મિસ કાપડિયાનાં મા–મમ્મી ચશ્માં પહેરેલાં, પિરોજી રંગની રેશમી પારસી ઢબની સાડીમાં પ્રવેશતાં દેખાય છે. હાથમાં ગડી વાળેલું 'ટાઇમ્સ' દૈનિક છે.)

મંદાકિની : લે કાપડિયા, તારાં મમ્મી જ આવ્યાં છે!

મમ્મી : મુબારકબાડી, બેટી. ચાલ પરવીઝ, આવેચ કે?

કાન્તા : એમ જવાય કંઇ? તમારે પણ મોં ગળ્યું તો—

મમ્મી : નઇ, નઈ, એવન નીચે કારમાં બેઠાચ. દારૂવાલાને ઘરે બી હજુ જવુંચ. પછી આવસ હું.

ઉમા : તો કાપડિયા, મને ઘેર મૂકી જઇશ?

મમ્મી : અરે, બદ્ધાં જ બેસી જાવ ને! કાં જવાનું છ?

કિન્નરી : મારું ય ઘર રોડ પર જ, પેલા ખાદીભંડારથી આગળ—

નલિની : હું થોડે દૂર રહું છું.

કાપડિયા : દૂર સાનું? car છે, પછી? ચાલ તું ય, બદ્ધાં ચાલો!

મમ્મી : મંડાકિની, ટું ય આવીસ ને બેટી? મિસિસ દારૂવાલાએ ચિઠ્ઠીમાં લખિયુંચ કે લેતાં જ આવજો! Do bring her!

મંદાકિની : હું? આજે ક્યાં—

કાન્તા : જાને! રાજી થાય ને બધાં? અહીં કામ પણ શું છે?

કિન્નરી : તારા પિનાકિન્ તો હજી કાલે સવારે આવવાના છે ને?

મંદાકિની : Shut up, કિન્નરી!

કાપડિયા : સું કરવા shut up? થીક કીધું કિન્નરી!

મમ્મી: ટમે બી બઢાં જબરાં મલિયાંચ તો!

કાન્તા : કિની, જા તું તારે. કોઈ તને છોડે એવાં નથી!

મમ્મી : અમે મૂકી જઈસું ટને.

(નીચેથી હૉર્નનો અવાજ.)

મમ્મી: ચાલો, એવન બી બૌ ઇમ્પેસન્ત છો!

કાન્તા : હા, પણ મોડું શું કરવા કરવું હવે? તમે તો બધાં સાથે જ ચાલ્યાં! ચાલો હું ય નીચે સુધી મૂકવા આવું!

મમ્મી : ટમે સું કરવા ટકલીફ લેવચ?

કાપડિયા : મમ્મી, મોતી બેન મોતી બેન જ છે. કિનીનાં મોતી બેન તો હવે અમારાં બદ્ધાંનાં મોતી બેન થઈ ગિયાંચ.

કિન્નરી: અમે તો હવે અહીં રોજ આવવાનાં!

ઉમા : કિન્નરી, અત્યારથી જ મસ્કો કે?

નલિની : ને તું ઉમા, નહિ આવવાની એમ?

(બધાં હસે છે. નીચેથી ફરીથી હૉર્ન વાગે છે.)

કાન્તા : ચાલો, આપણે સહુ વાતોડિયાં બહુ! માજી ચાલો, જુઓ જાળવજો હં, બારણું પેલી બાજુએ છે.

મમ્મી: થૅંક્યૂ, મોતીબેન, થૅંક્યૂ! કિની, ચાલ.

કાન્તા : અહીં, તો બધું થઇ રે'શે, મદા. ને જો, દારૂવાલા સાહેબને પગે લાગવું ન ભૂલતી હં. આપણા બાપુના એ જૂના દોસ્ત છે. (બહાર જતાં) જમના...., આ બાર જરા બંધ કરજે ને! હું આમને સહેજ મૂકી આવું!

(બધાં જાય છે. જમના'એ... આવું મોટીબેન!' કહેતી દાખલ થાય છે. ત્યાં પડદો પડે છે.)

દેશદેશની કહેવતો

ફૂથલી તો હમેશાં સન્નારીને બારણે જ શ્વાસોચ્છ્વાસ લેતી હોય છે. (સ્પૅનિશ)
જેણે એક વાર સિંહની સવારી કરી તે કદી નીચે ઊતરી શકવાનો નહિ. (ચીની)
પ્રેમ એ આંતરિક તિરાડવાળો હીરો છે: કીમતી ખરો, પણ ખામીવાળો. (ઈરાની)
તમારા પડોશીને ભલે ચાહજો, પણ બંને વચ્ચેની વાડ કાઢી નાખતા નહિ. (જર્મન)
તમારી હૅટ પર તમારો હાથ ઝડપથી મૂકજો, પણ તમારી પૈસાની થેલી પર ધીરેથી. (ડૅનિશ)
સ્ત્રીની જીભ તો ત્રણ જ ઇંચની હોય છે, પણ તે પાંચ હાથ પૂરા આદમીને પૂરો કરી શકે છે. (જાપાની)
રણપ્રદેશમાં તો બધા માણસો જ્યાં સુધી મિત્ર પુરવાર ન થાય ત્યાં સુધી દુશ્મનો જ માનવા. (અરબી)
જો તમને કોઈ એક વાર દગો દે તો તે એનો ગુનો; પણ જો તે બીજી વાર દગો દે તો તે ગુનો તમારો. (રૂમાનિયન)

સાહિત્યસંપર્ક

કવિશ્રી નાનાલાલ જોડે કવિતાના તત્ત્વવિચારની ચર્ચા ચાલતી હતી. સ્વ. રમણભાઇને અનુસરી હું કહેતો : 'કવિતા એ તો અંતઃક્ષોભનું પરિણામ'. કવિએ ઘરમાંથી સારંગી મંગાવી કહ્યું : 'કવિતા એ અંતઃક્ષોભનું પરિણામ નહિ, પણ આત્મસારંગીનું લયોચિત, સુસંબદ્ધ સંગીત. કવિતા એ તો આત્માનો ઉલ્લાસ-વ્યાપાર, ઓડકાર. આનંદ વિના, ઉલ્લાસ વિના કવિતા નહિ. કવિતા એ તો આત્માની કળા. આત્માને વળી ક્ષોભ કેવો? એ તો આનંદસ્વરૂપ. ક્ષોભને ટાળે, આત્માને આનંદાવે, જીવનમાં ચેતનની ભરતી આણે, એ સાચી કવિતા. સાચી કવિતા તો સૌંદર્યના, ધીરજના, ભવ્યતાના, આનંદના, અદૃશ્ય શક્તિના અગમ્ય સંદેશ આપે, પ્રાણવંતી પ્રેરણા પાય, પ્રેરણામાંથી પુરુષાર્થ પ્રકટાવે—પુરુષોત્તમની કવિતા-પ્રેરણાએ પાર્થને પ્રેર્યો હતો તેમ. સાચી કવિતા તો અર્જુનવિષાદ ટાળી જીવનનાં કુરુક્ષેત્ર જિતાવે. આવી કવિતા તો કુંદન જેવી. એમાંથી એકેયને કાટ કેવા? આભ ને અગ્નિને ઊધઈ કેવી? કવિતા એ તો અમૃતફુવારા—અમૃતવાદળી'. —અનામી

નવી ગુજરાતી કવિતા

તાજેતરમાં પ્રકટ થએલા કાવ્યસંગ્રહોના ફાલે ગુજરાતી કવિતાની ઝગતી અસ્મિતાની પ્રતીતિ કરાવીછે. એ કાવ્યફાલ રૂપેગુણે વૈવિધ્યસભર છે. તેમાં જૂની પરંપરાના શબ્દાડંબરી લંબાણનો અભાવ છે; અભિનવ ભાવપ્રતીકોની ધ્વનિ-તાજગી છે; પ્રણાલિકા-પૂજન કરતાં મૌલિક પ્રયોગશીલતા તેમાં વધારે છે; ને છતાં લય તેમજ માધુર્યનો તેને શોષ પડ્યો નથી.

સાથોસાથ જીવન-દર્શનની સંકુલતા પણ નવીન કવિતામાં જ વધુ પ્રતિબિંબાય છે. ભાવનાનું મૂલ્ય, કાવ્ય માટે ભાવના તરીકે જ રહ્યું નથી. કાવ્યની તાત્ત્વિક સમજની દિશામાં નિષ્ક્રિય મીટ મંડાઈ રહી છે. ભાવના ને ભાવ, બેમાંથી કોઇનાં ઉત્તુંગ શિખરો નવી કવિતાએ સરેરાશપણે સર કર્યાં નથી. તો વળી પ્રયોગશીલતાને નામે, કાવ્યના તત્ત્વના પરિશીલનનો અભાવ પોષવાનું બહાનું પણ નવી ગુજરાતી કવિતા ક્યાંકક્યાંક કાઢે છે.

આપણે ઇચ્છીએ કે કાવ્યવિષયની તાજગી સાથે તેની તંદુરસ્તી અને સમગ્રલક્ષી વિકાસ એ નવી ગુજરાતી કવિતાનું લક્ષ્ય બને.

શ્રુતિ : અદ્યતન ગુજરાતી કવિતાલેખકોમાં અગ્રિમ સ્થાનના અધિકારી શ્રી રાજેન્દ્ર શાહના 'ધ્વનિ' અને 'આંદોલન' પછીના આ ત્રીજા કાવ્યસંગ્રહમાં વિચારની પ્રૌઢિ, વાણીની તાજગી, લયની મંજુલતા ને અર્થની ધ્વનિ-આઢ્યતા, એ શ્રી રાજેન્દ્ર શાહના સર્વ કાવ્યગુણો, યથાવત જળવાયા છે. સહજતમ-ઉદ્‌ગારમૂલક અભિવ્યક્ત ભાવની હૃન્મય વ્યાપક વ્યંજના તેમની કવિતાનું ખાસ લક્ષણ છે.

પ્રો. અનંતરાય રાવળ કહે છે તેમ 'વિકસતી આધુનિક ગુજરાતી કવિતાની પ્રયોગશીલતાની ને નવીન સંવેદનાભિવ્યક્તિની તેમાં ભાત ઊઠે છે.' પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે : 'આ સંગ્રહનાં કાવ્યો વિવિધ શૈલીનાં છે, ને હરેક, કોઈ ને કોઇ કક્ષાના વાચકને ગમશે.' ગીતિ-નાટ્ય, સાગરગીતો, ગીતો, સૉનેટો, છંદોબદ્ધ ચિંતનકાવ્યો, ઉપનિષદ-સૂત્રોનો અનુવાદ, એમ જુદાજુદા પ્રકારો કવિએ અજમાવ્યા છે. વર્તમાન જીવનના પ્રશ્નો ને વાતાવરણની સંકુલતાને પણ તેમણે અહીં એકથી વધુ વાર આલેખ્યાં છે. તેનાથી કવિનું શિષ્ટ ભાવુક હૃદય પહેલાં તો આઘાત પામે છે. પણ કાવ્ય-ધ્વનિ-શેષમાં તો કવિની નિજી વિશાળ અનુકંપાભરી સર્વાલિંગી તત્ત્વદૃષ્ટિ જ રહી જાય છે. પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; રૂ. ૩.

છંદોલય : શ્રી નિરંજન ભગતના, આ અગાઉ પ્રસિદ્ધ થએલા કાવ્યસંગ્રહો 'છંદોલય', 'કિન્નરી' અને 'અલ્પવિરામ'માના ચયન સાથે ૧૯૫૬ સુધીની પ્રકીર્ણ કૃતિઓ પણ ચૂંટાઇને આ સંગ્રહમાં લેવાઇ છે. એમાં અંતે મુંબાઈનાં સ્થળ, કાળ ને પાત્રો વિષેની કૃતિઓનો એક ગુચ્છ 'પ્રવાલદ્વીપ'ને નામે અપાયો છે.

તેમની કૃતિઓમાં આદિથી અંત સુધી છંદ અને લય પર સભાનપણે ધ્યાન અપાય છે, તેની પ્રતીતિ તો આ સંગ્રહ જોતાં થઇ જ રહે છે. સ્વચ્છ, સુઘડ અને સુંદર બહિરંગ સ્વરૂપ એમનાં કાવ્યોનું છે. શબ્દ-શૈલીની એક શિલ્પ જેવી માવજત એ તેમના કવિપ્રતિભાનું વિલક્ષણ તત્ત્વ છે. 'પ્રવાલદ્વીપ'નાં સોળ કાવ્યોમાં અંતરંગ ભાવનાં પ્રસાર-ઔત્કટ્ય નોંધપાત્ર છે.

કવિનું સંવેદનશીલ હૃદય ઊર્મિની ઓકળી જેવાં મધુર-મંજુલ કાવ્યો-ગીતો આપે છે, તો સાથેસાથે વર્તમાન પરિસ્થિતિની વિસંવાદિતા સાથે તે જ્વાળામુખીના રોષે ભભૂકી ઊઠે છે. પણ એ વિસંવાદિતાનું સમાધાન કે તે માટેનો ઉપાય કવિને પોતાને હજુ મળ્યાં જણાતાં નથી, તો વાચકને તો તે ક્યાંથી જ આપે? –કે જે ઉચ્ચ કાવ્ય પાસેથી સદા અપેક્ષિત છે. પ્રકાશક: વૉરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ; ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઈ-૨; રૂા. ૩-૫૦.

મર્મર : ગયા વર્ષનો કુમાર-ચન્દ્રક મેળવનાર કવિ શ્રી જયંત પાઠકના કાવ્યસંગ્રહની આ બીજી સંવર્ધિત આવૃત્તિ છે. સાથે શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો 'પ્રવેશક' ને શ્રી વ્રજરાય દેસાઈએ કરાવેલું 'મર્મરનું મર્મદર્શન' તથા કાવ્યોનું કવિશ્રી ઉશનસે લખેલું 'ટિપ્પણ' આપવામાં આવ્યાં છે.

સૉનેટો, ચિંતનકાવ્યો ને સંવાદ-કાવ્યો, ગીતો, ભજન-ઢબનાં, એમ જુદાંજુદાં કાવ્યસ્વરૂપો શ્રી પાઠકે અજમાવ્યાં છે. સારા કવિને પાત્ર એવી તાજગી અને સ્વસ્થ ચમત્કૃતિ તેમની કવિતા દાખવે છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'પ્રવેશક'માં યથાર્થ કહ્યું છે કે 'બાહ્ય પરિસ્થિતિ અને અંતરની સમાન્તર રેખાઓ દોરવામાં શ્રી પાઠકનું કૌશલ સરસ છે.' વર્ણનશક્તિ તેમની કલમને સહજસિદ્ધ છે. તેલની ધાર જેવી સહજ ઊતરી આવતી સુવાચ્ય સ્વચ્છ અભિવ્યક્તિ એ તેમની કવિતાનું વિશિષ્ટ લક્ષણ છે. પ્રકાશક: ધી પૉપ્યુલર બુક સ્ટૉર, સુરત; રૂા. ૨.

ગોરજ : આજના ગણનાપાત્ર ગુજરાતી કવિઓ પૈકીના એક શ્રી મકરંદ દવેની કવિતાથી પણ 'કુમાર'ના વાચકો પરિચિત છે. ગીતો, સૉનેટો, દોહાઓ, મુક્તકો એમ બહુવિધ કાવ્યપ્રકારો કવિએ અજમાવેલા તેમના આ કાવ્યસંગ્રહમાં જોવા મળે છે. પરંપરિત અને ગઝલના નાદના હરિગીત પર તો તેમને આગવી ફાવટ છે; પરંતુ સૌથી વધુ ધ્યાન ખેંચે છે શબ્દમાંડણીથી માંડીને અભિવ્યક્તિ અને ભાવવસ્તુ લગીનો કવિનો વિલક્ષણ કાવ્યકેફ. પ્રકાશક: ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ, ફરનાન્ડીઝ પુલ નીચે, રીચીરોડ, અમદાવાદ-૧; રૂ.૨-૫૦.

સરવાણી : જેનાં ગીતોનાં ગેયતા ને સંગીતત્વે ગીત-સંગીતના રસેપ્સુઓનું ધ્યાન ખેંચ્યું હતું તે શ્રી પ્રહ્લાદ પારેખનો આ ગીત-કાવ્યસંગ્રહ આઠ વરસ પછી બીજી આવૃત્તિમાં પ્રવેશ કરે છે. તેમાં મુખ્યત્વે સંગીતપ્રધાન ગીતો અને કેટલાંક છંદોબદ્ધ કાવ્યો યે આપવામાં આવ્યાં છે. શ્રી ભૃગુરાય અંજારિયાએ તેમની કવિતાની પરિચયાત્મક પ્રસ્તાવના લખી છે, અને શ્રી મૂળશંકર મો. ભટ્ટે 'સરવાણીના સંગીત'નો પરિચય કરાવ્યો છે. કવિને ઊર્મિસ્પર્શ ઉષ્માભર્યો છે, અને કાવ્યમાં ભાવનું અવતરણ સહજ-સ્વાભાવિક છે. પ્રકાશક: સંસ્કાર સાહિત્ય મંદિર, પો.ઑ. નં. ૩૪, ભાવનગર; ૧–૫૦.

પાંચજન્ય : આપણા આજના સાહિત્યમાં વીરરસનાં કાવ્યો કેટલાં? અને તેમાં યે જોમ ઊછળતી શબ્દ-શૈલીમાં વીરરસનો પ્રવાહ વહેતો કરી મૂકતાં કેટલાં? પ્રસિદ્ધ કવિ શ્રી પૂજાલાલનો આ કાવ્યસંગ્રહ આ પ્રશ્નના કંઇક ઉત્તર જેવો છે. પ્રકાશક : પ્રગતિ સાહિત્ય મંદિર, ખપાટિયા ચકલા, સૂરત; રૂા. ૧–૫૦.

શ્રદ્ધા : સ્વસ્થ જીવનદૃષ્ટિને સ્વસ્થ લલકારથી ગાતા શ્રી દેવજી રા. મોઢાનાં કાવ્યોના આ સંગ્રહનું નામ એ રીતે સૂચક છે. છંદ તથા ભાષા પરની હથોટી જેટલી જ ફાવટ ભજનઢાળનાં ગીતો પર પણ તેમને છે. આપણે ત્યાં સાગરગીતો ઓછાં લખાય છે. આ સંગ્રહમાં સાગરગીતો પણ છે, એ વિશિષ્ટ છે. ક્યાંક-ક્યાંક કાવ્યવિષયની સાધારણતા ખટકે છે.

શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષીએ લખેલો સંગ્રહની કવિતાનો પરિચાયક પ્રવેશક ને શ્રી દુષ્યંત પંડયાએ લખેલું કાવ્યોનું અર્થદ્યોતક ટિપ્પણ સંગ્રહ સાથે આપવામાં આવ્યાં છે. પ્રાપ્તિસ્થાન : બેચર મેઘજી ઍન્ડ સન્સ, પરા બજાર, રાજકોટ. રૂા. ૨–૦૦

ભૂકંપ અને **પાયલ** : અદ્યતન કવિતાની પ્રયોગશીલતાનો સૌથી વધુ ઉન્મેષ ને નાવીન્યભરી ઝલક કદાચ શ્રી તનસુખ ઓઝાનાં કાવ્યોમાં દેખાય છે. 'ભૂકંપ' એ તેમનો સર્વપ્રથમ કાવ્યસંગ્રહ છે. 'પાયલ' એ 'ભૂકંપ'નો અનુગામી ગીતસંગ્રહ છે. મુક્તકો, કાવ્યો, ગીતો આદિ નાનાવિધ તેમની કૃતિઓ અહીં ગ્રંથસ્થ થઇ છે. મુદ્રણ (ખાસ કરીને 'ભૂકંપ'નું) અરુચિકર છે અને જોડણી યે અશુદ્ધ છે.

કાવ્યનાં વિષય તથા વ્યક્તિને મૂલવવાનાં કવિનાં દૃષ્ટિ-ઉન્મેષ જુદાં જ છે. કહો કે તેમની પ્રયોગશાળા જ અનોખી છે. નવીન કવિતાની જીવંતતાનો તેમાં ધબકાર છે, પરંતુ ચોક્કસ સમજ ને ધ્યેય વિનાનો અખતરો ખતરાની બહુ નજીક છે તેમ, આ શક્તિ-ઉન્મેષશીલ નવકવિની કવિતાની માત્ર નવીનતાને ખાતર ઉપયોજાઇ જતી શબ્દશૈલીની અરુચિકરતા તરફ, ભાવની(કાવ્યવસ્તુની યે) બહુ જગ્યાએ અનુચિતતા–અકાવ્યતા તરફ, છંદ ઉપર હાથ અજમાવવાની શક્તિ છતાં ઘણી જગ્યાએ તેને બિહામણું ને અછડતું કદરૂપું સ્વરૂપ આપવા તરફ, અહીં ધ્યાન દોરીએ છીએ. શ્રી ઇશ્વરલાલ ર. દવેએ 'ભૂકંપ'નો 'આવકાર' લખ્યો છે. પ્રાપ્તિસ્થાન: પો.બૉ.નં.૩૪, ભાવનગર; રૂ.૨-૦

પમરાટ : આપણા આશાસ્પદ ગઝલકાર શ્રી 'મુકબિલ' કુરૈશીના આ ગઝલ-સંગ્રહમાં તેમની સો જેટલી કૃતિઓનો સમાવેશ થયો છે. તેમની રચનાઓ વિષે લખતાં શ્રી રાજેન્દ્ર શાહે સંગ્રહમાંના 'એક પત્ર'માં યોગ્ય જ કહ્યું છે : 'સ્વરૂપોનું મહત્ત્વ અવશ્ય છે, પણ કાવ્યતત્ત્વ એ સૌથી વધુ મહત્ત્વની વસ્તુ છે. તમારી કવિતાઓમાં ક્યાંક સંગોપિત ક્યાંક પ્રગટ આ તત્ત્વ મળ્યું છે. ગઝલની વિશેષતા–લાઘવ અને સૂચનની કળા–ક્યાંક તો ખૂબ ચોટદાર રીતે હસ્તગત કરી છે. જીવનનાં રહસ્યો ને તેનો તાગ મેળવવાની મનોવૃત્તિ અછતી રહેતી નથી. રચનાશૈલી પ્રાસાદિક છે.' અમુક સાધારણ ભાવની ને નબળી કડીઓ નિવારી શકાઈ હોત. છપાઇ અરુચિકર છે. તેમની ગઝલ પરનાં પ્રો. ઈશ્વરલાલ ર. દવે અને શ્રી મુકુંદ પારાશર્યનાં મંતવ્યો ફ્લૅપ પર આપવામાં આવ્યાં છે. પ્રકાશક : અબ્દુલ કરીમ ચાંદભાઈ કુરૈશી, કાઝી મહોલ્લા, ભાવનગર; રૂા. ૧–૨૫.

રાસતરંગિણી : જેમને હાથે ગુજરાતી સાહિત્યમાં રાસનો નવયુગ મંડાવાની આશા શ્રી મેઘાણીએ 'સત્કાર'માં વ્યક્ત કરી છે તે સ્વ. શ્રી દામોદર ખુ. બોટાદકરના આ સર્વપ્રશસ્ત રાસસંગ્રહની પ્રસ્તુત એ ૧૦મી આવૃત્તિ છે. 'માતૃગુંજન'ના વિરલ કાવ્ય વિષે તો શ્રી મેઘાણીએ સમુચિત જ કહ્યું છે કે 'એ રાસ ઉપર વધુ વિવેચન શાં?' ભાષા વિષે શ્રી મેઘાણી 'સત્કાર'માં જ કહે છે : 'એ વાણી સાક્ષરોની નહિ–ગામડિયણ માતાઓની ને બહેનોની છે. છતાં એ ભાષા ગરીબ નથી. વાણીનું ઐશ્વર્ય અગાધ લાગે છે. અતિસૂક્ષ્મ ભાવો અહીં વ્યક્ત થએલા છે. વેણેવેણે મૂર્તિઓ ખડી થાય છે.' પુસ્તકને છેડે દોઢ પાનાનો 'શબ્દકોષ' અપાયો છે. સંપાદક : શ્રી જમુભાઈ વ. દાણી; પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; રૂ. ૦-૮૦.

નૂપુર : શ્રીમતી ઍનીબહેન સરૈયાએ લખેલાં કૃષ્ણપ્રેમનાં સો જેટલાં ભાવવાહી ગીતો, પ્રકાશક : એન.એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨, રૂા. ૨–૦૦; **આરોહ** : શ્રી ગૌતમ શર્માનો કાવ્ય-મુક્તક-ગીત-ગઝલ-સંગ્રહ, શ્રી 'સ્વપ્નસ્થે'–કરાવેલા તેમની કવિતાના પરિચય સાથે, પ્રકાશક : શ્રી પી. આર. પરમાર, શીલા પ્રિન્ટરી, કેશવ ભવન, ૧લો પારસીવાડો, મુંબાઈ-૪, રૂ.૧-૫૦; **શાંતિદૂત** : પં. જવાહરલાલ નેહરુની જન્મજયંતી નિમિત્તે એ શાંતિદૂતના જીવનકાર્યને બિરદાવતાં કાવ્યો, લેખક-પ્રકાશક : શ્રીભૂપેન્દ્ર ઠા. વકીલ, કઠોર, સાયણ થઇને (જિ. સૂરત), રૂ. ૦–૨૫; **અર્ચના** : શ્રી દિનેશચંદ્ર બાબુભાઈ જરીવાળા 'સ્નેહયોગી'નાં કાવ્યો-ગીતો-મુક્તકો; પ્રકાશક : પ્રગતિ સાહિત્ય મંદિર, ખપાટિયા ચકલા, સૂરત, રૂા. ૧–૫૦.


આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં : દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૨ પોર્ટુગીઝ સાહસસફરી ન્ઝો આલ્બુકર્કે તિરૂમમપુરામાં પહેલું કારખાનું નાખ્યું, ૧૫૦૩.
તા. ૫ ભારતીય તત્ત્વજ્ઞાનના જગતપંડિત, ઉપરાષ્ટ્રપતિ સર રાધાકૃષ્ણનનો જન્મ, ૧૮૮૮.
તા. ૬ 'મે ફ્લાવર' જહાજમાં '૧૦૧ યાત્રાળુઓ'નું જૂથ અમેરિકા જવા ઊપડ્યું, ૧૬૨૦.
તા. ૧૦ સુંદર સ્થાપત્યના પ્રતીક સમી જગનામી ઇમારત તાજમહાલ બંધાઈ રહ્યો, ૧૬૪૫.
તા. ૧૨ શિકાગોની સર્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદનું તેજસ્વી ને પ્રશસ્ત ભાષણ, ૧૮૯૩.
તા. ૧૫ જર્મન રાષ્ટ્રધ્વજ પર સ્વસ્તિકની સ્થાપના અને યહૂદીઓનું નાગરિકત્વ રદ, ૧૯૩૫.
તા. ૧૮ કોમી દાવાનળ સામે ગાંધીજીના પહેલા ઐતિહાસિક અગિયાર ઉપવાસ, ૧૯૨૪.
તા. ૧૯ હિંદ ઉપર ચડાઈ લાવતો તૈમૂરલંગ અટક આગળ સિંધુ નદી ઓળંગી ગયો, ૧૩૯૮.
તા. ૨૨ વિદ્યુત્-શાસ્ત્રને ક્ષેત્રે તેજસ્વી પ્રયોગો આપી જનારા મિશેલ ફૅરાડેનો જન્મ, ૧૭૯૧.
તા. ૨૩ 'માનસ-વિશ્લેષણ'ના શોધક જગવિખ્યાત માનસશાસ્ત્રી ફ્રૉઈડનું અવસાન, ૧૯૩૯.
તા. ૨૭ ભારતની સાંસ્કૃતિક જાગૃતિના પુરોધા રાજા રામમોહન રાયનું અવસાન, ૧૮૩૩.
તા. ૨૮ મુઘલ સલ્તનતનો આખરી શાહાનશાહ બહાદુરશાહ દિલ્હીની ગાદી પર બેઠો, ૧૮૩૭.

વ્યક્તિવિશેષ : જામ રણજિતસિંહજી

'એક નાનકડા રાજ્યના કુંવર, પરંતુ મહાન રમતના રાજા' એ પ્રકારે જેમની ઓળખ પ્રસિદ્ધ અંગ્રેજ લેખક એ.જી.ગાર્ડિનરે કરાવી



છે તે 'આધુનિક ક્રિકેટના પિતા' જામ રણજિતસિંહજીનો જન્મ સૌરાષ્ટ્રના સરોદર ગામના ગરાસદાર જીવનસિંહજીને ત્યાં ઈ. ૧૮૭૨ની ૧૦મી સપ્ટેમ્બરે થએલો, ને જામસાહેબ વિભાજીએ તેમને દત્તક લીધેલા. શરૂનો અભ્યાસ રાજકોટની રાજકુમાર કૉલેજમાં કર્યો જ્યાં તેમણે ક્રિકેટની તાલીમ લીધી; પરંતુ ૧૮૮૯માં કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં દાખલ થયા ત્યાં તેમને નવેસરથી જ ક્રિકેટ શીખવું પડ્યું, પણ તે એવું કે ૧૮૯૩માં તો 'યુનિવર્સિટી બ્લુ' બનીને તેમણે અંગ્રેજી ક્રિકેટનું આખરી સીમાબિંદુ સર કરી લીધું. ૧૮૯૪માં તેઓ સરેની કાઉન્ટી ટીમમાં દાખલ થયા, જેના તેઓ પાછળથી કૅપ્ટન બનેલા. બીજે જ વર્ષે ૧૮૯૫માં, ઈંગ્લંડ-ઑસ્ટ્રેલિયા વચ્ચે મૅન્ચેસ્ટર ખાતે રમાએલી મૅચમાં અતિ બારીક પ્રસંગે તેમણે જે સેવા બજાવી ઈંગ્લંડની નાક જાળવી તે અવિસ્મરણીય બની ગઈ. ને પછી તો એક પચ્ચીસી સુધી તેમની કારકિર્દી ઝળકી રહી. ૧૮૯૭-૯૮માં સ્ટૉડર્ટની ટુકડી સાથે તે ઑસ્ટ્રેલિયા ગયા, અને ૧૮૯૯માં એક ટુકડી અમેરિકા લઈ ગયા. કુલ તેમણે ૭૨ સદીઓ અને ચૌદ વાર તો બેવડી સદીઓ નોંધાવેલી. ૪૮૧ ઈનિંગ્ઝમાં તેમણે ૨૪,૧૩ (સરેરાસ સાડા છપ્પન ટકા) રન કરેલા. ઈ. ૧૯૦૦માં (તેમની કારકિર્દીના ઉજ્જ્વલતમ વર્ષમાં) એક સીઝનમાં તેમણે ૩૦૦૦ કરતાં વધુ રન કરેલા અને તેમાં પાંચ વાર બેવડી સદીઓ લીધેલી. મિડલસેક્સ સામે હોવ ખાતે રમાએલી મૅચને છેલ્લે દિવસે ખરાબ વિકેટને પ્રસંગે તેમણે ૨૦૨ જેટલા રન કરીને ખરું ખમીર બતાવી આપેલું. આજ સુધી જગતનો સાતમો વિકેટ-રેકૉર્ડ તેમનો છે. ક્રિકેટ-જગત તો તેમને 'રણજી'-ના ટૂંકા ને લાડીલા નામથી જ ઓળખે છે.

ઈ. ૧૯૦૭ની ૧૯મી માર્ચે તેઓ નવાનગર રાજ્યની ગાદીએ આવ્યા ને બાહોશ રાજવી તરીકે પણ તેમણે ભારતવ્યાપી કીર્તિ મેળવી. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ઈંગ્લંડપક્ષે તેમણે લશ્કરી ટુકડીઓ મોકલેલી અને જાતે લશ્કરને મોરચે રહેલા. ૧૯૨૦માં લીગ ઑફ નેશન્સની સભામાં તે હિંદી રાજવીઓના પ્રતિનિધિ હતા ને નરેન્દ્રમંડળ(ઇન્ડિયન ચેમ્બર ઑવ પ્રિન્સિઝ)ના તેઓ વાઈસચાન્સેલર હતાં. ૧૯૩૩ની ૨જી એપ્રિલે તેમનું અવસાન થયું.

તેઓ સ્વભાવે સરળ, નિખાલસ ને નિરભિમાન હતા. તેમણે ક્રિકેટ અંગે પુસ્તકો પણ લખ્યાં છે: 'ધ જ્યૂબિલી બુક ઑવ ક્રિકેટ' (૧૮૯૭), 'વિથ સ્ટૉડર્ટ્સ ટીમ ઇન ઑસ્ટ્રેલિયા (૧૮૯૮), 'હાઉ ટુ પ્લે ક્રિકેટ' (૧૯૦૬).

એ.જી. ગાર્ડિનર લખે છે: 'પૌર્વાત્ય સ્વસ્થતા અને ચપળતા–ચિત્તાની પ્રગલ્ભતા ને ઓચિંતી છલંગ, બંનેનો સંયોગ તેમનાંમાં થએલો છે.' તેમને 'નવી ઢબના અંગ્રેજી ને હિંદી ક્રિકેટના પિતા'નું બિરૂદ મળેલું છે. તેમની 'લેગ ગ્લાન્સ' અને 'બૅટ્સ લાઈન ઍાલિગ' આજ પણ અતુલ ગણાય છે. પતિયાળાના મહારાજાએ તેમને નામે શરૂ કરેલી 'રણજી ટ્રૉફી' એ ક્રીડાક્ષેત્રે તેમનું અત્યુચ્ચ સ્મારક છે.

પ્રસંગવિશેષ : ફ્રેન્ચોએ પૉંડિચેરી ખરીદ્યું, ૫મી સપ્ટેમ્બર ૧૬૮૩

પૂર્વના દેશો સાથે ફ્રેંચ સાહસિકોના વ્યાપારી સંબંધોના ઉઘાડ માટેની હિંદી મહાસાગરની પહેલી સફર ઈ. ૧૬૦૩માં નોંધાઇ છે. ૧૬૪૨માં કાર્ડિનલ રિશ્લ્યૂએ તે માટે 'કૉમ્પૅની દ ઑરિયાં' સ્થાપી, પરંતુ તેના પ્રયત્નો નિષ્ફળ ગયા. ૧૬૬૪માં કૉલ્બર્ટે વધુ વિશાળ પાયા પર તેની પુનર્રચના કરીને તેને કરવેરામાંથી મુક્તિ સાથે ૫૦ વર્ષ સુધીનો ભારતીય વ્યાપારનો ઇજારો આપ્યો. તેમાં પણ બે વારના નિષ્ફળ પ્રયત્નો પછી તેના પ્રમુખ કૅરૉંએ ઈ. ૧૬૬૮માં સૂરતમાં એજન્સી સ્થાપી. પરંતુ સ્થાપનાના મથક તરીકે સૂરત અયોગ્ય લાગતાં તેણે ડચો પાસેથી સિલોનનો ત્રિકોમલી ટાપુ પડાવ્યો. ફરી કંપનીનો વિકાસ જોખમમાં જણાતાં તેના એજન્ટોમાંના એક ફ્રાંસ્વા માર્ટિને તેને પુનઃપ્રાણિત કરી અને સાઠેક માણસોનું મુઠ્ઠીભર જૂથ ઊભું કરીને ત્રિકોમલી તથા સેન્ટ થોમ ખાતેની વસાહતોને ટકાવી રાખવા ઉપરાંત તેણે પોતે પૉંડિચેરી નામના નાનકડા ગામડામાં નવો વસવાટ શરૂ કર્યો; અને અહીંની ભાવિ શક્યતાઓ વિચારીને ૧૬૮૩ની ૫મી સપ્ટેમ્બરે તેણે જિંજીના સૂબા પાસેથી પૉંડિચેરી ખરીદી લીધું. પછી તો તેને કિલ્લેબંદી કરી તેણે વિકસાવ્યું અને તેના દીર્ઘદર્શી પ્રયાસોને પરિણામે ફ્રેન્ચ વ્યાપાર વધવા માંડ્યો. વચ્ચે ડચોએ એની પાસેથી પૉંડિચેરી આંચકી લઇને ૧૬૯૩ સુધી કબજે કરી રાખ્યું, પણ ૧૬૯૭ના રિસ્વિકના શાંતિકરારથી નુકસાનીની ચૂકવણી સાથે ફ્રેન્ચોને તે પાછું મળ્યું. હવે માર્ટિન પૉંડિચેરીનો ગવર્નર નિમાયો, અને તેની સમર્થ દેખરેખ નીચે એ ફ્રેન્ચોના માટે ભારત સાથેના વેપારનું નાકું જ માત્ર નહિ પણ ભારતમાંના ફ્રેન્ચ સંસ્થાનનું મુખ્ય થાણું ને રાજધાની બની રહ્યું, તે છેક ૧૯૫૫માં ભારતમાં તેનું વિલીનીકરણ થયું ત્યાં સુધી.

'તમે પરણતા કેમ નથી?' એક નવપરિણીતે એક વૃદ્ધ વાંઢાને પૂછ્યું.

'વાત એમ છે;' જવાબ મળ્યો–'કે યુવાનીમાં મેં પ્રતિજ્ઞા કરેલી કે કોઈ આદર્શ સ્ત્રી મળે તો જ પરણવું. ઘણાં વરસ પછી એવી સ્ત્રી મળી યે ખરી; પણ તે તો પાછી આદર્શ પુરુષની શોધમાં હતી!'

ભલી ગરીબી નમ્રતા, સકે ન કોઈ માર;
સહજુ રૂઈ કપાસકી, કાટે ના તરવાર.

—સહજુંબાઈ—


હિમાલયના નિર્જન શિખર ઉપર તપશ્ચર્યા કરવા નીકળેલા એક સંન્યાસીએ ગંગાતીરે સ્નાન કરતાં જોયું કે પોતાના મૃત બાળકના શબને ગંગામાં વહેવડાવવા આવેલી એક કંગાલ માતા તેના પર ઓઢાડેલું વસ્ત્ર કાઢી લઈ શબને નવસ્ત્રું જ નદીમાં વહેવડાવી રડતી રડતી પાછી વળી. જે દેશમાં માતાને પોતાના બાળકના દેહને આખરી મજલે પહોંચાડવા માટેનું એકમાત્ર વસ્ત્ર પણ ખેંચી લેવું પડે એવી ભીષણ ગરીબી છે ત્યાં કેવળ પોતાની જ આત્મોન્નતિ માટે હિમાલયને ખૂણે બેસી રહેવામાં એ સંન્યાસીને નર્યો સ્વાર્થ લાગ્યો; ને તે પછીના ચાર દાયકામાં તો વેદટંકારકારી એ સ્વામી દયાનંદે હિંદુ ધર્મ અને સમાજની કાયાપલટ કરી નાખી.

કહેવતોના અર્થ: 'કોણીએ ગોળ ચોંટાડવો.'—કોઈ પણ માણસની કોણી ઉપર ચોંટાડેલો ગોળ તે ખાઈ શકતો નથી; તેમ અશક્ય વસ્તુની લાલચ આપીને અથવા તો સફળ ન થાય તેવાં દિવાસ્વપ્ન દેખાડીને કામ કઢાવી લેવાની લુચ્ચાઈ માટે વપરાતી આ કહેવત બહુ જાણીતી છે.



અંગ્રેજી મૂળાક્ષરના અઢારમા અક્ષર 'આર'-નાં મૂળ ઇજિપ્શ્યન ચિત્રલિપિ હાયરોગ્લિફ્-ના પરથી હાયરેટિક, ફિનિશ્યન, જૂના ગ્રીક, પ્રાથમિક લૅટિન અને આધુનિક રૂપનો વિકાસક્રમ પહેલી તકતીમાં બતાવ્યો છે. બીજી તકતીમાં તેના કૅપિટલ અને નાના રૂપના લેખનમરોડનું કાલાનુક્રમે હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો-સૅક્સન, ગૉથિક, જૂનું અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૉસિંગ, ઈટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને આધુનિક સ્વરૂપ બતાવ્યું છે.

વર્ષાઋતુ વીતી જતાં તમારી છત્રીના સળિયાના દરેક સાંધામાં કેરોસીન અને કોપરેલના મિશ્રણનાં બબ્બે ટીપાં મૂકશો તો સળિયા કટાઇને તૂટશે નહિ, તેમજ કાપડનો પણ સળિયાના કાટથી બચાવ થશે. તદુપરાંત કાપડ પર ડી.ડી.ટી. યા ગૅમેક્સિન છાંટી, ઉંદર ન કાતરે એવી જગ્યા પર છત્રીને મૂકી રાખશો તો છત્રી ઘણાં ચોમાસાં કામ આપશે.–ર.ર.દે.



મધ્ય સુમાત્રામાં જ્યાથી વિષુવવૃત્ત રેખા પસાર થાય છે ત્યાં ઊભો કરેલો સ્થળદર્શકસ્તંભ



દિવસ દરમ્યાન મળેલા સૂર્યપ્રકાશના કલાક માપવાનું યંત્ર આ ઉપર આપ્યું છે. સૂર્યનાં કિરણોને એકત્રિત કરીને પોતાની નીચે આવતી ચીજોને બાળી શકે એવી બનાવટના આગિયા કાચના એક ગોળાની નીચે, પતરાની એક વાંકી સૂપડી ઉપર, ખાસ બનાવટના કાગળની આંકાવાળી પટ્ટી રાખેલી હોય છે. સૂર્ય જેમજેમ પૂર્વમાંથી પશ્ચિમમાં પ્રકાશતો જતો જાય તેમતેમ તેનાં કિરણો પેલા ગોળા સોંસરાં નીચેના કાગળને બાળીને તેટલા ભાગના આંકા પર કાળી નિશાની મૂકતાં જાય. વાદળાં હોય તો તેટલો કાગળનો ભાગ કોરો રહે. પછી કાગળ પરના આંકા ઉપરથી કેટલા કલાક સૂર્ય તપ્યો તેની ગણતરી કરી લેવામાં આવે. (૨૫)



આ અંકમાંના 'પચ્ચીસ વર્ષ પહેલાં'ના વિભાગમાં આપેલા 'મેર' જાતિના પરિચયને અનુસંધાને મેર કન્યાનું ચિત્ર: તે નાકમાં વાળી, કાનમાં ફૂલ, ડોકમાં હાંસડી, હાથમાં બલવણાં ને પગમાં પોલરાં પહેરે છે. તેના પોશાકની રચના તથા ભાત આલેખનથી સ્પષ્ટ થાય છે. (સ્કેચ: દેવજીભાઈ વાજા–પોરબંદર)





ગયે મહિને ઉલ્લેખાએલા એશિયા માઈનરના ટ્રૉય શહેરની રમણીઓનું ચોટલાના ચાક તથા કાનનું ઘરેણું

કપડા પર પડેલા આયોડિનના ડાઘ સોડા બાઈકાર્બોનેટથી દૂર થશે. ચરબી કાઢવા માટે ગરમ કરેલું [illegible] વાપરવું.